ॐ तत्सत्परमात्मनेनमः

पत्रं पुष्पं फलंतोयं योमेभक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

સનાતન ધર્મ ભાસ્કર.

પ્રથમ કિરણ.

मूर्तिपूजा.

રચી પ્રસિદ્ધ કરનાર
કવિ જનસુખરામ નરભેરામ
ઠેકાણું—દુવાળિયા ચકલા—સુરત

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦   ઈ. સ. ૧૯૧૫

અર્પણ પત્રિકા.

શ્રીયુત બાલુભાઈ લાલભાઈ,

ઉપવનમાં ખીલેલાં મનહર પુષ્પોના સુગંધથી જેમ મધુકર, તથા પૂર્ણિમાના વિધુને નિહાળી જેમ ચકોર આકર્ષાય, તેમ પરમ ઔદાર્ય, સૌજન્ય, ગાંભીર્ય, સનાતન ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા, શ્રીકૃષ્ણ ઉપર સંપૂર્ણ ભક્તિ, દીનજન ઉપર અત્યંત પ્રીતિ, પ્રશંસનીય રીતિ, ઉત્તમ નીતિ, અન્યનું શ્રેય નિહાળવા નિત્ય તત્પરતા, ગુરુ અને શાસ્ત્રવચન ઉપર સંપૂર્ણ વિશ્વાસ, શાંત સ્વભાવ, આર્જવ, ક્ષમા વગેરે અનેક ગુણોથી આકર્ષાઈ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારી સેવકને ઉપકૃત કરશોજી.

આપનો સેવક

કવિ જનસુખરામ નરહરરામ.

૫૪૫૨

પ્રસ્તાવના.

મૂર્ત્તિ પૂજા અતિ પ્રાચીન અને યુક્તિ સિદ્ધ છે છતાં આર્ય સમાજ તરફથી વારંવાર મિથ્યા નિંદા કરી સનાતન ધર્મીઓ ઉપર મિથ્યા પ્રહાર કરવામાં આવે છે. કલિનું બલ એવું તો મોટું છે કે ઘણા લોકોની રૂચિ સત્ય ધર્મ ઉપરથી ઉઠી ગઇ છે. ધર્મનું ગૂઢ રહસ્ય જાણી આ અસાર સંસારમાંથી મુક્ત થવાને માટે હજારોમાંથી કોઇકજ પ્રયત્ન કરે છે. આ વિશ્વમાં પામર, વિષયી, જીજ્ઞાસુ, અને મુક્ત એ ચાર પ્રકારના મનુષ્યો જણાય છે. તેમાં પામર અને વિષયીને ઉપદેશ કરવો એ રાખોડીમાં હોમેલા ધૃતની પેઠે વ્યર્થ છે. મુક્તને ઉપદેશ આપવો એ પણ મૂર્ખતા છે કારણકે તેણે તો બ્રહ્મજ્ઞાન રૂપી દિનમણિથી અજ્ઞાન રૂપી મહા અંધકારનો ઉચ્છેદ કર્યો છે. માત્ર જીજ્ઞાસુજ ઉપદેશનો અધિકારી છે. જીજ્ઞાસુને આ પુસ્તક અતિ ઉપયોગી છે એમ કહેવામાં કાંઈ પણ અતિશ્યોક્તિ નથી. મરણ પછી સ્ત્રી, પુત્ર, ધન, ગૃહ, વાડી, બંગલા વગેરે કાંઈ પણ સાથે આવતું નથી. માત્ર એક ધર્મજ સાથે આવે છે. પોતાના નિત્યના મિત્ર ધર્મને જે મનુષ્ય ધક્કો લગાવી દૂર કરે છે તે શાશ્વત સુખનો કદી પણ ભોક્તા થઈ શકતો નથી. સંસારમાં જે સુખ દેખાય છે, તે સુખ નથી, પરંતુ મિથ્યા ભ્રાન્તિ છે. સંસારમાં સુખ હોય તો તે નિત્ય પ્રાપ્ત થવું જોઇએ, પરંતુ તેમ થતું નથી તો

સિદ્ધ થાય છે કે પરમાત્મા એજ સત્ય સુખ છે. શ્રુતિ પણ કહે છે કે:—
यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं

પરમાત્માને કોઈ નિરાકાર અને કોઇ સાકાર કહે છે. ઇશ્વર ચેતન રૂપે નિરાકાર છે, પરંતુ દિવ્ય શરીર રૂપે સાકાર છે, એ આ લઘુ પુસ્તકમાં વિસ્તાર પૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરમાત્માનો આકાર અતિ સૂક્ષ્મ હોવાથીંજ તે આ સ્થૂલ ચક્ષુ વડે જણાતો નથી, અને તેથી ઇશ્વરના અવતાર રામચન્દ્ર શ્રીકૃષ્ણ વગેરેની મૂર્ત્તિ વડે શ્રી પ્રભુની ભક્તિ કરવામાં આવે છે. મૂર્ત્તિ પૂજામાં ઘણુંજ ઉંચુ રહસ્ય રહેલું છે, પરંતુ તે સમજવાની પૂરતી શક્તિ ના હોવાને લીધે આર્યસમાજ સનાતન ધર્મીઓનો તિરસ્કાર કરી પોતાને કૃતકૃત્ય માને છે. આજથી થોડા વર્ષ ઉપર સ્વામી દયાનન્દ ઉત્પન્ન થયા. વેદશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરી કાંઇક વૈરાગ્ય પામી તેઓ શ્રી નદી કિનારે ફરવા લાગ્યા, પરંતુ अघटित घटना पटीयसी माया. માયાએ સ્વામી દયાનન્દને એવા તો પછાડયા કે તેઓ શ્રી ધર્મનું ઉચ્ચ સ્વરૂપ ભૂલી ગયા. મૂર્ત્તિ પૂજા, શ્રાદ્ધ, તીર્થ, અવતાર, અદ્વૈતવાદ વગેરેનો તિરસ્કાર કરી સ્ત્રીને અગિયાર પતિ કરવાની આજ્ઞા આપવા લાગ્યા. ઋષિ મુનિઓના ગ્રન્થોને પોપલીલા કહેવા લાગ્યા. સાયણ મહીધર વગેરેનો ધિક્કાર કરી નવીન ભાષ્ય રચી વિદ્વાનોમાં પોતાની હાંસી કરાવવા લાગ્યા. સનાતન ધર્મને દાબી દેવાને માટે એમણે બહુ પ્રયાસ કર્યો, પરંતુ અલ્પ સમયમાં કાલ પોતાના વિકરાળ રૂપમાં આવી એમને ગળી ગયો. એમના મરણ પછી આર્યસમાજે

મૂર્ત્તિપૂજા શ્રાદ્ધ વગેરેની નિંદા ચાલુ રાખી. દયાનન્દની જાળમાં ફસાયલા સુજ્ઞ વિદ્વાનો ખસી ગયા, અને તેઓ આર્યસમાજની પોલ ખોલી નાખવા લાગ્યા. પંડિત ભીમસેનજીએ બ્રાહ્મણસર્વસ્વ, આર્યમત નિરાકરણ પ્રશ્નાવલી વગેરેમાં આર્યસમાજનું નિર્મૂલ ખંડન કર્યું છે. વિદ્યાવારિધિ જવાલાપ્રસાદે દયાનન્દ તિમિર ભાસ્કર લખી સત્યાર્થ પ્રકાશનું ઉત્તમ રીતે ખંડન કર્યું છે આર્યસમાજના પંડિત તુલસીરામે ભાસ્કર પ્રકાશ લખી તિમિર ભાસ્કરનું ખંડન કરવાનો મિથ્યા પ્રયાસ કર્યો છે. પંડિત કાલૂરામે મૂર્ત્તિપૂજા, અવતાર, શ્રાદ્ધ વગેરે પુસ્તકો લખી આર્યસમાજનું અયુત્તમ રીતે ખંડન કર્યું છે. હિંદીમાં જેવી રીતે દયાનન્દનું ખંડન થયું છે તેવી રીતે ગુજરાતીમાં થયું નથી અને તેથી હિંદી ઢબ પ્રમાંણે ખંડન કરવા મેં નિશ્ચય કર્યો છે. સ્વામી દયાનન્દના સત્યાર્થ પ્રકાશમાં અનેક ખોટી વાતો લખી છે છતાં આર્યસમાજ એમને મહર્ષિ કહે છે, અને પ્રાચીન ઋષિ મુનિઓની પુષ્કળ નિંદા કરી પોતાની ઇચ્છા મુજબ વેદના અર્થ કરી ભોળા લોકોને ભમાવે છે. સુરતમાં આર્ય પરિષદ્ વખતે સમાજીભાઇઓએ સનાતન ધર્મીઓની નિંદા કરવામાં ન્યૂનતા રાખી નથી. વરઘોડા વખતે ગાડામાં ઉભા રહી મૂર્ત્તિપૂજા, શ્રી કૃષ્ણ વગેરે નિંદા કરી સનાતન ધર્મીઓને અત્યંત ખેદ યુક્ત કર્યા છે. લોકો ખોટે માર્ગે દોરવાઈ ના જાય તેથી સુરતની સનાતન વૈદિક ધર્મસભા તરફથી વારંવાર વિદ્વાનો પાસે વ્યાખ્યાન અપાવી અનેક લોકોના અંતઃકરણ પર ધર્મની દૃઢ છાપ પાડવામાં આવે છે. આ લઘુ પુસ્તકમાં વેદ, સ્મૃતિ, સૂત્ર, ગીતા, રામાયણ, મહાભારત વગેરેનાં પ્રમાણોથી તેમજ પ્રબલ યુક્તિથી મૂર્ત્તિપૂજાનું મંડન

કરવામાં આવ્યું છે. છતાં એ લોકો કદી માનવાના નથી, એ મારી ખાત્રી છે. વ્યાધિનું ઔષધ છે, પરંતુ દુરાગ્રહનું ઔષધ તો બ્રહ્મા પાસે પણ નથી. આર્ય સમાજ અભણ વર્ગને પોતાના તરફ ખેંચી લે છે, તેથી હું વિનંતિ કરૂં છું કે આ પુસ્તકનો ફેલાવો કરી અમારા સનાતન ધર્મીબંધુઓ મૂર્ત્તિપૂજાનું ઉંચું રહસ્ય સમજાવશે.

પંડિત ભીમસેન શર્મા, સ્વામી આલારામજી, પંડિત કાલૂરામજી વગેરેના ગ્રન્થો જો મેં જોયા ના હોતતો જે રૂપમાં આ પુસ્તકને મૂકવાને હું શક્તિમાન્ થયો છું તે રૂપમાં કદી પણ મૂકી શકત નહિ. પંડિત ભીમસેનને હું મારા ગુરૂ માનું છું. અવશ્ય એમના ગ્રન્થોએજ મારી શક્તિમાં વૃદ્ધિ કરી છે.

આ પુસ્તકમાં કોઇ કોઈ સ્થલે એકવાર કહેલી વાત ફરીને જોવામાં આવશે, પરંતુ તે દૂષણરૂપ નથી. ભૂષણરૂપ છે. ધર્મનો વિષય ગહન હોવાને લીધે વારંવાર કહેવાથી મગજમાં સારી રીતે ઠસે છે. આર્ય સમાજના અનેક ગ્રન્થોનો મેં અભ્યાસ કર્યો છે. મને જણાયું છે કે એ લોકો મિથ્યા નિંદા કરી અર્થને ફેરવી નાખવામાંજ પોતાની શ્રેષ્ઠતા માને છે. આર્ય સમાજને હું વિનંતિ કરૂં છું કે મિથ્યા નિંદા કરવી છોડી દઈ ઇશ્વરના સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રયાસ ચાલુ રાખવો. નિંદા કરવાથી મનોબલ ક્ષીણ થઇ જાય છે. જેનું મનોબલ ક્ષીણ થઈ જાય છે તેનું કદીપણ શ્રેય થતું નથી. જે સત્ય છે તે કદાપિ અસત્ય થવાનું નથી. મૂર્ત્તિપૂજાની મિથ્યા નિંદા કરી મનોબલને અલ્પ કરી નાખવું, તેના કરતાં ઇશ્વર ભક્તિ કરી માનસિક શક્તિને ખીલાવવી એ હું અત્યંત શ્રેય-

સ્કર માનું છું. મારી આપેલી યુક્તિ આર્ય સમાજ કબુલ કરશે નહિ તે હું સારી રીતે જાણું છું. મને જે સત્ય લાગ્યું તે મેં જણાવ્યું છે. જો આર્ય સમાજ તરફથી મારી યુક્તિઓનું યથાર્થ ખંડન કરવામાં આવશે તો અન્ય પુસ્તક લખી મૂર્ત્તિપૂજાનું પુનઃ મંડન કરવામાં આવશે. ભ્રાતૃભાવથી જો આર્ય સમાજ આ લઘુ પુસ્તકનું અવલોકન કરશે તો મોટા લાભની પ્રાપ્તિ થયા વિના રહેશે નહિ. પ્રુફ જોવામાં ધ્યાન રાખ્યું છે છતાં દૃષ્ટિ દોષથી કોઇ ભૂલ રહી ગઇ હોય તો તે સુધારી વાંચવા કૃપા કરવી. આ પુસ્તકમાં બીજા જે દોષો રહી ગયા હોય તેને માટે ક્ષમા આપી જે કાંઇ સારૂં લાગે તે ગ્રહણ કરી મને ઉપકૃત કરશો એવી દરેક આશાએ મારા અંતઃકરણમાં પ્રબલ વાસો કર્યો છે.

કવિ જનસુખરામ નરહરરામ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	દુદુંભિ.	દુંદુભિ.
૪	પ્રચીન.	પ્રાચીન.
૧૧	व्रण.	व्रण.
,,	अरुप	अरूप.
૧૭	दैवतान्यभिं.	दैवतान्यभि.
૧૮	આપવુ.	આપવું.
૧૯	પુષ.	પુરુષ.
,,	વ્યસ.	વ્યાસ.
,,	શંકરાચય.	શંકરાચાર્ય.
,,	ફ્રવતું.	ફ્રાવતું.
૩૧	विदु.	विदुः
૩૨	વિધાન છે કે	વિધાન છે કે અમુક
,,	પરંતુ આ અધિક.	પરંતુ આ.
૩૩	કુડળ.	કુંડળ.
૩૭	ભાઈ ?	ભાઈ !
૪૯	અપે.	આપે.
,,	પાષાણુન	પાષાણુના.
,,	સાચે.	સાચો.
,,	રહેલે.	રહેલો.
૫૦	નાય છે.	થાય છે.

પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૧	દયાનદ.	દયાનન્દ.
૫૪	ચદન.	ચંદન.
૫૭	વેદવ્યખ્યાતા.	વેદવ્યાખ્યાતા.
૬૫	ઇ શ્વ ને.	ઇશ્વરને.
૬૯	તોપણ.	તેપણ.
૮૧	त्रण.	त्रण.
,,	સચય.	સંચય.
૮૩	ગ્રથ.	ગ્રન્થ.
૮૪	તેનુ.	તેનું.
૮૫	મત્રોના.	મંત્રોના.
૮૯	ફેટો.	ફેટો
,,	ચડન.	ચંદન.
,,	પદાથથી	પદાર્થથી.
૯૧	મમયમાં,	સમયમાં
,,	પા કર્મ	પાપ કર્મ
૯૩	બનાવ્યાં.	બનાવ્યા
૯૪	ઇશ્વનો	ઇશ્વરનો.
,,	અજ્ઞાન	અજ્ઞાત
૯૫	નની.	નથી.

ॐ तत्सत्परमात्मने नमः

मूर्त्तिपूजा.

આ તેજ આર્યાવર્ત છે કે જેના પર જન્મધરી મહામુનિ વ્યાસે મહાભારત સૂત્ર, સ્મૃતિ તથા પુરાણોની રચના કરી જનમંડલ પર મહત્ ઉપકાર કર્યો છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ઉત્પન્ન થઈ આદિકવિ શ્રી વાલ્મીકિએ રામાયણની રચના કરી ધર્મની વીણા વગાડી અદ્ભુત નૈપુણ્ય પ્રદર્શિત કર્યું છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ઉત્પન્ન થઈ શ્રી વસિષ્ઠે આત્મજ્ઞાનનો ડંકો વગાડી અનેક જનને નિજ ઉપકાર તળે દાબી દીધા છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર જન્મ ધરી શ્રી યાજ્ઞવલ્કલ્યે જનકરાજાને પોતાનું સત્યસ્વરૂપ દર્શાવી વેદાંત દુંદુંભિ વગાડી કીર્તિભાસ્કરનાં તેજસ્વી કિરણો પાથરી પૂર્ણ ચાતુર્ય દર્શાવી આપ્યું છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર જન્મધરી મહામુનિ અષ્ટાવક્રે અતિ લઘુવયમાં મહાયોગી જનકરાજાની સભામાં જઈ બંદી જેવા સમર્થ વિદ્વાનને જીતી લઈ અનેક જનને આશ્ચર્યના રત્નાકરમાં ડૂબાવી દીધા છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ઉત્પન્ન થઈ પૂજ્યપાદ શ્રી શંકરાચાર્યે અદ્વૈતભાનુનો પૂર્ણ પ્રકાશ આપી અજ્ઞાનરૂપી અંધકારનો ઉચ્છેદ કર્યો છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ઉત્પન્ન થઇ શ્રીરામચંદ્રે પિતૃધર્મ યથાસ્થિત

દર્શાવી આપ્યો છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ઉત્પન્ન થઈ હરિશ્ચંદ્રે સત્યનું પાલન કર્યું છે. આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર માંધાતા, શિબિ, ગય, દિલીપ વગેરે અનેક ધર્માત્મા રાજાઓ થઇ ગયા છે. તથા આ તેજ આર્યાવર્ત છે કે જેનાપર ગાર્ગી, મૈત્રેયી, સુલભા, અનસૂયા વગેરે અનેક વિદૂષી સ્ત્રીઓએ પોતાની કીર્તિ અમર કરી છે. પ્રાચીનકાલમાં આપણા સનાતન ધર્મરૂપી ભાસ્કરનાં તેજસ્વી, ભવ્ય, તથા આલ્હાદજનક કિરણો ભૂમંડળમાં ઠામોઠામ પથરાઈ રહ્યાં હતાં; વેદના મનહર ધ્વનિથી દ્વિજોનાં ગૃહો ગાજી રહ્યાં હતાં; ગંગા, યમુના, તથા સરસ્વતીના સુંદર તટપર ઋષિ બાળકો વેદના અનેક મંત્રો બોલી આનંદમાં ડૂબાવી દેતા હતા; ધર્મ ઉન્નતિના શિખરપર ચઢી રહ્યો હતો. મૂર્ત્તિ પૂજા, શ્રાદ્ધ, તીર્થ, અવતાર વગેરેને પુષ્કળ માન અપાતું હતું; ગીતામાં કહ્યું છે કે द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एवच આ લોકમાં પ્રાણીઓના દૈવ અને આસુર એ બે જાતના સ્વભાવ હોય છે.

દૈવી સંપત્તિવાળામાં ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિય નિગ્રહ, અહિંસા, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સંતોષ, તપ, માર્દવ વગેરે અનેક ગુણો હોય છે. આસુરી સંપત્તિવાળામાં દંભ, દર્પ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અસૂયા, નિંદા, અજ્ઞાન, અસત્ય, અક્ષમા, સ્તેય, અધૈર્ય, અશાંતિ વગેરે અનેક દુર્ગુણો હોય છે.

જ્યારે જ્યારે આસુરી સંપત્તિવાળાનું બળ વૃદ્ધિ પામે છે, ત્યારે ત્યારે તેઓ સનાતન ધર્મને દાબી દેવાને મહાન્ પ્રયત્ન કરે છે. ઘણા વર્ષપર ચાર્વાક નામનો એક નાસ્તિક પુરુષ ઉત્પન્ન થયો

હતો. સનાતન ધર્મનું ગૌરવ તેનાથી ખમી શકાયું નહિ. તેણે વેદ શાસ્ત્રનું ખંડન કરી શ્રાદ્ધાદિક સત્‌ક્રિયાને ગપ્પ માની નવીન પંથ ઉત્પન્ન કર્યો.

અજ્ઞાનનો પડદો આડો આવી જવાથી તે દેહનેજ આત્મા માની બેઠો. પરંતુ અસત્ય વધુ વખત ટકી શકતું નથી. ઋષિ મુનિઓએ તેના કપોલકલ્પિત ધર્મના ચૂરેચૂરા કરી નાખી આર્યાવર્તની પવિત્ર ભૂમિમાંથી તેને હાંકી કાઢયો. ચાર્વાક પછી બૌદ્ધ ધર્મ ફેલાયો. બુધ્ધે વેદની નિંદા કરવા માંડી. પ્રાચીન મર્યાદાનો ઉચ્છેદ કરી નાખ્યો. પોતાની ચતુરાઇને લીધે ઠામોઠામ પોતાનો કલ્પિતધર્મ સ્થાપિત કર્યો. વાદમાં અનેક બ્રાહ્મણોને હરાવી કીર્તિનો ડંકો વગાડી પોતાનું મહત્વ સ્થાપિત કર્યું. જ્યાં વેદના મંત્રોનો ઘોષ થતો હતો ત્યાં બૌદ્ધધર્મની વાત ચાલવા લાગી. આથી શ્રી શંકરાચાર્યે ઉત્પન્ન થઇ સનાતનધર્મના રક્ષણને માટે વાયુરૂપી બની બૌદ્ધધર્મરૂપી અભ્રને દૂર ખસેડી અદ્વૈતભાનુનો ઉદય કર્યો. પોતાનું કાર્ય સંપૂર્ણ કરી પૂજ્યપાદ શંકરાચાર્ય સ્વસ્વરૂપમાં લીન થયા. બૌદ્ધ પછી ઘણા પંથો ચાલ્યા. મહમદ ગીજનવીએ મૂર્ત્તિપૂજાનું રહસ્ય જાણ્યું નહિ અને તેથી તેણે સોમનાથની મૂર્ત્તિપર હલ્લો કર્યો. ઘોરીએ પણ અનેક મૂર્ત્તિઓને તોડી નાખી હિંદુધર્મની જડ ઉખેડી નાખવાનો મિથ્યા પ્રયત્ન કર્યો. ઔરંગજેબે ગરમ પાણી કરવા હિંદુઓના અનેક પવિત્ર પુસ્તકોને બાળી નાખ્યાં જેમાં ધનુર્વેદ તથા બીજી અનેક વિદ્યા ભરેલી હતી. ધન્ય છે ! અમારા વિદ્વાન્ બ્રાહ્મણોને કે આવા કટાકટીના સમયમાં વેદ શાસ્ત્ર પુરાણ ઇતિહાસ વગેરેમોઢે રાખી તેનો ઉચ્છેદ થવા દીધો નહિ, જો બ્રાહ્મ-

ણોએ સનાતન ધર્મનું રક્ષણુ કર્યું. ન હોત તો આપણે આજે કેવી સ્થિતિને પ્રાપ્ત થયા હોત તેનો વિચાર સુજ્ઞ પુરુષ તરતજ કરી લેશે. આજથી થોડા વર્ષપર સ્વામી દયાનંદ ઉત્પન્ન થયા. એઓશ્રીએ મૂર્ત્તિપૂજા, શ્રાદ્ધ, તીર્થ, શ્રીશંકરાચાર્યનો અદ્વૈતવાદ તથા અવતાર વગેરેનું ખંડન કરી વેદના ગમે તેવા અર્થ કરી આર્યસમાજ સ્થાપિત કરી સનાતન ધર્મની મિથ્યા નિંદા કરી મૂર્ત્તિપૂજકોને ગધેડાની ઉપમા આપી. એમના ગયા પછી અનેક સભામાં પરાસ્ત થયાં છતાં પણ આર્યસમાજના અનેક પંડિતોએ સનાતન ધર્મની નિંદા કરવાનો પોતાનો પ્રયાસ ચાલુ રાખ્યો. હાલમાં સુરતમાં આર્યપરિષદ વખતે પણ મૂર્ત્તિપૂજા વગેરેની નિંદા કરી અજ્ઞ પુરુષોને પોતાની જાળમાં લેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સુરતમાં તરતજ સનાતન ધર્મની મહાસભા ભરવામાં આવી, જેમાં અનેક વિદ્વાનોએ મૂર્ત્તિપૂજા શ્રાદ્ધ વગેરે ઉપર ભવ્ય વાણીથી વ્યાખ્યાન આપી સનાતન ધર્મનું ગૌરવ સ્થાપિત કર્યું. આર્યસમાજનો નિયમ છે કે પોતે હારી જાય તો પણ પોતાની જીત થઇ હોય એમ પોતાના પેપરમાં છપાવી ફુલાઇ જાય છે પરંતુ તેથી સુજ્ઞ પુરૂષના મનમાં કાંઈ અસર થતી નથી. જેને સત્ય તથા અસત્ય પારખવાની શક્તિ છે તેતો સત્યનેજ ગ્રહણ કરે છે. હવે પૂર્વપક્ષથી મૂર્ત્તિપૂજાનું ખંડન કરી ઉત્તરપક્ષથી મંડન કરૂં છું—

પૂર્વપક્ષ—હે મૂર્ત્તિપૂજક! તમે અજ્ઞાનના સાગરમાં ડૂબી ગયા છો. મૂર્ત્તિપૂજા પ્રાચીન તેમજ યુક્તિસિદ્ધ નથી છતાં સારા સારનો કાંઈ પણ વિચાર ના કરતાં કુમાર પેઠે કીરતારને પૂજો છો એ કેવળ હાસ્યજનક છે પ્રાચીનકાલમાં મૂર્ત્તિપૂજા હતીજ

નહિ, પરંતુ તે સમયે તો વેદનું અધ્યયન કરવામાં આવતું હતું. મંદબુદ્ધિ પુરૂષોએ નિરાકાર ઇશ્વરને બદલે પાષાણુની પૂજા કરવા માંડી. ભલા જે મૂર્ત્તિ ઉપર કૂતરાઓ મૂતરી જાય છે, ઉંદરો દોડાદોડી કરે છે, તે મૂર્ત્તિ તમારૂં શું કલ્યાણુ કરશે? જે પોતાનું રક્ષણુ કરી શકતી નથી તે અન્યનું શું કરી શકશે? જડની ભાવના કરવાથી જડ થઇ જવાય છે. તમે મૂર્ત્તિમાં ઇશ્વરની ભાવના કરો છો તે પણુ અસત્ય છે, કારણુ કે અન્યમાં અન્યની ભાવના કરવી એ અવિદ્યાનુંજ પરિણુામ છે. ઇશ્વરની ભાવના મૂર્ત્તિપૂજામાં થઇ શકતી હોય તો ધૂલિમાં લોટની, પાણીમાં દૂધની, પથ્થરમાં હીરાની, પિત્તળમાં સોનાની, ઝેરમાં અમૃતની, પંકમાં સુગંધની, રેતીમાં તેલની ભાવના સત્ય થવી જોઇએ. જે સમયે મહમદ ગીજનવી મૂર્ત્તિના કકડે કકડા કરી લઈ ગયો તે સમયે મૂત્તિએ શું કર્યું? તેનામાં કાંઈ પણુ દૈવત હોત તો મહમદ ફાવી શકત? હે ભાઇ? જરા વિચાર કરો. મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—**माता पृथिव्यामूर्त्तिः पितामूर्त्तिः प्रजापतेः** માતા પિતાની સેવા કરવી એજ ખરી પૂજા છે. મૂર્ત્તિ-પૂજા એ તો કેવળ ધિક્કારવા યોગ્ય છે. વેદમાં કોઇ પણુ સ્થલે મૂર્ત્તિપૂજા જોવામાં આવતી નથી. મૂર્ત્તિપૂજા તો જૈનોથી ચાલી છે. સાયન્સથી મૂર્ત્તિપૂજા વિરૂદ્ધ છે. મનુષ્યના કલ્યાણુ માટે પ્રાચીન ઋષિ મુનિઓએ ષડ્દર્શન વગેરે અનેક ગ્રંથોની રચના કરી પરંતુ તે ગ્રંથોનો ત્યાગ કરી મૂર્ખ મનુષ્યો પથ્થરને પૂજવા બેસી ગયા. આહા! ક્યાં તે ઉપનિષદ્નું સત્ય જ્ઞાન અને ક્યાં પાષાણુની પૂજા? હે ભાઈ! ચેતો! ચેતો! તમે છેકજ વિદ્યા

રહિત થઈ ગયા છો. સત્યને બદલે અસત્ય ગ્રહણ કરો છો. સૂર્યને મૂકી આગીઆને વધાવી લો છો. રત્નને મૂકી કોડીની પ્રશંસા કરોછો. મૂર્ત્તિપૂજા કેવી અસત્ય છે તેને માટે એક યુક્તિમાં લખું છું તે વાંચો. તમારી ખાત્રી થશે કે મૂર્ત્તિપૂજા કેવળ અસત્ય છે. એક પાષાણને લઇ તેના કટકા કરો. એ કટકાનું પુષ્પ બનાવો. પછી પાષાણની પાસે એક મોગરાનું પુષ્પ મૂકો જુઓ કે ભ્રમર પુષ્પપર બેસે છે કે પાષાણ ઉપર ? હું ખાત્રીથી કહું છું કે ભ્રમર સત્ય પુષ્પપર આવી બેસશે. શું પાષાણની ગાય દૂધ આપી શકે છે ? પાષાણનો ઉંદર દોડી શકે છે ? પાષાણનો હાથી ઝાડ ઉખેડી શકે છે ? પાષાણનો સિંહ છલંગ મારી શકે છે ? પાષાણ શું કાંઇ વસ્તુ આપવા સમર્થ છે ? અરેરે ! તમે તે કેટલા ભોળા છો કે ચેતનને સ્થલે જડને પૂજવા બેસી ગયા. ઇશ્વરને સ્થલે તમે પાષાણ પૂજો છો ત્યારે કોઇ સભ્ય પુરુષને કોઇ ચોર કહે તો કાંઈ હરકત તો નહિ કેની ? જે પથ્થરની તમે મૂર્ત્તિ બનાવો છો તે પથ્થરની ઘંટી રમકડાં ઓટલા વગેરે હજારો પદાર્થો બને છે. તમે કેવળ હસી કાઢવા યોગ્ય રીતિથી તેનું પૂજન કરો છો. યદિ એમ કહો કે ઈશ્વર સર્વવ્યાપક છે તો પછી પથ્થરમાં છે અને તેથી અમે તેની પૂજા કરીએ છીએ. તો તમારી આ યુક્તિ ચાલી શકે એમ નથી. એમ તો ઈશ્વર સૂર્યમાં, ચંદ્રમાં, તારામાં, નક્ષત્રમાં, ગુફામાં, નદીમાં, નાળામાં, વનમાં, ઉપવનમાં, તથા સર્વ સ્થલે વ્યાપક છે, તો પછી પથ્થરને શા માટે ઇશ્વર માની બેઠા છો? જરા તો બુદ્ધિનો ઉપયોગ કરો. વેદ, ઉપનિષદ્, મનુસ્મૃતિ દર્શનશાસ્ત્ર વગેરેમાં જ્ઞાનનો ભંડાર છે તેનો

જરા પણ વિચાર ના કરી પુષ્પ સમુદાયનો ત્યાગ કરી જેમ ઉંટ કંટકને ગ્રહણ કરે તેમ તમે સત્ વસ્તુનો ત્યાગ કરી અસત્ વસ્તુ ગ્રહણ કરો છો. સભામાં વેદ વ્યાખ્યાતાને બેસાડો અને એક મૂર્ત્તિ પૂજકને બેસાડો પછી જુઓ કે કોની પ્રશંસા થાય છે? ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિય નિગ્રહ, ધી, વિદ્યા, અને સત્ય એ દશ ધર્મનાં લક્ષણો મનુમહારાજે ગણાવ્યાં છે. એમાં મૂર્ત્તિ પૂજાનું નામ પણ નથી. પ્રાચીન મહર્ષિઓએ તો જ્ઞાનનોજ સરળ અને પ્રશંસનીયમાર્ગ બતાવ્યો હતો. પરંતુ તેને બદલે સ્વાર્થી બ્રાહ્મણોએ પેટ ભરવાને માટે મૂર્તિપૂજા શોધી કાઢી છે. હે ભારતવર્ષ! તારી આ શી અધોગતિ! શું ધર્મનું આવું નીચ સ્વરૂપ છે? મૂર્ત્તિ કાઢનારા તો એમજ સમજતા હતા કે અમે જે માર્ગ કાઢયો છે તેમાં બધાજ ફસાઈ પડશે. પરંતુ ભાઈ! અમારા સ્વામી દયાનંદજીએ જન્મ ધારણ કરી ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવ્યું. મૂર્ત્તિપૂજા વૈદિક તેમજ યુક્તિસિદ્ધ નથી, એ સત્યાર્થ પ્રકાશ લખી સિદ્ધ કરી બતાવ્યું. જેમ સૂર્ય આગળ તારા ઝંખવાઈ જાય તેમ મહર્ષિ દયાનંદ આગળ સર્વ પંડિતો ઝાંખા પડી ગયા. અહો! મહાત્માની કેવી દઢ આતુરતા! આર્યધર્મનો ઉદ્ધાર કરનાર તો એ મહર્ષિજ છે. હજારો ભોળા લોકોને અજ્ઞાનના ખાડામાંથી બહાર કાઢનાર સ્વામીશ્રીને વારંવાર નમન છે.

અવશ્ય એ એક ભારતના પ્રતાપી સૂર્ય હતા. હવે સાંભળો યુક્તિથી મૂર્ત્તિપૂજાનું ખંડન કરૂં છું. શું કોઇ હવાનો ફોટો લઇ શકે છે? યદિ હા કહો તો બતાવો કે તે હવા કેવી છે? શું કોઈ મનનો ફોટો લેવાને શક્તિમાન્ છે? હોય તો બતાવો. એવી રીતે

નિરાકાર વસ્તુનો ફોટો લઇ શકાતો નથી. તો પછી પથ્થર ઇશ્વિરની મૂર્ત્તિ છે એમ કયા આધારથી કહો છો? ભૂખ, તૃષા ઈત્યાદિની છબી કોઇ પાડી શકે છે?

જેવી રીતે કોઈ મોટો સાગર કળશમાં બંધ થઇ શકે નહિ તેવીજ રીતે સર્વવ્યાપકને એક સ્થલે રોકી શકાય નહિ. જો રોકી શકાય તો પછી તેને સર્વવ્યાપક કેવી રીતે કહેવાય? પરમાત્મા સર્વવ્યાપક છે માટે તે મૂર્ત્તિમાન હોઈ શકે નહિ. દરેક શરીરને માટે આવશ્યક છે કે તે લંબાઇ પહોળાઈ અને ઉંચાઇ રાખતું હોય અને તેને દેશ તથા કાળની પણ જરૂર છે. એ કારણથી કોઇ શરીર અનાદિ અને નાશરહિત નથી. પરમાત્મા અનાદિ અને અવિનાશી છે તથા દેશકાળથી અલગ છે, માટે તેને કદાપિ શરીર હોઈ શકે નહિ. મૂર્ત્તિ, પ્રતિબિંબ કે છાયા વિના હોઇ શકે નહિ. જેનું શરીર નહિ તેની મૂર્ત્તિ કદાપિ માની શકાય નહિ, નિરાકાર પરમાત્માની મૂર્ત્તિ કોઇ પણ બનાવી શકે નહિ. શ્રીકૃષ્ણની શ્રીરામની, હનુમાનની, શિવ વગેરેની મૂર્ત્તિ મંદિરમાં દેખાય છે પરંતુ પરમાત્માની મૂર્ત્તિ કોઇ પણ મંદિરમાં જોવામાં આવતી નથી. આથી સિદ્ધ છે કે પરમાત્માનીમૂર્ત્તિ કોઈ બનાવી શકતું નથી. ઉપર લખેલા મહાત્માઓ બધા જાણે છે કે તેઓ અનિત્ય શરીરનો ત્યાગ કરી ચાલ્યા ગયા. તેમના ગુણો સંભારવાથી કાંઇક લાભની પ્રાપ્તિ થાય છે, પરંતુ અનિત્ય શરીરની પ્રતિમા પાસે ધૂપ દીપ, નૈવેદ્ય ધરવાથી અને મસ્તક નીચું કરવાથી કદી પણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી એ ખાત્રીથી માનજો. આજ સુધી કોઇએ

પરમાત્માને ચક્ષુથી જોયા નથી. જેને જોયા નથી તેની મૂર્ત્તિ બનાવવી એ કેટલું બધું હાસ્યજનક છે? જે વસ્તુ શરીરધારી છે, તે વારંવાર ઘટતી વધતી રહે છે. પરમાત્મા નિરંતર એકરસ અને અચલ છે તસ્માત્ પરમાત્માની મૂર્ત્તિ હોઇ શકે નહિ. શરીર રોગ, વિપત્તિ, સુખ, દુઃખ વગેરેથી ઘેરાય છે, વળી તે શુષ્ક થાય છે, પુષ્ટ થાય છે, તથા વિકારોથી પકડાય છે. પરમાત્મા નિર્વિકાર છે માટે તે શરીરધારી નથી.

કેટલાએક કહે છે કે મૂર્ત્તિપૂજા પ્રથમ સીઢી છે, પરંતુ એ તેમનું માનવું ભૂલભરેલું છે. પરંતુ એ તો એક મોટો ખાડો છે. વેદાધ્યયન એજ જ્ઞાનની પ્રથમ સીઢી છે પરંતુ મૂર્ત્તિપૂજા નથી. કોઈ ભાઇ એમ કહે છે કે મૂર્ત્તિપૂજા કરવાથી મન સ્થિર થાય છે પરંતુ અમે તો સેંકડોવાર કરી જોયું અમારૂં મન તો કાંઇ સ્થિર થયું નહિ. મન તો નિરાકારમાંજ સ્થિર રહે છે. સાકારમાં નહિ. મૂર્ત્તિપૂજા કરવાથી મનુષ્ય કેવળ આળસુ બની જાય છે. કર્તવ્યથી ભ્રષ્ટ થઈ જાય છે. હે ભાઇ! તમે મૂર્ત્તિને માનો છો તેના કરતાં તેના ઘડનારાને પૂજતા હો તો વધારે સારૂં છે. કારણ કે કારીગરે મૂર્ત્તિ ના ઘડી હોત તો તમે કોને પૂજત? તમારી મૂર્ત્તિની આગળ ધરેલો પ્રસાદ એમનો એમ પડી રહે છે. તમારી મૂર્તિ કંઇ ખાતી પીતી નથી. તે શું તમે જોતા નથી? અરેરે! જડમૂર્તિ પછાડી આટલો બધો ખરચ કરો છો તેના કરતાં કોઈ આંધળાં, લુલાં, લગડાં, બહેરાંને દાન આપતા હો તો તમારો કેવો મોટો ઉદય થાય? આહા! જડની પૂજા કરવાથી તમને વસ્તુની કિંમત રહી નથી મૂર્ત્તિપૂજા કરવાથી મનુષ્યને કશો

લાભ થતો નથી. મૂર્તિને ચોર ચોરી જાય છે. કોઇ મૂર્ત્તિને તોડી નાખે છે તો પણ મૂર્ત્તિ કાંઈ કરી શકતી નથી. શું આટલું બધું વિવેચન કર્યા પછી પણ તમે મૂર્તિનો ત્યાગ નહિ કરો? ઈશ્વર સર્વવ્યાપક છે તો મૂર્ત્તિમાં પણ છે. એમ કહોતો સાંભળો. ફુલવાડીમાં વ્યાપક છે તો ફુલ શા માટે ચઢાવો છો? ચંદનમાં વ્યાપક છે તો પછી ચંદન ઘસીને શા માટે ચોપડો છો? હાથમાં વ્યાપક છે તો પછી મૂર્ત્તિ આગળ હાથ શા માટે જોડો છો? મસ્તકમાં વ્યાપક છે તો પછી મૂર્ત્તિ આગળ મસ્તક શા માટે નમાવો છો? માતા પિતાના શરીરમાં દેવની ભાવના કરવી છોડી દઇ મૂર્ત્તિમાં દેવભાવના કરો છો એ તમારૂં કેવળ અજ્ઞાન છે. વાલ્મીકિ રામાયણમાં રામે કોઈ દિવસ મૂર્ત્તિ પૂજા કરી હોય એમ આવતું નથી. યદિ મૂર્ત્તિપૂજાથી જ્ઞાન થઈ જતું હોય તો પછી વેદાદિ શાસ્ત્રોની શી જરૂર હતી?

ભાવનાને માટે મેં આગળ કહ્યું છે તેનાપર એક દૃષ્ટાંત આપું છું તે સાંભળો.

કોઈ ભક્ત ગાંધીને ત્યાં શર્કરા લેવા ગયો. ગાંધીએ ભૂલથી ફટકડી આપી. ભકતે શુદ્ધ ભાવથી લઇને પુજારીને આપી કહ્યું કે ઠાકોરજીને ધરાવો. પુજારીએ પણ શુદ્ધ ભાવથી ધરાવી, પછી લોકોને પ્રસાદ આપ્યો ત્યારે બધાનાં મોઢાં અમળાઈ ગયાં. હવે એટલુંજ કહીશ કે ભાવના સત્ય હોય તો ફટકડીની શર્કરા થઇ જાત કારણ કે ભાવના શર્કરાની કરી હતી. ભાવનાથી વસ્તુની અંદર કાંઇ ફેર પડતો નથી. હવે પ્રમાણ આપું છું તે સાંભળો.

दिव्योह्यमूर्त्तः पुरुषः

પપપર.

બ્રહ્મ અમૂર્ત છે એમ ઉપનિષદ્ કહે છે, માટે અમૂર્તની મૂર્ત્તિ કેવી ?

सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम्
कविर्मनीषीपरिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यः
समाभ्यः

પૂર્વ મંત્રમાં જે આત્માનું વર્ણન કર્યું છે તેના લક્ષણો કેવાં છે તે આ મંત્ર કહે છે.

(શાંકર ભાષ્ય જુઓ) યદિ કોઇ કહે કે ઈશ્વર નિરાકાર ને સાકાર બન્ને થઈ શકે છે તો તે બની શકે એમ નથી. નિરાકારત્વ અને સાકરન્ત્વ એ વિરૂદ્ધ ધર્મો એક વસ્તુમાં કદાપિ રહી શકતા નથી. બ્રહ્મસૂત્રમાં વ્યાસજી કહે છે કે.

न स्थानतोपि परस्योभयलिङ्गं सर्वत्रहि—શાંકર ભાષ્ય જુઓ. ભાવાર્થ એવો છે કે બે પ્રકારની શ્રુતિ જોવાથી બ્રહ્મ નિરાકારને સાકાર પણ છે એવું પ્રાપ્ત થાય છે, પરંતુ ઉભય પ્રકારની કોઈ વસ્તુ થઇ શકતી નથી. તેથી બ્રહ્મ પણ નિરાકાર તથા સાકાર ઉભય થઈ શકે નહિ. ઇશ્વર કેવો છે તે વ્યાસજી નીચે પ્રમાણે કહે છે.

अरुपवदेवहि तत्प्रधानत्वात्—શંકરાચાર્ય કહે છે કે રૂપાદિ આકાર રહિત બ્રહ્મ છે, એવો નિશ્ચય છે. તેથી તે રૂપવાળો થઇ શકતો નથી. બ્રહ્મ, સ્થૂલ, અણુ, હ્રસ્વ, ને દીર્ઘ નથી. શબ્દ સ્પર્શાદિનો તે વિષય નથી. તે દિવ્ય અમૂર્ત્તાદિ છે. ઈત્યાદિ ઉપનિષદ્‌ના પ્રમાણો જોવાથી બ્રહ્મ નિરાકારજ છે. કારિકાર કહે છે કેઃ—

ब्रह्मकिंरूप्यथारूपि भवेन्नीरूपमेववा ।
द्विविधश्रुतिसद्भावाद् ब्रह्मस्यादुभयात्मकम् ॥
नीरूपमेववेदान्तैः प्रतिपाद्यमपूर्वतः ।
रूपंत्वनूद्यतेभ्रान्तमुभयत्वंविरुध्यते ॥

પ્રશ્ન—બ્રહ્મ રૂપવાળો છે. કિંવા રૂપરહિત છે ?

ઉત્તર-બ્રહ્મરૂપ રહિત છે.

પ્રશ્ન=બન્ને પ્રકારની શ્રુતિ દેખવાથી બ્રહ્મ ઉભયાત્મક છે.

ઉત્તર-વેદાંતે બ્રહ્મને રૂપ રહિતજ પ્રતિપાદન કર્યો છે.

બ્રહ્મનું રૂપ કહેવું એ ભ્રાંતિયુક્ત કથન છે. કેમકે નિરૂપત્વ અને સરૂપત્વ એ પરસ્પર વિરોધી ધર્મ છે વેદમાં મૂર્ત્તિપૂજાની કેવી નિંદા કરી છે તે જુઓ.

अन्धंतमः प्रविशन्तियेऽसंभूतिमुपासते ।
ततोभूयइवतेतमोय ऽ उसंभूत्यां रताः ॥

જે મનુષ્ય કદી ઉત્પન્ન ન થવાવાળી પ્રકૃતિની ઉપાસના કરે છે તે અંધકાર અર્થાત્ સંસારમાં પડે છે અને જે સંભૂતિ અર્થાત્ કાર્ય જગત્‌ની ઉપાસના કરે છે તે તેનાથી પણ અધિક અંધકારમાં પડે છે.

ઉત્તરપક્ષ—હે મૂર્ત્તિ નિંદક ! તમે કહ્યું કે-મૂર્ત્તિપૂજા પ્રાચીન તેમજ યુક્તિસિદ્ધ નથી એ તમારૂં કહેવું અજ્ઞાનથી ભરેલું છે. મૂર્ત્તિપૂજા અતિ પ્રાચીન તેમજ યુક્તિસિદ્ધ છે, તે હું સિદ્ધ કરી બતાવીશ. તમારો એવો નિયમ છે કે સચોટ સમાધાન

આપવામાં આવે છે, છતાં કાંઇ ને કાંઇ લખતા રહેવું. પ્રશ્નકાંઈ ને ઉત્તર કાંઈ ! જે વસ્તુસત્ હોય છે તે સતજ રહે છે. સતને કોઇનો ત્રાસ નથી. બે ને બે ચાર થાય છે. ત્રણ કે પાંચ નહિ. સત્ વસ્તુપર ગમે તેવો આક્ષેપ કરવામાં આવે તો તેથી તેની શી ક્ષતિ થાય છે? સનાતન ધર્મના અનેક પંડિતોએ મૂર્ત્તિપૂજાનું રહસ્ય તમને જણાવ્યું છે પરંતુ દુરાગ્રહનું ઔષધ નથી. પક્ષપાતનો પડદો ઉપાડી નાખી એકાંતમાં વિચાર કરશો તો મૂર્ત્તિપૂજાનું રહસ્ય તમને જણાયા વિના રહેશે નહિ. તમે કહ્યું કેઃ—પ્રાચીન કાલમાં મૂર્તિપૂજા હતીજ નહિ, પરંતુ તમારૂં એ માનવુ અત્યંત ભૂલ ભરેલું છે. જે વખતે રામચંદ્રજી રાવણાદિ રાક્ષસોને મારી પુષ્કર વિમાનદ્વારા અયોધ્યા જતા હતા તે સમયે તેઓ શ્રીએ કહ્યું છેકે—

अत्रपूर्वं महादेवः प्रसादमकरोद्विभुः
एतत्तदृश्यतेतीर्थं सागरस्य महात्मनः
सेतुबन्धइतिख्यातं त्रैलोक्येनचपूजितम्
एतत्पवित्रं परमं महापातकनाशनम्

અત્રે મહાદેવજીએ મને વરદાન આપ્યું હતું. જે મહાત્મા સમુદ્રનું તીર્થ દેખાય છે તેનું નામ સેતુબંધ છે અને ત્રણ લોકમાં પૂજિત છે. એ પરમ પવિત્ર છે. અને મહાપાપને નષ્ટ કરનાર છે. રામાયણનો ટીકાકાર કહે છે તે જુઓ. યદિ કહો કે અમે એવો અર્થ માનતા નથી તો તમારૂં કહેવું ચાલે એમ નથી. તમારો નિયમ છે કે અર્થ બદલી નાખવો,

અને જ્યાં ન ચાલે ત્યાં આતો ક્ષેપક છે એમ કહી દેવું. પરંતુ જેનામાં તર્ક કરવાની જરાપણ શક્તિ છે તે તમારી કપોલ કલ્પિત વાતને માનશેજ કેમ? કૂર્મપુરાણમાં રામચંદ્રજીએ લિંગ સ્થાપ્યું અને મહાદેવજીએ વરદાન આપ્યું તેનું સ્પષ્ટ વર્ણન છે. વળી જુઓ ઉત્તરકાંડમાં કહ્યું છે કે:–

यत्र यत्र याति स्मरावणो राक्षसेश्वरः ।
जाम्बूनदमयं लिंगं तत्रतत्रस्मनीयते ॥
वालुका वेदि मध्येतु तल्लिंगं स्थाप्य रावणः ।
अर्चया मास गन्धैश्चपुष्पैश्चामृत गान्धिभिः ॥

રાક્ષસેશ્વર રાવણ જ્યાં જ્યાં જતો હતો ત્યાં ત્યાં જામ્બૂનદમય લિંગ સાથે લઇ જતો હતો. તે લિંગને વાલુની વેદિના મધ્યમાં સ્થાપન કરીને અમૃત ગંધવાળાં પુષ્પોથી પૂજન કરતો હતો. મહાભારતના આદિપર્વમાં એકલવ્ય ભિલનું વર્ણન આપવામાં આવ્યું છે. તે સાંભળો. દ્રોણાચાર્યની પ્રશંસા દૂર દેશોમાં ફેલાઇ ગઇ ત્યારે હિરણ્યધનુષનો પુત્ર એકલવ્ય દ્રોણાચાર્ય પાસે વિદ્યા શીખવા આવ્યો. તેને ભિલ્લ જાણીને દ્રોણાચાર્યે વિદ્યા આપી નહિ. ત્યારે તે મનમાં દ્રોણાચાર્યને ગુરૂ માનીને ચરણોનો સ્પર્શ કરી જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં દ્રોણાચાર્યની એક માટીની મૂર્ત્તિ બનાવીને તેની સામે ધનુર્વિદ્યા શીખવા લાગ્યો. શ્રદ્ધાવડે અને ચિત્તની એકાગ્રતાવડે થોડા દિવસમાં તે મહા નિપુણ થઈ ગયો. એકવાર દ્રોણાચાર્ય સાથે કૌરવો અને પાંડવો મૃગયા ખેલવાને વનમાં ગયા; એક કુતરો પણ તેઓ સાથે ગયો હતો. તે કુતરો ફરતો

ફરતો જ્યાં એકલવ્ય ભિલ્લ ધનુર્વિદ્યા શીખી રહ્યો હતો ત્યાં આવ્યો. ભિલ્લનો વિચિત્ર વેશ જોઈ કુતરો ભસવા લાગ્યો. આથી એકલવ્યે સાત તીર એવા માર્યાં કે તેનું મોઢું બંધ થઇ ગયું. કુતરો પાંડવોની પાસે આવ્યો. આવું અદ્દભુત કર્મ જોઈ પાંડવો તપાસ કરવા લાગ્યા. તેઓએ મૃત્તિકાની મૂર્ત્તિ સામે લક્ષ રાખી ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા એકલવ્યને જોયો. અર્જુને પૂછ્યું !– હે વીર પુરૂષ! તું કોણ છે? એકલવ્યે કહ્યું:–હું હિરણ્યધનુષનો પુત્ર છું, તથા દ્રોણાચાર્યનો શિષ્ય છું. અર્જુન દ્રોણાચાર્ય પાસે ગયો અને કહ્યું કે:–મહારાજ ! તમે કહ્યું હતું કે તું મારા બધા શિષ્યોમાં સૌથી શ્રેષ્ઠ થશે, પરંતુ આપે એકલવ્ય ભિલ્લને મારા કરતાં પણ વિદ્યાનો અધિક અભ્યાસ કરાવ્યો છે. દ્રોણાચાર્યે કહ્યું:– હું એકલવ્યને ઓળખતો નથી. ચાલો જોઇએ તે કોણ છે? દ્રોણાચાર્ય પાંડવો સહિત એકલવ્ય પાસે આવ્યા. દ્રોણાચાર્યને જોતાં જ એકલવ્ય લાંબો થઇ પગે લાગ્યો, અને કહ્યું કે:–આપની મૂર્ત્તિપૂજાથીજ મને આ ઉત્તમ લાભની પ્રાપ્તિ થઈ છે. આપ મારા ગુરૂ છો. દ્રોણાચાર્યે કહ્યું:–ત્યારે તો મને ગુરૂદક્ષિણા આપ. એકલવ્યે કહ્યું કે:–આપ જે માગો તે આપવા હું તૈયાર છું. ત્યારે દ્રોણાચાર્યે કહ્યું કે:–આ તારો અંગુઠો મને આપ. એકલવ્યે તરતજ આપી દીધો. અંગુઠો જવાથી એકલવ્યમાં બાણ મારવાની ચપળતા પ્રથમના જેવી રહી નહિ. અને દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રાચીનકાલમાં મૂર્ત્તિપૂજાને ઘણું માન અપાતું હતું. શું મૂર્ત્તિની પૂજા કરવાથી એકલવ્ય ધનુર્વિદ્યા સંપાદન કરી શકયો

નહિ ? યદિ કહો કે એકલવ્ય તો નિજ અભ્યાસથી વધી ગયો એમાં મૂર્તિએ શું કર્યું? તો તમારી એ શંકા ટકી શકેએમ નથી. કારણ કે શાસ્ત્ર ડંકો વગાડી કહે છે કે ગુરૂ વિના જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અંતઃકરણમાં મલ, વિક્ષેપ, ને આવરણ એ ત્રણ દોષો ઘર ઘાલી બેઠા છે. ગુરૂની કૃપા વિના તે કદી પણ દૂર થતા નથી. જે મનુષ્ય ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા રાખે છે તેજ જ્ઞાનનો અધિકારી થાય છે. અર્જુન જ્યારે ભિલ્લ રૂપમાં આવેલા શંકર સાથે યુદ્ધ કરતાં થાકી ગયો ત્યારે તેણે એક મૃત્તિકાનું સ્થંડિલ કરીને તેમાં શ્રી પિનાકપાણિ મહાદેવનું સ્થાપન કર્યું. અને શરણાગતનું રક્ષણ કરનારા શંકરને શરણે જઇ શુદ્ધ ચિત્તથી તેનું પૂજન કર્યું. અર્જુને જે પુષ્પ શિવના મસ્તકપર ચઢાવ્યું હતું તે તેણે પેલા ભિલ્લના મસ્તકપર જોયું. એટલે અર્જુનને અત્યંત હર્ષ થયો તથા તે શાંતિને પ્રાપ્ત થયો શું આથી મૂર્ત્તિપૂજાનું પ્રાચીનત્વ સિદ્ધ થતું નથી? યદિ કહો કે મહાભારતનો એ ભાગ ક્ષેપક છે તો જે યુક્તિથી તમે એને ક્ષેપક કહો છો તે યુક્તિથી તમારૂં કહેવું અમે મિથ્યા માનીએ છીએ. જે ફાવતું આવે તે ગ્રહણ કરવું અને પકડાઈ જવાનો સમય આવે ત્યારે એ ક્ષેપક છે એમ કહી છટકી જવું એ શું બુદ્ધિમાનનું કર્તવ્ય છે? મહાભારતના વનપર્વમાં અનેક તીર્થનું વર્ણન આપેલું છે તે ઉપરથી મૂર્તિપૂજા અતિ પ્રાચીન છે એમ સિદ્ધ થયા વિના રહેતું નથી. **जीविकार्थे चापण्ये** વ્યાકરણ અષ્ટાધ્યાયીના આ સૂત્રથી મૂર્તિપૂજા અતિ પ્રાચીન છે એમ સિદ્ધ થતું નથી? બ્રહ્મચારીના ધર્મનું વર્ણન કરતાં મનુમહારાજ કહે છે કેઃ—

नित्यं स्नात्वा शुचिः कुर्याद् देवर्षि पितृ तर्पणम् ।
देवताभ्यर्चनंचैव समिदाधान मेवच ॥

નિત્ય પ્રતિ સ્નાન કરીને પ્રથમ દેવ ઋષિ તથા પિતૃઓનું તર્પણ પોતાના ગૃહ્યોક્ત વિધિથી કરે. ત્યાર પછી વિધિપૂર્વક સમિદા ધાન કર્મ કરે. અત્રે દેવતાભ્યર્ચન પદથી માતા પિતા ગુરુ આદિ કોઇનો આદર સત્કાર લઈ શકાય એમ નથી, કારણકે આ અધ્યાયમાં મનુમહારાજે માતા પિતા ગુરુ આદિની પૂજા પૃથક કહી છે. ચોથા અધ્યાયમાં મનુમહારાજ કહે છે કેઃ-

दैवतान्यभिगच्छेत्तु धार्मिकांश्चद्विजोत्तमान् ।
ईश्वरंचैवरक्षार्थं गुरूनेवचपर्वसु ॥

ભાવાર્થ એવો છે કે ગૃહસ્થ બ્રાહ્મણાદિકઓને ઉચિત છે કે અમાવાસ્યાયાદિ પર્વદિનોમાં પ્રસિદ્ધ મોટાં મોટાં દેવ મંદિરોની દેવ પ્રતિમા સન્મુખ ધર્માત્મા બ્રાહ્મણોની તથા રાજા અને ગુરુની પાસે પોતાની રક્ષાને લીધે જતા રહેવું. અત્રિ સ્મૃતિમાં કહ્યું છે કેઃ-

वापी कूप तडागानि देवता यतनानिच ।
अन्न प्रदानमारामः पूर्त्तमित्यभिधीयते ॥

વાવ, કૂવા, સરોવર, દેવતાઓનાં મંદિર, સદાવર્ત્ત, બાગ બનાવવો, એ સૌ કર્મો પૂર્ત્ત કહેવાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મૂર્ત્તિપૂજા અતિ પ્રાચીન કાલથી ચાલી આવે છે. મનુ આદિ મહાત્માઓએ પણ જ્યારે મૂર્ત્તિપૂજાની મહત્તા સ્થાપિત કરી છે તો પછી

મૂર્ત્તિપૂજાનો ધિક્કાર કરનારને કેટલું વજન આપવું તેનો વિચાર સુજ્ઞ પુરુષ પોતેજ કરી લેશે. શુક્ર નીતિમાં કહ્યું છે કેઃ-

एवं विधान्नृपोराष्ट्रे देवान्संस्थापयेत्सदा ।
प्रतिसंवत्सरं तेषामुत्सवान्सम्यगाचरेत् ॥

ભાવાર્થ એવો છે કે રાજાઓ પોતાના રાજ્યમાં મૂર્ત્તિ પોતે સ્થાપન કરે અને પ્રતિ વર્ષે તેનો ઉત્સવ કરાવે.

देवालये मानहीनां मूर्त्तिं भग्नांनधारयेत् ।
प्रासादांश्च तथा देवाज्जीर्णानुद्धत्ययत्नतः ॥

દેવાલયોમાં તૂટેલી ફૂટેલી મૂર્ત્તિ રહેવા દેવી નહિ. રાજાને ઉચિત છે કે તૂટેલા ફૂટેલાં મંદિરો તથા પ્રતિમાઓનો સંસ્કાર કરાવતો રહે. વળી સાંભળો.

यदार्देवयत्नानि कम्पते दैवत प्रतिमा हसन्ति रुदन्ति नृत्यन्ति स्फुटान्ति स्विद्यन्त्युन्मीलन्ति निमिलन्ति तदा प्रायश्चित्तं भवतीदं विष्णु र्विचक्रमे इतिस्थाली पाकं हुत्वा पञ्चभि राहुतिभिरभिजुहोति विष्णवेस्वाहा, सर्वभूताधिपतये स्वाहा, चक्रपाणयेस्वाहेश्वरायस्वाहा, सर्व पाप शमनायेति व्याहृति-भिर्हुत्वा सामगायेत ।

ભાવાર્થ એવો છે કે દેવતાઓના સ્થાન કાંપે છે, દેવતાઓની પ્રતિમા હસે છે, રડે છે, નાચે છે, ચમકે છે, જ્યારે પ્રાતમાઓને

સ્વેદ આવે છે, નેત્રને તેજીથી ખોલે છે, તથા નેત્રને બંધ કરે છે તે સમયમાં પ્રાયશ્ચિત્ત થાય છે તે એ છે કે **इदं विष्णु र्विचक्रमे** એ મંત્રથી હવન કર્યા પછી પાંચ આહૂતિઓથી હવન થાય છે પ્રથમ **विष्णवे स्वाहा** દ્વિતીય **सर्वभूताधिपतये स्वाहा, चक्रपाणयेस्वाहा, ईश्वरायस्वाहा, सर्वपापशमनाय स्वाहा,** એ પાંચ આહુતિઓ પછી **ओं भूः स्वाहा ओं भुवः स्वाहा ओं स्वः स्वाहा, ओं भूर्भुवः स्वः स्वाहा** એ વ્યાહુતિઓથી હવન કરીને સામવેદનું ગાન કરે. જ્યારે ષડ્વિંશતિ બ્રાહ્મણ ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે ત્યારે પછી મૂત્તિપૂજા પ્રાચીન નથી એમ કયો સમજુ પુરૂષ કહેશે ? તમારા સ્વામી તુલસીરામે અર્થ બદલી નાખી તારાઓનો નાચ કરાવ્યો છે તે કેવલ હાસ્ય જનક છે. બ્રહ્મસૂત્રમાં મહર્ષિ વ્યાસ કહે છે કે **ब्रह्मदृष्टिरुत्कर्षात्** એ સૂત્રથી સૂર્ય મંડળમાં બ્રહ્મ બુદ્ધિ કરી ઉપાસના કરવાનું સ્વામી શંકરાચાર્યે કહ્યું છે. કહો શંકરાચાર્યનું ભાષ્ય માનશો કે નહિં ? યદિ હા કહો તો આવો શ્રી શંકરાચાર્યના શિષ્ય થઇ જાઓ યદિ ના કહો તો પછી જ્યાં ફાવતું આવે છે ત્યાં શંકરાચાર્યનું ભાષ્ય શા માટે આગળ ધરો છો ? એ વિષે હું આગળ બોલીશ. તમારૂં એમ કહેવું છે કે મૂર્તિપૂજા પ્રાચીન નથી, પરંતુ બ્રાહ્મણોએ ઇશ્વરને બદલે પથ્થરની પૂજા કરવા માંડી તેથી અનેક પ્રમાણ આપી મૂર્તિપૂજા અતિ પ્રાચીન છે એ મેં સિદ્ધ કરી બતાવ્યું. આપણું મન ઘણુંજ ચંચલ તથા પ્રમાથી છે એ ઘડીમાં આકાશમાં, ઘડીમાં પાતાળમાં, ઘડીમાં સ્વર્ગમાં, તથા

ઘડીમાં વૈકુંઠમાં પહોંચી જાય છે. જ્યાં સુધી મનપર ક
મેળવ્યો નથી, ત્યાં સુધી મોટી મોટી વાતો કરવાથી ક
પણ વળતું નથી. મૂર્ત્તિપૂજા કરવાથી પરમાત્માનો અનુગ્ર
થાય છે એમાં જરા પણ શક નથી. મહર્ષિ પતંજલિ લખે છે

ईश्वरप्रणिधाना। ઈશ્વરની ભક્તિ વિશેષથી આસન્ન
સમાધિલાભ થાય છે. શ્રી પરમાત્માનુ અનન્યભાવથી ચિંતવન કરન
કદીપણ શોકને પ્રાપ્ત થતો નથી. ગીતામાં કૃષ્ણ પરમાત્મા
છે કેઃ-

अनन्याश्चिन्तयन्तोमांयेजनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

મહર્ષિ પતંજલિ કહે છે કેઃ—**योगश्चित्तवृत्तिनिरो**
ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ કહેવાય છે. ચિત્તને સ્થિર
વાના અનેક ઉપાય બતાવી મહર્ષિ પતંજલિ કહે છે કે
यथाभिमत ध्यानाद्वा અથવા જે ઈષ્ટ હોય તે ઈષ્ટ દેવાદિ
ધ્યાનથી પણ ચિત્ત સ્થિર થાય છે.

શંકર, વિષ્ણુ, ગણેશાદિની મૂર્ત્તિમાં ચિત્ત રાખવાથી ઈશ્વ
અનુગ્રહ થાયછે, અને તેથી તે ઝટ વશ થઈ જાય છે. ગીતામાં કૃ
પરમાત્મા કહે છે કેઃ-

पत्रं पुष्पं फलंतोयं योमेभक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः

નિર્મલ ચિત્તવાળો જે મુમુક્ષુ ભક્તિવડે મને જે કાંઈ પત્ર, પુષ્પ, ફલ કે જલ સમર્પે છે તે પુરૂષે ભક્તિથી મને સમર્પેલા તે પદાર્થને હું સ્વીકારી લઉં છું. કહો હવે મૂર્ત્તિ વિના પત્ર, પુષ્પ, ફળ જલ કોને અર્પણ થશે ? શું આથી મૂર્ત્તિપૂજાનું રહસ્ય તમારા જાણવામાં આવ્યું નહિ ? મમત મૂકી દઇ સર્વ કર્મ ઇશ્વરને અર્પણ કરી દો. પરમાત્મા કહે છે કેઃ—

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणंव्रज ॥

अहंत्वासर्वपापेभ्योमोक्षयिष्यामिमाशुचः

સર્વ ધર્મોનો ત્યાગ કરી મારૂં એકનુંજ શરણુ લે હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક કર નહિ. ચિત્તની સ્થિરતાને માટે પ્રભુનું સાકાર સ્વરૂપ ઉત્તમ છે. ગીતામાં કહ્યું છે કેઃ—જેઓ મારામાંજ ચિત્તને સમાહિત કરી સર્વદા લાગુ રહી અને પરમ શ્રદ્ધાથી યુક્ત રહી મારી ઉપાસના કરે છે તેઓને હું સર્વોત્તમ યોગજ્ઞ માનું છું. તમે કહ્યું કેઃ—"મંદ બુદ્ધિ પુરુષોએ નિરાકાર ઇશ્વરને બદલે પાષાણુની મૂર્ત્તિ પૂજા કરવા માંડી." હવે તમને કેટલાક પ્રશ્ન પૂછવામાં આવે છે તે એકાગ્ર ચિત્તે સાંભળો.

શ્રુતિમાં કહ્યું છે કેઃ—**नच तस्यातिवेत्ता** તેને જાણુવાવાળો કોઈ નથી ત્યારે તમે શા આધારે કહો છો કે ઇશ્વિર નિરાકાર છે.

यतोवाचोनिवर्तन्तेअप्राप्यमनसासह

नतत्रच[illegible]गच्छतिनवाग्गच्छतिनमनो

नविद्मो नविजानीमो यथैतदनुशिष्यादन्यदेव
तद्विदितादथोऽविदितादधि इतिशुश्रुमपूर्वेषां
येनस्तद्व्याचचक्षिरे.

જ્યારે મન વાણી ચક્ષુની ગતિ નથી ત્યારે તમે ઇશ્વરને નિરાકાર શાથી માની લીધો છે ? સાંભળો.

यद्वाचानभ्युदितंयेनवागभ्युद्यते ।
तदेवब्रह्मत्वंविद्धिनेदं यदिदमुपासते ॥
यन्मनसानमनुतेयेनाहुर्मनोमतम् ।
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ॥
यच्चक्षुषानपश्यतियेनचक्षूंषिपश्यन्ति ।
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ।
यच्छ्रोत्रेणनशृणोतियेनश्रोत्रमिदंश्रुतम् ।
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ।
यत्प्राणेननप्राणितियेनप्राणःप्रणीयते
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ।

તમને ઇશ્વર નિરાકાર છે એ જ્ઞાન કયા પ્રમાણથી થયું છે ? યદિ કહો કે પ્રત્યક્ષ પ્રમાણથી થયું છે તો બતાવો તે ક્યાં છે ? યદિ કહો કે અનુમાન પ્રમાણથી થયું છે તો त्वमेवप्रत्यक्षंब्रह्मास्मि એ મંત્રમાં ઇશ્વરને પ્રત્યક્ષ કેમ કહ્યો છે ? વળી અનુમાન તેનું જ

થઇ શકે જેનું પ્રથમ પ્રત્યક્ષ જ્ઞાન થયું હોય. જેનું પ્રત્યક્ષ જ્ઞાન થયું નથી તેનું અનુમાન કદી પણ થઇ શકેજ નહિ. કોઇ મનુષ્ય કહે કે આ પર્વત અગ્નિવાળો છે. યજ્ઞદત્ત નામનો પુરુષ પૂછે છે કે તમે કેમ જાણ્યું? દેવદત્ત ઉત્તર આપે છે કે **धूमात्** અર્થાત્ પર્વતમાં ધૂમાડો છે. યજ્ઞદત્ત પ્રશ્ન કરે છે કે ધૂમાડાથી અગ્નિનું જ્ઞાન કેવી રીતે થયું? દેવદત્ત ઉત્તર આપે છે કે.

यत्रयत्रधूमस्तत्रतत्रवन्हिरितिव्याप्तिः અર્થાત્ જ્યાં જ્યાં ધૂમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે એ વ્યાપ્તિ છે. પુનઃ યજ્ઞદત્ત પ્રશ્ન કરે છે કે તમને એ વ્યાપ્તિ જ્ઞાન કયાંથી થયું છે કે **यत्रयत्रधूमस्तत्रतत्रवन्हिः** દેવદત્ત ઉત્તર આપે છે કે મેં રસોડામાં એવું જોયું છે

હવે વિચારો. પ્રથમ પ્રત્યક્ષ જ્ઞાન થયું. ત્યારપછી વ્યાપ્તિ જ્ઞાન થયું ત્યારપછી પર્વતમાં અગ્નિ છે એ અનુમાન જ્ઞાન થયું. અનુમાન વ્યાપ્તિ જ્ઞાનને આધીન છે. અને વ્યાપ્તિ જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાનને આધીન છે. એટલા માટે જેનું પ્રત્યક્ષ જ્ઞાન થયું નથી તેનું અનુમાન જ્ઞાન પણ થતું નથી. નિરાકાર ઇશ્વરનું તમને પ્રત્યક્ષ જ્ઞાનજ થયું નથી તો પછી અનુમાન જ્ઞાન તે ક્યાંથી થશે? યદિ કહો કે અમે ઉપમાન પ્રમાણથી નિરાકારની સિદ્ધિ કરીશું તો તમારૂં એ કહેવું ટકી શકે એમ નથી, કારણકે **नतस्यप्रतिमाअस्ति** નિરાકારની કોઇ ઉપમાજ નથી તો ઉપમાન પ્રમાણથી કેવી રીતે સિદ્ધ કરી શકશો? યદિ કહો કે અમે વેદથી નિરાકારની સિદ્ધિ કરીશું તો તેમાં એ દોષ

આવે છે તે એ છે કે નિરાકારને વેદનો આશ્રય લેવો પડશે, અને વેદને નિરાકારનો લેવો પડશે. એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે. વળી સાંભળો. તમે ઈશ્વરને નિરાકાર નિરવયવ માનો છો તો તમને પૂછવામાં આવે છે કે જે નિરાકાર વસ્તુ હોય છે તે નિષ્ક્રિય હોય છે કે સક્રિય? યદિ કહો કે નિષ્ક્રિય હોય છે તો નિષ્ક્રિય પરમાત્માથી જગતની ઉત્પત્તિ કેવી રીતે થશે? વટનું બીજ સાકાર છે તો તેમાંથી સાકાર વટ વૃક્ષની ઉત્પત્તિ થાય છે એ અનુભવ સિદ્ધ છે. જે વાત અનુભવ સિદ્ધ હોય છે તેનું ખંડન કરવાને સાક્ષાત્ બ્રહ્મા પણ સમર્થ નથી. નિરાકાર નિષ્ક્રિય પરમાત્માથી સાકાર જગતની ઉત્પત્તિ કદી પણ થઈ શકે નહિ. યદિ કહો કે નિરાકાર વસ્તુ હોય છે તે સક્રિય હોય છે તો દૃષ્ટાંત આપો. જ્યાં સૂધી અગ્નિ સૂક્ષ્મરૂપમાં હોય છે ત્યાં સૂધી તે કાંઇ પણ ક્રિયા કરી શકતો નથી. જ્યારે તે સ્થૂલરૂપમાં આવે છે ત્યારેજ કરી શકે છે. યદ્યપિ અગ્નિની શક્તિ અખિલ જગતને ભસ્મીભૂત કરવાની છે, પરંતુ જ્યાં સૂધી તે સ્થૂલરૂપમાં આવતો નથી ત્યાં સુધી તૃણને પણ બાળવાને તે શક્તિમાન્ નથી, તેમ પરમાત્મા જ્યાં સૂધી સ્થૂલ રૂપમાં આવતો નથી, ત્યાં સૂધી કદી પણ જગતની ઉત્પત્તિ કરી શકતો નથી. યદિ કહો કે પરમાત્માની અચિંત્ય શક્તિ સર્વ વસ્તુની ઉત્પત્તિ કરવા સમર્થ છે, તો તમારૂં આ કહેવું ટકી શકે એમ નથી. પરમાત્માની શક્તિ સાકાર સાવયવ છે કે નિરાકાર નિરવયવ છે? યદિ કહો કે સાકાર સાવયવ છે તો નિરાકાર પરમાત્માની શક્તિ સાકાર સાવયવ કેવી રીતે હોઈ શકે? વળી શક્તિને સાકાર સાવયવ માનવાથી તે શક્તિ અનાદિ રહી શકશે

નહિ સ્વામીદયાનંદે પ્રકૃતિને ઇશ્વરની શક્તિ કહી છે અને તેને અનાદિ કહી છે. યદિ કહો કે પરમાત્માની શક્તિ નિરાકાર નિરવયવ છે તો તે સાકાર સાવયવ જગતની ઉત્પત્તિ કરી શકશે નહિ કારણુ કે પદાર્થ વિદ્યાથી સિદ્ધ થઇ ચૂકયું છે કે સાકારથી સાકારની ઉત્પત્તિ થઈ શકે છે. વળી શક્તિને નિરાકાર નિરવયવ માનશો તો તેમાં પરમાત્મા વ્યાપક રહેશે નહિ. કારણુ કે પદાર્થ વિદ્યાથી સિદ્ધ થઈ ચૂકયું છે કે સાકાર વસ્તુમાં નિરાકાર વ્યાપક રહે છે. નિરાકારમાં નિરાકાર કેવી રીતે વ્યાપક રહે છે તે સમજાવો. શું તમારી પાસે કોઈ એવી યુક્તિ છે જે કદાપિ કાપી શકાય નહિ?

આપે કહ્યું કેઃ—"મૂર્તિ ઉપર આવીને કુતરાઓ મૂતરી જાય છે ઉંદરો દોડાદોડ કરે છે તે મૂર્તિ તમારૂં શું કલ્યાણુ કરશે? જે પોતાનું રક્ષણુ કરી શકતી નથી તે અન્યનું શું કરી શકશે"? હે ભાઇ! પહેલાં તો તમે બતાવો કે મૂર્ત્તિ ઉપર કૂતરાઓ મૂતરતાં તમે કયાં જોયા? શું અસત્ બોલવાનોજ તમે નિયમ લીધો છે? કૂતરાઓ મૂતરી જાય છે એમ માની લીધું તો પણુ તેથી અમારી હાનિ નથી. સાંભળો શ્રુતિ કહે છે કે **असंगोह्ययंपुरुषः** પરમાત્મા કદી પણુ કોઇ વસ્તુથી લેપાતો નથી, જેમ આકાશ સર્વ વસ્તુમાં રહે છે પરંતુ તે વસ્તુના ગુણુદોષથી તે લેપાતું નથી તેમ પરમાત્મા કોઇથી લેપાતો નથી. કારણુકે તે નિર્લેપ છે. ઘડાને આવી કોઇ ફોડી નાખે તેથી શું તેમાં રહેલું આકાશ હાનિને પ્રાપ્ત થાય છે? કદી નહી. વધારે ઉંડા ઉતરીને જોશો તો તમને સ્પષ્ટ જણુાશે કે

જ્યારે યોગીને દુઃખની પ્રાપ્તિ થતી નથી તો પછી પરમાત્માને ક્યાંથી થશે ? तत्रकोमोहः कः शोकएकत्वम् पश्यतः

જેને એકત્વની દૃષ્ટિ થઈ ગઇ છે તેને શોક શો ને મોહ શો? જ્યારે યોગી પણ શોક મોહને પ્રાપ્ત થતો નથી, ત્યારે પરમાત્મા થાય ખરો ? હે ભાઈ! તમે મૂર્તિને પથ્થર જોઇ રહ્યા છો, પરંતુ એ તમારી અજ્ઞાનતાનું પરિણામ છે. પથ્થર પથ્થર રૂપે નથી, નદી નદી રૂપે નથી, સાગર સાગર રૂપે નથી, ઝાડ ઝાડ રૂપે નથી, પહાડ પહાડ રૂપે નથી, સૂર્ય સૂર્ય રૂપે નથી, ચંદ્ર ચંદ્ર રૂપે નથી પરંતુ આ સઘળુંજ બ્રહ્મ છે. શ્રુતિ પણ કહે છે કે सर्वंखल्विदंब्रह्म नेहनानास्तिकिंचन इदंसर्वंयदयमात्मा मृत्योः समृत्युमाप्नोतिय इहनानेवपश्यति.

यत्रहिद्वैतमिवभवतितदितर इतरंपश्यति.

યદિ કહો કે અમે પ્રકૃતિ જીવ અને ઇશ્વરને સત્ માનીએ છીએ. જગત અસત્ છે એ અમે માનતા નથી તો તમારૂં એ કહેવું ટકી શકે એમ નથી. તમે પ્રકૃતિ જીવ અને ઇશ્વરને સત્ કહો છો તો બતાવો કે એ ત્રણમાં શી વિલક્ષણતા છે? પ્રકૃતિ અને જીવ ઇશ્વરથી ભિન્ન છે કે અભિન્ન ? યદિ કહો કે ભિન્ન છે તો પછી ત્રણને સત્ શા માટે કહો છો? સત્ય વસ્તુ એકજ હોય છે તે કદી પણ અનેક હોઇ શકેજ નહીં. યદિ કહો પ્રકૃતિ અને જીવ ઇશ્વરથી અભિન્ન છે તો પછી પ્રકૃતિ જીવ અને ઇશ્વર એ ત્રણે સત્ છે એ તમારાથી રહી શકાશે નહીં. ઉભય પાશા રજ્જુ ન્યાયથી તમારાથી છૂટી

શકાય એમ નથી. વળી તમારી ભૂલો જુઓ. તમે ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, હર્ષ, શોક, માન, અપમાન વગેરે જીવમાં સમવાય સંબંધથી માનો છો કે સંયોગ સંબંધથી ? કિંવા કલ્પિત સંબંધથી ? યદિ કહો કે અમે ઇચ્છા સુખ દુઃખ વગેરે જીવમાં સમવાય સંબંધથી માનીએ છીએ તો એ તમારૂં કહેવું ટકી શકે એમ નથી, કારણ કે ગુણ ગુણી, ક્રિયા ક્રિયાવાન, દેહ દેહી એનો સમવાય સંબંધ કદી પણ નષ્ટ થશે નહીં, અને તેથી હે આર્ય સમાજી ! તમારામાંથી કોઇ પણ જીવ મુક્ત થશે નહીં. યદિ કહો કે ઇચ્છા સુખ દુઃખ વગેરે જીવમાં સંયોગ સંબંધથી રહે છે તો તે પણ ચાલે એમ નથી. કારણ કે સાકાર વસ્તુનોજ સંયોગ સંબંધ થાય છે. પદાર્થ વિદ્યાથી સિદ્ધ થઈ ચુકયું છે કે નિરાકારને સાકારનો કદી પણ સંયોગ સંબંધ થતો નથી. યદિ કહો કે ઇચ્છા સુખ, દુઃખ, વગેરે જીવમાં કલ્પિત સંબંધથી રહે છે ત્યારે તો તમારે વેદાંતીના ચેલા થવું પડશે. કોઇ પણ રીતે તમે ફાવી શકો એમ નથી. ઉંદરો દોડે તેમાં ચૈતન્યની કશી હાનિ નથી કારણ કે તે નિર્વિકાર છે. પરમાત્મામાં વૈષમ્ય અને નૈર્ધૃણ્ય નથી. એતો કર્મ પ્રમાણેજ ફળ આપે છે. પરમાત્મા ક્રોધ કરે તો પછી અજ્ઞાની જેવોજ ગણાય. રાગ દ્વેષ અજ્ઞાનીમાં હોય છે. જ્ઞાનીમાં રાગ દ્વેષ હોતા નથી. તો પછી પરમાત્મામાં તે કયાંથીજ હોય ? તમે કહ્યું કે જડની ભાવના કરવાથી જડ થઇ જવાય છે. પરંતુ પ્રથમ તો સ્વામી દયાનંદને ધમકાવો. તેઓએ પીઠની હાડકીમાં મનને સ્થિર કરવાનું લખ્યું છે. શું તમે દયાનંદના લખ્યા પ્રમાણે હાડકીમાં મનને સ્થિર કરો છો ? જો એમ હોય તો તમે જડની ભાવના કરનારાજ ઠર્યા. હાડકી

સમાન ધિક્કારવા યોગ્ય વસ્તુમાં મનને સ્થિર કરવાનું સ્વામી દયાનંદે કેમ લખ્યું છે ? સનાતન ધર્મી ઉપર તમે વારંવાર આક્ષેપ મૂકો છો તો સાંભળો. જડની ભાવના કરવાથી કોણુ જડ થઇ જાય છે ? યદિ જીવ કહો તો તમને પૂછવામાં આવે છે જીવ જડ છે કે ચેતન ? યદિ જડ કહો તો આ શરીરને ચલાવનાર અન્ય ચેતન તમારે માનવું પડશે. તેને ચલાવનાર વળી અન્ય ચેતન માનવું પડશે. એવી રીતે અનવસ્થા દોષની પ્રાપ્તિ થશે. યદિ કહો કે જીવ ચેતન છે તો તમને પૂછવામાં આવે છે કે જીવમાં જે ચેતનતા રહે છે તે ઔપાધિક છે કે સ્વાભાવિક ? યદિ ઔપાધિક કહો તો જેમ અગ્નિમાં નાખેલા લોખંડના ગોળામાં આવેલી દાહકતા અમુક કાલ સૂધી રહી નષ્ટ થઇ જાય છે તેમ ઉપાધિના સંબંધથી જીવાત્મામાં આવેલી ચેતનતા અમુક કાલ સૂધી રહી નષ્ટ થઇ જશે અને તેથી કૃતનાશ અને અકૃતાભ્યાગમ એ બે દોષો આવીને ઉપસ્થિત થશે તેને તમે કેવી રીતે રોકી શકશો? યદિ કહો કે જીવાત્મામાં જે ચેતનતા રહેલી છે તે સ્વાભાવિક છે તો જેવી રીતે અગ્નિમાં રહેલી સ્વાભાવિક ઉષ્ણતા કદીપણુ નષ્ટ થતી નથી, તેમ જીવાત્મામાં રહેલી સ્વાભાવિક ચેતનતાનો નાશ કદીપણુ થશે નહિ. ઉભય પાશા રજ્જુ ન્યાયથી તમારાથી છટકી શકાય એમ નથી. હે પથ્થર દેવ ! હે પાષાણુ દેવ ! એમ તો એક અજ્ઞ પુરુષ પણુ કહેતો નથી. તો પછી સનાતન ધર્મ ઉપર નકામો આક્ષેપ કરવાથી તમને કયા લાભની પ્રાપ્તિ થાય છે ? શું અન્યની નિંદા કરવાથીજ તમારૂં પેટ ભરાઈ જાય છે ? શું નિંદા કરવી એનેજ તમે તમારૂં મુખ્ય કર્તવ્ય સમજો છો ? જે વસ્તુ વ્યાપક છે તેનું સર્વત્ર પૂજન કરવા કોઈપણુ સમર્થ નથી. જેમ વ્યાપક

અગ્નિને એક સ્થલે પ્રકટાવ્યા વિના આપણે રસોઇ વગેરે કરી શકતા નથી, તેમ વ્યાપક પરમાત્માનું સર્વત્ર પૂજન કરી શકતા નથી. શું એક સ્થલે અગ્નિ પ્રકટાવ્યાથી અન્ય સ્થલેથી તેનો અભાવ થઈ જાય છે? જો અભાવ થઈ જતો હોય તો પછી અન્ય સ્થલેથી અગ્નિ ઉત્પન્ન થવો ન જોઇએ. **नासतो विद्यते भावो नाभावो विद्यते सतः** અભાવથી ભાવની ઉત્પત્તિ થતી નથી અને ભાવથી અભાવની ઉત્પત્તિ થતી નથી. યદિ કહો કે પરમાત્મા એકરસ અને નિર્વિકાર છે. અગ્નિ તેવો નથી તો એ તમારૂં કહેવું ચાલી શકે એમ નથી. જો અગ્નિ એકરસ ના હોય તો અન્ય સ્થલેથી પ્રકટ થાય નહીં પરંતુ એ દરેક સ્થલેથી પ્રકટ થઇ શકે છે તેથી તે એકરસજ છે. જો એક સ્થલે ઉત્પન્ન કર્યાથી અગ્નિમાં વિકાર આવી જતો હોય તો દૂધથી બનેલું દહીં જેમ ફરીને દૂધ થતું નથી, તેમ અગ્નિ મૂલ સ્વરૂપમાં કદી પણ પ્રકટ થવો ના જોઇએ પરંતુ તેમ થાય છે તેથી તમારી મિથ્યા કલ્પના હવામાં ઉડી જાય છે. તમને પૂછવામાં આવે છે કે તમે જ્યારે નિરાકારના નામનું ધ્યાન ધરવા અમુક દિશાએ બેસો છો ત્યારે શું અન્ય દિશામાંથી પરમાત્મા ખંડિત થઈ જતો નથી? વ્યાપક પરમાત્માને એક દેશી કેમ બનાવી દોછો? એકજ સમયે તેનું સર્વત્ર પૂજન કેમ કરતા નથી? યદિ કહો કે જે વસ્તુ વ્યાપક છે તેનું સર્વત્ર પૂજન થઈ શકતું નથી તો પછી સનાતન ધર્મ ઉપર કરડી નજરે કેમ જુઓ છો? સનાતન ધર્મી પથ્થરને પૂજતા નથી, પરંતુ પથ્થરદ્વારા વ્યાપક પરમાત્માની પૂજા કરે છે. તમને પૂછવામાં આવે છે કે તમે તમારા ગુરૂને તથા માતાપિતાને હાર પહેરાવી પૂજો છો તે શરીરને પૂજો છો કે

જીવને ? યદિ કહો કે શરીરને પૂજીએ છીએ તો તમે મલ, મૂત્ર, રૂધિર, અસ્થિ વગેરેના પૂજારી ઠર્યા. શરીર તો કેવળ અપવિત્ર વસ્તુથી બનેલું છે. વળી શરીર જડ છે તો તમે જડના પૂજારી થયા કે નહીં ? આવા દુર્ગંધ યુક્ત શરીરની પૂજા કરવા કરતાં દુર્ગંધ રહિત પાષાણદ્વારા પરમાત્માની પૂજા કેમ શ્રેષ્ઠ નહીં ? યદિ કહો કે અમે શરીરની પૂજા કરતા નથી અમે જીવાત્માની પૂજા કરીએ છીએ તો બતાવો કે તે જીવ કાળો, ધોળો, પીળો, લાલ કે લીલો છે ? યદિ બતાવી ન શકો તો અમે જીવની પૂજા કરીએ છીએ એમ કેમ કહો છો ? યદિ કહો કે અમે શરીરદ્વારા જીવાત્માની પૂજા કરીએ તો પછી સનાતન ધર્મી પણ મૂર્ત્તિદ્વારાજ પરમાત્માની પૂજા કરે છે તેમાં તમને અકળામણ કેમ થાય છે ? ધન્ય બુદ્ધિ ! યદિ કહો કે શરીરમાં રહેલા ચેતનની પ્રત્યક્ષમાં પ્રસન્નતા દેખાય છે. મૂર્ત્તિમાં પ્રસન્નતા દેખાતી નથી તો એ કહેવું કેવલ હાસ્યજનક છે. મૂર્ત્તિદ્વારા ઇશ્વરની પ્રસન્નતા થતી નથી એવું જ્ઞાન તમને કયા પ્રમાણથી થયું છે ? યદિ કહો કે પ્રત્યક્ષ પ્રમાણથી થયું છે તો તમારો ઈશ્વર દૃશ્ય થઇ ગયો. જેમ ઘટ દૃશ્ય હોવાથી તેનો નાશ થઈ જાય છે તેમ ઈશ્વર દૃશ્ય થવાથી તેનો નાશ થઇ જશે. વળી પ્રત્યક્ષ પ્રમાણ પણ વ્યભિચાર વિનાનું નથી તે શું તમે જાણતા નથી ? શું ઇશ્વર જાણતો નથી કે મૂર્ત્તિદ્વારા મારૂંજ પૂજન થાય છે. યદિ કહો કે તે જાણતો નથી તો પછી તે સર્વજ્ઞ કેમ કહેવાય છે ? શું અમારી શ્રદ્ધાને ભક્તિથી મહા દયાળુ પરમાત્મા પ્રસન્ન નહિ થશે ? શું ઇશ્વરમાં વિષમતા તથા નિર્દયતા કદી પણ હોય છે ? શું મલ્લિકાનું બીજ

નાખવાથી કદી પણ કંટકની પ્રાપ્તિ થાય છે ? ભક્તિરૂપી સરિતામાં સ્નાન કરનારને શું અલભ્ય લાભની પ્રાપ્તિ થતી નથી ? ગીતામાં કૃષ્ણ પરમાત્મા કહે છે કેઃ—

समोहंसर्वभूतेषुनमेद्वेष्योस्तिनप्रियः
येभजन्तितुमांभक्त्यामयितेतेषुचाप्यहम्.

હું સર્વ પ્રાણીઓમાં સમ છું મને કોઇ અપ્રિય પણ નથી અને પ્રિય પણ નથી. પરંતુ મને જેઓ ભક્તિથી ભજે છે તેઓ મારામાં વર્ત્તે છે અને હું પણ તેઓમાં વર્તું છું. શું સનાતન ધર્મી પથ્થરની પૂજા કરનારા છે ? શું તેઓ મંદિરમાં જઇ પથ્થરની પ્રાર્થના કરે છે ? શુ તેઓ પરમાત્માનું સ્તવન કરતા નથી ? જરા સત્યને વચમાં રાખી વિચાર કરો. પક્ષપાતને છોડી દો જે ઉત્તમ રહસ્ય મૂર્તિપૂજામાં રહેલું છે તેનું જ્ઞાન તમને હોત તો નકામી નિંદા કરવા કદાપિ તત્પર થાત નહીં. તમે કહ્યું કેઃ-"તમે મૂર્તિમાં ઇશ્વરની ભાવના કરો છો તે પણ અસત્ય છે કારણકે અન્યમાં અન્યની ભાવના કરવી એ અવિદ્યાનુંજ પરિણામ છે." આ તમારૂં કહેવું વિચાર વગરનું છે. તમે ભાવનાનુ સ્વરૂપ સમજતાજ નથી. તમે માંસ રૂધિર મેદ મજ્જા અસ્થિ વગેરેથી બનેલા શરીરમાં પૂજ્ય બુદ્ધિ રાખી તેને હાર પહેરાવો છો એ શું અન્યમાં અન્યની બુદ્ધિ નથી ? શું તમે ચર્મ અસ્થિ આદિની પૂજા કરતા નથી ? શું તમે અશુચિમાં શુચિ બુદ્ધિ રાખતા નથી ? યોગ ભાષ્યમાં વ્યાસજી લખે છે કેઃ-

स्थानाद् बीजादुपष्टम्भान्निस्पन्दान्निधनादपि ।
कायमाधेयशौचत्वात्पण्डिताह्यशुचिंविदु ॥

સ્થાન, બીજ, ઉપષ્ટમ્ભ, નિસ્પન્દ, નિધન આધેયશૌચ, એ ૭ કારણુથી મનુષ્યાદિના શરીરને પંડિત લોક વાસ્તવિક અપવિત્ર માને છે.

સ્થાન—અનેક પ્રકારના મલ મૂત્રાદિથી ભરેલ ગર્ભાશય આ શરીરની ઉત્પત્તિનું સ્થાન છે. બીજ—જે શુક્ર શોણિતના નિકળવાથી સ્ત્રી પુરૂષ અપવિત્ર થઇ જાય છે એનાથી માસિક ધર્મ સમયે ત્રણુ દિવસ સૂધી સ્ત્રીનો સ્પર્શ પણુ નિષિદ્ધ છે કેમકે એ દિવસોમાં એજ બીજરૂપ શોણિત નિકળે છે એ અપિત્ર શુક્ર શોણિત રૂપ બીજથી આ શરીરની ઉત્પત્તિ થાય છે.

ઉપષ્ટમ્મ—ગર્ભિણી સ્ત્રી જે જે અન્ન જળ ખાય પીએ છે તે અન્ન જલથી રૂધિરનો પૂર્વરૂપ પહેલો રસ ધાતુ બને છે તેજ ગર્ભ શરીરનો ઉપષ્ટમ્મ નામ પોષક છે. તાત્પર્ય એ છે કે જે રસ ધાતુથી શરીર પોષાય છે તે પોતેજ અશુચિ છે એથી પણ શરીર અશુદ્ધ છે.

નિસ્પન્દ—શિરમાં સાત અને નીચે બે એ નવ છિદ્રોમાંથી પ્રત્યેક સમયે મલિનતા નિકળ્યા કરે છે. યદિ એ શરીર પવિત્ર હોત તો પ્રત્યેક સમયે એમાંથી મલિનતા કેમ નિકળત ?

નિધન—કોઇ મનુષ્યના મરી જવાથી શબનો સ્પર્શ કિંવા દાહ કરવાવાળાને દશ દિવસની અશુદ્ધિ લાગે છે એથી પણુ શરીરનું અશુદ્ધ હોવું સિદ્ધ છે.

આધેય શૌચ—ધર્મશાસ્ત્રોમાં શરીર શુદ્ધિ માટે વિધાન છે કે સમય આ પ્રકારથી એની શુદ્ધિ કરવી જોઇએ. પરંતુ આ અધિક

શરીર સ્વભાવથીજ અશુદ્ધ છે, એને પવિત્રને પૂજ્ય માનવું એ મોટી અવિદ્યા નથી તો બીજું શું છે ? કેમ સમજ્યા ? હવે પૂરેપૂરા ઘેરાયા કે નહિ ? તમે સ્વયં અવિદ્યાના પૂજારી હોવા છતાં સનાતન ધર્મી ઉપર આક્ષેપ કરતાં તમને સંકોચ કેમ પ્રાપ્ત થતો નથી ? હવે સત્ તથા અસત્ ભાવના કોને કહે છે તે સાંભળો. મૃત્તિકામાં ઘડાની ભાવના, કનકમાં કુંડળની ભાવના, સૂત્રમાં વસ્ત્રની ભાવના, તોયધિમાં બુદ્‌બુદની ભાવના અસત્ ભાવના કહેવાય છે. તથા ઘડામાં મૃત્તિકાની ભાવના, કુંડળમાં કનકની ભાવના, વસ્ત્રમાં સૂત્રની ભાવના તથા બુદ્‌બુદમાં તોયધિની ભાવના સત્ કહેવાય છે.

જેમ સૂત્રથી વસ્ત્ર કોઇ ભિન્ન વસ્તુ નથી, વસ્ત્રમાં સૂત્રજ ઓત પ્રોત રહેલું છે તેમ પરમાત્માથી આ જગત્ ભિન્ન નથી. પરમાત્મા સર્વમાં ઓતપ્રોત રહેલો છે. વેદ ડંકો વગાડી કહે છે કેઃ- **सओतः प्रोतश्च विभूः प्रजासु** કેમ હવે ભાવનાનું ખરું સ્વરૂપ સમજ્યા ? મૂર્તિ એ પથ્થર નથી. તમે જે જુઓ છો તે સત્ય નથી, પરંતુ એ તો રજ્જુમાં સર્પ જેમ મિથ્યા જણાય છે, તેમ મિથ્યાજ ભાસે છે. જ્યાં સુધી રજ્જુમાંથી સર્પની કલ્પના નષ્ટ થતી નથી, ત્યાં સુધી ભ્રાંતિનો કદી પણ ઉચ્છેદ થતો નથી, તેમ જ્યાં સુધી પરમાત્મામાં કલ્પાયેલા મિથ્યા જગતને ઉડાવી દેવામાં આવતું નથી, ત્યાંસુધી શાશ્વત સુખની કદીપણ પ્રાપ્તિ થતી નથી. આવો ઉંચો સિદ્ધાંત મનમાં રાખી મૂર્તિમાં ઇશ્વરનીજ ભાવના કરવામાં આવે છે કારણકે જે કાંઈ જણાય છે તે સઘળું બ્રહ્મજ છે. **एकमेवाद्वितीयं** એ શ્રુતિ પણ એમજ કહે છે. આવો ઉંચો સિધ્ધાંત જાણ્યા વિના મિથ્યા નિંદા કરવાથી મૂર્તિપૂજાનું માહાત્મ્ય જરા પણ ઓછું

થવાનું નથી. તમે કહ્યું કેઃ-"ઈશ્વરની ભાવના મૂર્તિપૂજામાં થઇ શકતી હોય તો ધૂલિમાં લોટની, પાણીમાં દૂધની, પથ્થરમાં હીરાની, પિત્તળમાં સોનાની, ઝેરમાં અમૃતની, પંકમાં સુગંધની, તથા રેતીમાં તેલની ભાવના સત્ય થવી જોઇએ." ભાવનાનું સ્વરૂપ ઉપર સમજાવ્યું છે, પરન્તુ હવે તમારૂં પુનઃ ખંડન કરવામાં આવે છે. ધૂલિમાં લોટ વ્યાપક નથી, પાણીમાં દૂધ વ્યાપક નથી, પથ્થરમાં હીરો વ્યાપક નથી, પિત્તળમાં સોનું વ્યાપક નથી, ઝેરમાં અમૃત વ્યાપક નથી, પંકમાં સુગંધ વ્યાપક નથી, તથા રેતીમાં તેલ વ્યાપક નથી તેથી એ ભાવના અસત્ છે, પરંતુ પરમાત્મા બધામાં ઓતપ્રોત રહેલો છે તેથી મૂર્તિમાં તેની ભાવના થઇ શકે છે. તમે કહ્યું કેઃ- "જે વખતે મહમદ ગીજનવી મૂર્ત્તિના કકડે કકડા કરી લઇ ગયો તે સમયે મૂર્ત્તિએ શું કર્યું? શું તેનામાં કાંઇપણ દૈવત હોત તો મહમદ ફાવી શકત? હવે એનો ઉત્તર સાંભળો. પ્રથમ તો આપને એ પૂછવામાં આવે છે કે જે પ્રસંગે સ્વામી દયાનંદને વિષ દેવામાં આવ્યું તથા લેખરામનું ખૂન કરવામાં આવ્યું તે વખતે તમારા નિરાકાર ઇશ્વરે શું કર્યું? સ્વામી દયાનંદ તો વેદનું ભાષ્ય કરનાર હતા. નિરાકારના ઉપાસક હતા છતાં કેમ માર્યા ગયા? હજારો આર્ય સમાજી બંધુઓ નિરાકારની ઉપાસના કરે છે છતાં શામાટે મૃત્યુને સ્વાધીન થાય છે? શું તમારા નિરાકાર નિર્દય છે? શું સહાયતા આપવાની તેનામાં શક્તિ નથી? પ્રથમ તમારો સંપૂર્ણ વિચાર કરી બીજાની નિંદા કરવા તત્પર થાઓ. હવે મહમદને તે તે વખતે મારી કેમ ન નાંખ્યો તેનું કારણ સાંભળો. ઇશ્વર કર્મ પ્રમાણે ફળ આપે છે એનામાં વૈષમ્ય અને નૈઘૃણ્ય નથી. બ્રહ્મસૂત્રમાં મહર્ષિ વ્યાસ કહે છે કેઃ-

वैकल्य नैर्घृण्ये न सापेक्षत्वात्तथाहि दर्शयति ।

મહમદનું કર્મ સુખ પ્રાપ્ત કરવાનું હતું અને તેથી તે મૂર્ત્તિને તોડવામાં ફાવી ગયો. ઈશ્વરને રાગ દ્વેષ નથી. જનક રાજાએ કહ્યું છે કે:– "જો કોઇ મારા જમણા હાથને ચંદન ચોપડે અને ડાબા હાથને વાંસલા વડે છોલવા માંડે તો પણ મારા મનમાં તે બન્ને કર્મ સમાન છે." જ્યારે યોગી પણ રાગ દ્વેષનો ત્યાગ કરે છે ત્યારે યોગીના પણ યોગી પરમાત્માને રાગ દ્વેષ કેમજ હોય? શું કોઇ કંટકને વાવી આમ્રફળને પામે છે? કદી નહી. મહમદે જે અઘટિત કાર્ય કર્યું તેનું ફલ તેને ઈશ્વરના ન્યાય પ્રમાણે મળ્યા વિના રહ્યું નથી. અમે મૂર્ત્તિ કાંઇ કરે છે એમ કહેતાજ નથી. તમારી બુદ્ધિમાં પાષાણુજ રમ્યા કરે છે તેથી તમે માત્ર મૂર્ત્તિને પાષાણુ રૂપેજ જુઓ છો. અમે તો ચેતનના પૂજારી છીએ. જડના પૂજારી તો તમેજ છો. સાંભળો. સ્વામી દયાનંદ સં. વિ. માં લખે છે કે:–

शिवोनामासि मंत्र पढके क्षुरेको दहिने हाथमें लेवे और क्षुरेसे कहेकि हे क्षुरा तेरा नाम शिव है. तेरे पिताका नाम स्वधिति है तुजको नमस्ते करते है तू मुजे मत मारियो.

ક્ષુરાને નમસ્તે કરનાર સ્વામી દયાનંદ જડના ઉપાસક કે ચેતનના તે તમેજ કહો. સ્વામી દયાનંદના ગ્રંથોમાંજ આવી રીતે જડને નમસ્તે કરવામાં આવે છે તો પછી ઇશ્વરની પૂજા કરનારા સનાતન ધર્મી ઉપર તમે નકામો આક્ષેપ શામાટે કરો છો? તમે ક્ષુરાને ક્ષુરા બુદ્ધિથીજ નમસ્તે કરો છો પરંતુ સનાતન ધર્મી તો પાષાણને પાષાણ બુદ્ધિથી નહિ પરંતુ ઇશ્વર બુદ્ધિથીજ નમે છે. કાર-

શુકે ચેતન અદૃશ્ય છે. જે અદૃશ્ય છે તેનું ધ્યાન જડના આધા-રથીજ થઇ શકે છે વાસ્તવિક રીતે જોતાં જડ એવી વસ્તુજ નથી. જે કાંઈ દેખાય છે તે સઘળું બ્રહ્મજ છે. પરંતુ જ્યાં સુધી માયાનો ઉચ્છેદ થયો નથી, ત્યાં સુધીજ સૃષ્ટિ છે. દૃષ્ટિનો નાશ થવાથી સૃષ્ટિજ નથી. જ્યાં સુધી સ્વપ્ન છે ત્યાં સુધી સ્વપ્નનો વ્યવહાર સત્ય છે, તેમ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી બધો વ્યવહાર સત્ય છે. જેમ સ્વપ્નના નાશથી સ્વપ્નનો વ્યવહાર નાશ પામે છે, તેમ અજ્ઞા-નના નાશથી સંસારનો ઉચ્છેદ થઈ જાય છે. અજ્ઞાન કલ્પિત હો-વાથી દ્વૈતાપત્તિ નથી.

તમારાથી મૂર્ત્તિ પૂજાનું ઉંચું રહસ્ય સમજાયું નથી તેથી તમે મિથ્યા નિંદા કરી ફુલાઇ જાઓ છો. દુરાગ્રહનું ઔષધ તો બ્રહ્મા પાસે પણ નથી, પરંતુ જો તમે તમારા વિચારને લંબાવી જોશો તો તમને મૂર્ત્તિપૂજામાં રહેલી ખૂબીનું જ્ઞાન થયા વિના રહેશે નહીં. મહમદે મૂર્ત્તિ તોડી તેથી ઇશ્વરની શી ક્ષતિ થઇ? જેમ શરીરના નાશથી જીવાત્માનો નાશ થતો નથી, કારણ કે તે અજ છે, તેમ મૂર્ત્તિના નાશથી ઇશ્વરનો નાશ થતો નથી કારણ કે તે અજ છે. જીવાત્માને પરમાત્માનો ભેદ વ્યવહારમાંજ મનાય છે. વસ્તુતઃ જીવાત્મા તેજ પરમાત્મા છે. ચેતનમાં ભેદ હોઇ શકેજ નહિ. તમે કહ્યું કેઃ—

"माता पृथिव्या मूर्त्तिः पिता मूर्त्तिः प्रजापतेः માતા પિતાની સેવા કરવી એજ ખરી પૂજા છે. મૂર્ત્તિપૂજા એ તો કેવળ ધિક્કારવા યોગ્ય છે." હે ભાઇ! તમને પૂછવામાં આવે છે કે તમે માતા પિતાની પૂજા શુદ્ધ મનથી ક્યારે કરો છો? તમારા સ્વામી દયાન-ન્દજીએજ માત્ર ઉંદરોની દોડાદોડથી માતાપિતાનો ત્યાગ કર્યો એ શું

યોગ્ય કાર્ય કર્યું ? માતા પિતાની સેવાનું ઉલ્લંઘન તો પ્રથમ તમારા ગુરુએજ કર્યું છે. સનાતન ધર્મી તો પ્રથમથીજ કહે છે કે **मातृदेवो भव पितृदेवो भव आचार्यदेवो भव** તમને પૂછવામાં આવે છે કે તમે માતા પિતાની સેવા દેવભાવનાથી કરો છો કે નહિ? યદિ ના કહો તો શ્રુતિમાં માતાપિતાની સેવા દેવભાવનાથી કરવાની શા માટે કહી છે? યદિ હા કહો તો કોઇ દેવ નથી એવો તમારો સિદ્ધાંત જડમૂળથી કપાઇ ગયો કે નહિ? માતાપિતાદિનાં શરીરો શાથી બનેલાં છે તેનો વિચાર કરો. શું મલમૂત્રાદિથી એ શરીરો ભરપૂર નથી. શરીરમાં એવી શી સુંદર વસ્તુ છે કે તમે તેને પૂજ્ય માનો છો? નવદ્વારમાં એવું સારૂં શું છે કે તમને તેનાપર પ્રેમ ઉત્પન્ન થાય છે? યદિ કહો કે અમે શરીરને પૂજ્ય માનતા નથી. અમે તો શરીરની અંદર જે ગુપ્ત ચેતન છે તેનેજ પૂજ્ય માનીએ છીએ. ચેતનની પૂજા કરવા કેવલ અશક્ત હોવાથી માત્ર શરીરદ્વારાએ તેની પૂજા કરીએ છીએ." તો પછી હે ભાઇ! સનાતન ધર્મી પણ મૂર્ત્તિદ્વારા એજ ગુપ્ત ચેતનની પૂજા કરે છે. કાંઇ પથ્થરને તેઓ પૂજ્ય માનતા નથી. અદૃશ્ય ચેતનની પૂજા થઇ શકતી નથી અને તેથી શુદ્ધ ભાવના રાખી મૂર્ત્તિદ્વારાએ ઇશ્વરનેજ નમસ્કાર કરવામાં આવે છે. ઉંચામાં ઉંચો ખોરાક પણ જે શરીરમાં જવાથી થોડાજ વખતમાં નરક થઇ જાય છે તે શરીરદ્વારા તમે ચેતનને પૂજો છો તો પછી મલથી રહિત જે પાષાણ છે તે દ્વારાએ સર્વવ્યાપક પરમાત્માની પૂજા કરનાર સનાતન ધર્મી ઉપર નકામો આક્ષેપ કરી ભોળા લોકોને શા માટે ભમાવો છો? હવે તમે અમારી મૂર્ત્તિપૂજા ધિક્કારવા યોગ્ય છે કે

નહીં તેનો વિચાર કરો. તમે કહ્યું કે:– "વેદમાં કોઇ પણ સ્થલે મૂર્તિપૂજા જોવામાં આવતી નથી. મૂર્તિપૂજા જૈનોથી ચાલી છે." હે ભાઈ! તમારૂં આ કહેવું વિચારવાળું નથી. યદિ તમને કોઇ પુછે કે જે સંસ્કારો સંસ્કાર વિધિમાં લખ્યા છે તે બધા વેદમાંથી બતાવો તો તમે શું ઉત્તર આપશો? શું જે વાત વેદમાં હોય તેજ તમે માનો છો? જો એમ હોય તો સ્વામી દયાનન્દે બીજા ગ્રંથોના પ્રમાણો સત્યાર્થ પ્રકાશમાં શા માટે લખ્યાં છે? માત્ર વેદમાંથીજ કેમ ના લખ્યાં? વેદમાં ઇશ્વરના સાકાર સ્વરૂપનું વર્ણન કરેલું છે. સાકારસ્વરૂપની મૂર્ત્તિ બની શકે છે. સાંભળો.

एषोहदेवः प्रदिशोऽनुसर्वाः पूर्वोहजातः सउगर्भे अन्तः

सएवजातःसजनिष्यमाणः प्रत्यङ्जनास्तिष्ठतिसर्वतोमुखः

આજે પૂર્વોક્ત પુરુષ ઇશ્વર સર્વ દિશાઓમાં નાના રૂપ ધારણ કરીને ઠરી રહ્યો છે એજ પહેલાં સૃષ્ટિના આરંભમાં હિરણ્ય ગર્ભ રૂપથી ઉત્પન્ન થયો અને એજ ગર્ભમાં ભીતર આવ્યો એજ ઉત્પન્ન થયો અને એજ ઉત્પન્ન થશે. જે સર્વના ભીતર અંતઃકરણમાં ઠરી રહ્યો છે અને નાના રૂપ ધારણ કરીને સર્વ તરફ મુખોવાળો થઈ રહ્યો છે.

અથર્વ વેદમાં કહ્યું છે કે:–

आयोधर्माणिप्रथमःससादततोवपूंषि कृणुषे पुरूणि ।

સંસ્કૃતમાં વપૂ નામ શરીરનું પ્રસિદ્ધ છે. આ મંત્રથી ઇશ્વરનું સાકાર સ્વરૂપ સિદ્ધ થાય છે.

यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरोयं पृथिवीनवेद ।
यस्यपृथिवीशरीरम् यःपृथिवीमन्तरोयमयति ॥

જે પૃથિવીમાં ઠર્યો હોવા છતાં પણ પૃથિવીથી ભિન્ન છે. જેને પૃથિવી જાણતી નથી જેનું પૃથિવી શરીર છે. પૃથિવીની ભીતર રહ્યા છે છતાં એને ઠીક ઠીક નિયમમાં રાખી રહ્યા છે.

तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदुचन्द्रमाः ।
तदेवशुक्रंतद्ब्रह्म ताआपःसप्रजापतिः

તેજ અગ્નિરૂપ તેજ આદિત્યરૂપ તેજ વાયુ તેજ ચંદ્રમા અને તેજ જલરૂપ છે.

सहस्रस्य प्रमासि सहस्रस्य प्रतिमासि
सहस्रस्योन्मासि सहस्रायत्वा
यातेरुद्रशिवातनूरघोरापापकाशिनी

હે રુદ્ર ! તારૂં શરીર કલ્યાણ કરવાવાળું છે સૌમ્ય છે. તથા પુણ્યફળ દેવાવાળું છે एह्यश्मानमातिष्ठाश्माभवतुतेतनूः

હે ઇશ્વર ! તમે આવો અને પાષાણુની મૂર્તિમાં સ્થિત થાઓ આ પથ્થર તમારૂં શરીર થઈ જાય.

યજુર્વેદમાં કહ્યું છે કેઃ—

देवीद्यावा पृथिवीमखस्यवामद्यशिरो
राध्यासंदेवयजनेपृथिव्याः
मखायत्वा मखस्यत्वाशीर्ष्णे

હે દેદીપ્યમાન ! આકાશ અને પૃથિવી આજ હું યજ્ઞનું શિર સિદ્ધ કરૂં છું. હે પૃથિવી ! યજ્ઞને માટે તને લઉં છું યજ્ઞના શિરને માટે તને લઉં છું શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે

अथमृतपिण्डंपरिगृह्णातिदेवीद्यावापृथिवी इति

યજુર્વેદમાં કહ્યું છે કેઃ—

इयत्यग्रऽआसीन्मखस्य तेऽद्याशिरोराध्यासं

હે, પૃથિવી પૂર્વે તું પ્રાદેશ માત્રહતી તને આજ યજ્ઞના શિરને માટે લઉં છું. શતપથમાં કહ્યું છે.

अथवराहविहतम् इयत्यग्रऽआसीदितीयती हवाऽइय मग्रे पृथिवीव्यासप्रादेशमात्रीतामेमूषइति वराहउज्जघान सोऽ स्याःपतिःप्रजापतिः

(इयत्यग्रं) મંત્ર બોલીને સૂકરની ખોદેલી મૃત્તિકાને લે. આ પૃથિવી પ્રથમ પ્રથમ પ્રાદેશ માત્ર હતી તેને વરાહે ઉદ્ધૃત કરી તેજ આ પૃથ્વીના પતિ પ્રજાપતિ છે. શું આ ઉપરથી વરાહ અવતારસિદ્ધ થતો નથી ? અર્થ બદલી નાખવાથી કશા પણ લાભની પ્રાપ્તિ થતી નથી. વળી સાંભળો.

अथ मृत्पिण्डमुपादायमहावीरं करोति मखायत्वा मखस्यत्वा शीर्ष्णे प्रादेशमात्रं। प्रादेशमात्रमिवहिशिरोमध्येसंगृहीतमूमध्येसं-गृहीतमिवहिशिरोऽथास्योपरिष्टात्त्र्यङ्गुलंमुखं नयातिनासिकामे वास्मिन्नेतद्दधातीति.

શતપથમાં મૂર્ત્તિ તૈયાર કરવાનું સ્પષ્ટ કહ્યું છે, તો પછી નકામી નિંદા કરવાથી કયા અર્થની પ્રાપ્તિ થાય છે ?

त्र्यम्बकंयजामहेसुगन्धिंपुष्टिवर्द्धनम्

એ મંત્રમાં શિવજીના સાકાર સ્વરૂપનું વર્ણન કરેલું છે અર્થને ફેરવી નાખવો એ ગુણીનું કર્તવ્ય નથી.

यएषोऽन्तरादित्येहिरण्मयः पुरुषोदृश्यतेहिरण्यश्मश्रुर्हिरण्यकेशआप्रणखात्सर्वएवसुवर्णः। तस्ययथाकप्यासंपुण्डरीकमेवमक्षिणीतस्योदितिनामसएषसर्वेभ्यः पाप्मभ्यउदितः । उदेतिहवैसर्वेभ्यः पाप्मभ्यः

ભાવાર્થ—આજે આદિત્ય મંડલમાં હિરણ્યમય પુરુષ દેખાય છે જેને સુવર્ણના જેવી (ડાઢી) મૂછ અને સુવર્ણમય કેશ છે જે નખથી લઇને સંપૂર્ણ સુવર્ણમય છે અને વાનરના લાલ લાલ પુચ્છ ભાગ સમાન અક્ષિ છે તે સંપૂર્ણ પાપો દૂર કરે. વળી સાંભળો—**मुखायतेपशुपतेयानिचक्षूंषितेभव त्वचेरूपाय संदृशे प्रतीचीनाय तेनमः अङ्गेभ्यस्त उदराय जिह्वाया आस्यायते तद्भ्यो-गन्धायतेनमः**

હે પશુપતિ ! શિવજી તમારા મુખને નમસ્કાર છે. તમારાં ત્રણ ચક્ષુઓને નમસ્કાર છે. તથા પ્રત્યક્ષ દેખાતા તમારા રુપને નમસ્કાર છે. હે રુદ્રદેવ ! પશ્ચિમમાં રહેવાવાળા તમને નમસ્કાર છે. તમારા પેટને જીવ્હાને તથા અંગોને તમારા મુખસ્થ તાલ્વાદિને નમસ્કાર છે તથા તમારા શરીરમાંથી નિકળનારા ગંધને નમસ્કાર છે.

કહો હવે સાકારની પૂજાનું વેદમાં સાફ પ્રતિપાદન કરેલું છે કે નહિ? તમે કહ્યું કે:-"મૂર્ત્તિપૂજા જૈનોથી ચાલી છે" એ તમારૂં કહેવું કોણ માનશે ? અમે આપેલાં અનેક પ્રમાણોનો સંપૂર્ણ વિચાર કરશો તો તમને તમારી ભુલ સ્પષ્ટ જણાઈ આવશે. જીજ્ઞાસુ ભાવથી કોઇ સદ્‌ગુરૂ પાસે જઇ અભ્યાસ કરો. શ્રુતિનાં કપોલકલ્પિત અર્થ ઘડી કાઢી બિચ્ચારા અભણ વર્ગને શા માટે ભમાવો છો ? તમે કહ્યું કે:-"સાયન્સથી મૂર્ત્તિપૂજા વિરૂદ્ધ છે, પરંતુ તમારૂં એ કહેવું ટકે શકે એમ નથી. સાયન્સથી મૂર્ત્તિપૂજા સિદ્ધ થઈ ચૂકી છે. પાછળ અનેક યુકિત આપી અમે મૂર્ત્તિપૂજાનું રહસ્ય જણાવ્યું છે. તમે કહ્યું કે "મનુષ્યોના કલ્યાણ માટે પ્રાચીન ઋષિ મુનિઓએ **ષડ્‌દર્શન** વગેરે અનેક ગ્રંથોની રચના કરી પરંતુ તે ગ્રંથોનો ત્યાગ કરી મૂર્ખ મનુષ્યો પથ્થરને પૂજવા બેસી ગયા." હે ભાઈ! ષડ્‌દર્શન વગેરે ગ્રંથોને જેવી આસ્તિકતાથી સનાતન ધર્મી મનુષ્યો માને છે તેવી રીતે આર્યસમાજી કદી પણ માનતા નથી. જેવી શ્રદ્ધા અને ભક્તિ ઋષિઓ પ્રત્યે સનાતન ધર્મી મનુષ્યો રાખે છે, તેવી શ્રદ્ધા અને ભક્તિ આર્યસમાજી કદીપણ રાખતા નથી. જેટલું ફાવતું આવે છે તેટલું ગ્રહણ કરી બાકીનું ક્ષેપક છે એમ કહેવામાં આર્યસમાજી પોતાની શ્રેષ્ઠતા માને છે. વળી ઋષિમુનિઓને ગાળી-નું દાન આપવામાં પણ આર્યસમાજી પાછા હઠતા નથી. સનાતન ધર્મી મનુષ્યો જેવા વિશ્વાસથી ઋષિમુનિના ગ્રંથોનો અભ્યાસ કરે છે તેવા વિશ્વાસથી આર્ય સમાજી કદી પણ કરતા નથી. આર્ય સમાજી ભાઇઓ છિદ્ર શોધી પ્રાચીન ગ્રંથોની નિંદા કરવામાંજ ગૌરવ સમજે છે. સનાતન ધર્મી ભાઇઓએ પ્રાચીન ગ્રંથોનો ત્યાગ

કર્યો નથી. તેઓ તો પૂર્ણ શ્રદ્ધાથી તેઓનો અભ્યાસ કરે છે, પરંતુ આર્યસમાજેજ પ્રાચીન રીતિને વખોડી કાઢી એક નવીન કપોલ કલ્પિત ધર્મ ઉભો કર્યો છે. સ્વામી દયાનંદ પ્રણીત સત્યાર્થ પ્રકાશમાં પ્રાચીન ગ્રંથોના નામથી અનેક મિથ્યા વાતો લખી છે. યદિ કોઈ પણ આર્ય સમાજીની હિંમત હોય કે સત્યાર્થ પ્રકાશમાં લખેલી બધી વાત ખરી છે તો તે અમારી સામે આવી જાય. અમારો ખુલ્લો ચેલેંજ છે. પથ્થરને કોઈ પણ પૂજતું નથી. પથ્થર દ્વારા ઇશ્વરની પૂજા કરવામાં આવે છે એ તમને વારંવાર કહેવામાં આવ્યું છે છતાં એકની એક વાત પકડી રાખવી એ સુજ્ઞનું ભૂષણ ના કહેવાય. વેદમાં કહ્યું છે કેઃ—

नैवस्त्रीनपुमानेषनचैवायंनपुंसकः ।

यद्यच्छरीरमादत्तेतेनेतेनसयुज्यते ॥

આ ચેતન જીવસ્ત્રી નથી, પુરુષ નથી, અને નપુંસક નથી, પરંતુ જેવી જેવી બનાવટવાળા શરીરને ધારણ કરે છે, તેના સંબંધે તેવો તેવો કહેવાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે જે ચેતન જીવ છે તેનો ફોટો લેવા કોઈ પણ સમર્થ નથી ત્યારે તમે આ ફોટો સ્વામી દયાનંદનો છે એમ કેમ માનો છો? સ્વામી દયાનંદનું શરીર તો બળી ભસ્મ થઈ ગયું એટલે શરીરનો ફોટો છે એમ કહેવાય નહિ. યદિ કહો કે અમે શરીર સહિત દયાનંદનો ફોટો લીધો છે. તો પછી મૂર્ત્તિપૂજાથી કેમ કંટાળો છે? પહેલા નંબરના મૂર્ત્તિપૂજક તો તમે છો. શું શરીર મહા દુર્ગંધથી ભરેલું નથી? શું વારંવાર સાબુથી સાફ કર્યા છતાં એની મલિ-

નતા દૂર થાય છે? હજારોવાર સ્નાન કર્યા છતાં શું એ શુદ્ધ થઈ જાય છે? જરા સાચું તો બોલો. શું તમે આવા મલયુક્ત શરીરને પૂજ્ય માનતા નથી? શું તમને સ્વામી દયાનંદનો ફોટો જોઇ દયાનંદના ગુણકર્મની સ્મૃતિ થતી નથી? સ્વામી દયાનંદ તો કાલને આધીન થઈ ગયા ત્યારે તમે આ સ્વામી દયાનંદનો ફોટો છે એમ કેમ કહો છો? કાગળ કાચ વગેરેમાં દયાનંદ સમાઈ જાય છે તો શું વ્યાપક ઇશ્વર મૂર્ત્તિમાં નહિ રહે? સનાતન ધર્મીઓને ગાળોથી વધાવી લેવા એમાંજ તમે તમારી મોટાઈ માનો છો તો ભલે અમારી પાસે એવા શબ્દો નથી. તમે કહ્યું કેઃ– "ક્યાં ઉપનિષદ્‌નું આત્મજ્ઞાન અને ક્યાં પાષાણની પૂજા!" હે ભાઇ! ચેતો, ચેતો. તમે છેકજ વિદ્યા રહિત થઇ ગયા છો. સત્યને બદલે અસત્ય ગ્રહણ કરો છો. સૂર્યને મૂકી આગીઆને વધાવી લોછો. રત્નને મૂકી કોડીની પ્રશંસા કરો છો." હે મિત્ર! શું મૂર્ત્તિદ્વારા ઇશ્વરનું સ્મરણ કરનાર સનાતન ધર્મી મનુષ્યો ઉપનિષદ્‌ને ધિક્કારે છે? ઉપનિષદ્‌નું ભાષ્ય કરનાર પૂજ્યપાદ સનાતનધર્મ ભાસ્કર જ્ઞાન રત્નાકર સ્વામી શ્રી શંકરાચાર્યે પણ મૂર્ત્તિનું સ્થાપન કર્યું છે. ઉપનિષદ્ જે બ્રહ્મને નેતિ નેતિ કહે છે તેને શું તમે પ્રત્યક્ષ બતાવી આપશો?

જે નિરાકાર શુદ્ધ ચેતન છે તે મન વાણીનો વિષયજ નથી. શુદ્ધ નિરાકાર ચેતનથી સૃષ્ટિ ઉત્પન્ન થઇ નથી કારણ કે તે નિષ્ક્રિય છે. ઈશ્વરેજ જગતની ઉત્પત્તિ કરી છે અને તે સાકાર છે. ઉપનિષદ્‌નું ખરેખરૂં રહસ્ય દર્શાવનાર તો સ્વામી શંકરાચાર્યજ છે. સ્વામી શંકરાચાર્યના ભાષ્યને વખોડી કાઢી નવીન ભાષ્ય કરી

અર્થોને મરડી ભોળા લોકોને ભમાવો છો એ કેટલું અનુચિત છે તેનો જરા વિચાર કરો. પાષાણની પૂજા તમારા મનમાં રમી રહી છે કારણ કે તમે માત્ર પાષાણજ દેખી રહ્યા છો. સનાતનધર્મી તો માને છે કે:—

પદ.

અણુ નથી કોઈ ખાલી પ્રભુ વિના અણુ નથી કોઇ ખાલી,
સૂર્યમાં, ચન્દ્રમાં, નક્ષત્ર માંહી, વ્યાપક છે વનમાળી.-પ્રભુ.
આકાશ વાયુને, તેજમાં, જલમાં, પૃથ્વીમાં શક્તિ નિહાળી.-પ્રભુ.
પિંડાંડેને બ્રહ્માંડેએ છે, જો તું માયા નિજ ટાળી.-પ્રભુ.
સૂક્ષ્મને સૂક્ષ્મને સ્થૂલથી સ્થૂલ છે, વશ કીધો છે કાળી.-પ્રભુ.
ઘટઘટ વ્યાપક સુખનો સ્થાપક જો તું વૃત્તિ નિજઝાલી.-પ્રભુ.

તમે ઇશ્વરને એક દેશી બનાવી દીધો છે, તેમ સનાતન ધર્મી બનાવી દેતા નથી. તેઓ તો માને છે કે સૂર્યમાં, ચંદ્રમાં, નક્ષત્રમાં, ગિરિમાં, સાગરમાં, નદીમાં, વનમાં, ઉપવનમાં તથા સર્વ સ્થલમાં ઇશ્વર વ્યાપક છે. અહો ! જે મૂર્તિપૂજામાં આટલું બધું રહસ્ય રહેલું છે તેની ટીકા કરતાં તમને કેમ આચકો લાગતો નથી ? વિદ્યા રહિત અમે થયા નથી. પરંતુ તમેજ થયા છો પ્રાચીન પદ્ધતિને તિલાંજલિ આપી એક કપોલ કલ્પિત ધર્મ ઉભો કરી મિથ્યા વસ્તુનું પ્રતિપાદન કરવા તમારા બાંધેલા નિયમને પણ ઉડાવી દઇ મિથ્યા વાણીનું ઉચ્ચારણ કરો છો, એ ખેદકારક છે. મૂર્તિદ્વારા ઇશ્વરની પૂજા કરનાર સનાતન ધર્મીઓમાં મોટાં મોટા પંડિતો પડયા છે. જેઓની સામા ઉભા રહી સીધી વાત કરવા તમે કદી

પણ સમર્થ નથી. શાસ્ત્રાર્થ વખતે ચાલુ વિષયને ફેરવી નાંખી અન્ય વિષય પર ઉતરી પડી નિગ્રહસ્થાનમાં આવી જાઓ છો છતાં જાણે તમારો જય થયો હોય એમ છપાવો છો એ શું તમારૂં સત્ય કહી શકાય ?

હવે તમારી ખાત્રી થઈ હશે કે સત્યને બદલે અસત્યનો બોજો તમેજ ઉપાડી લો છો. તમે સૂર્યને બદલે આગિયાને માન આપો છો. તથા રત્નને બદલે કોડી ગ્રહણ કરો છો. પોતાના દોષ છૂપાવી અન્યને વળગી પડીને મિથ્યા નિંદામાં ઉતરી પડવું એ કેવળ ઉદ્ધતાઈજ છે.

તમે કહ્યું કે:–"મૂર્ત્તિપૂજા કેવળ અસત્ય છે. એક પાષાણને લઈ તેના કટકા કરો. કટકાનું પુષ્પ બનાવો પછી પાષાણની પાસે એક મોગરાનું પુષ્પ મૂકો. જુઓ કે પછી ભ્રમર પુષ્પ પર બેસે છે કે પાષાણ ઉપર ? હું ખાત્રીથી કહું છું કે ભ્રમર સત્ય પુષ્પ ઉપર આવીને બેસશે." હે ભાઈ ! હવે તમારી આ હસવા જેવી યુક્તિ જડમૂળથી કાપી નાખું છું તે સાંભળો. ભ્રમરને સત્ય અસત્યની કિંમત નથી. ભ્રમર ઇશ્વર વ્યાપક છે કે અવ્યાપક છે તે જાણતો નથી. વ્યાપક વસ્તુનું પૂજન સર્વત્ર થઇ શકે છે કે નહિ તેની ભ્રમરને ખબર નથી. આ સૃષ્ટિ ઇશ્વરે બનાવી છે કે નહિ તે ભ્રમર જાણતો નથી, ભ્રમર આગળ પકવાન્ન મૂકીએ અને એક કમલ મૂકીએ તો ભ્રમર કમલ ઉપર જઇ બેસશે કારણકે તેને તેના પરજ પ્રેમ છે. પકવાન્નને ભ્રમર છોડી દે તેથી શું પકવાન્ન નઠારી વસ્તુ કહેવાશે ? કોઈ પણ બુદ્ધિશાળી મનુષ્યના મગજમાં આ વાત ઉતરશે?

કોઇ અતિશય શ્રમિત થયેલો મનુષ્ય માર્ગમાં થઇને જતો ત્યાં તે એક ઓટલો અને માર્ગમાં એક પુષ્પ દેખે તો તે પુષ્પ પર બેસશે કે પથ્થરના ઓટલાપર? વાહ! વાહ! શું સરસ યુક્તિ કાઢી? વળી તમે પથ્થરને અગાડી લાવ્યા. અમે પથ્થરને નથી પૂજતા. અમે તો જેમ તમે દુર્ગંધવાળા શરીરદ્વારા જીવ ચેતનની પૂજા કરો છો, તેમ દુર્ગંધ રહિત પથ્થર દ્વારા ઇશ્વરની પૂજા કરીએ છીએ. તમે કહ્યું કેઃ-"ભ્રમર સત્ય પુષ્પપર બેસશે. હવે તમને પૂછવામાં આવે છે કે જે પુષ્પને તમે સત્ય કહ્યું તે નિરાકાર નિરવયવ છે કે સાકાર સાવયવ? યદિ કહો કે નિરાકાર નિરવયવ છે તેઃ પ્રત્યક્ષ પ્રમાણથી વિરોધ આવશે. પુષ્પને નિરાકાર નિરવયવ માનશો તો પછી ઇશ્વર અને પુષ્પનો ભેદ તમારાથી સિદ્ધ થઈ શકશે નહિ. યદિ કહો કે પુષ્પ સાકાર સાવયવ છે તો પછી તેને તમારાથી સત્ કહી શકાશે નહિ કારણ કે જે જે વસ્તુ સાકાર સાવયવ છે તે તે વસ્તુ ઘટપટ વગેરેની પેઠે અસતજ હોય છે. પદાર્થ વિદ્યાથી સિદ્ધ થઈ ચૂક્યું છે કે જે જે વસ્તુ સાકાર સાવયવ હોય છે તે તે વસ્તુ અનિત્યજ હોય છે. અનિત્ય વસ્તુને સત્ય કહેવી એ કેવલ અજ્ઞાનતાનુંજ પરિણામ છે. પથ્થરનું પુષ્પ અને મોગરાનું પુષ્પ બન્ને અસત્ છે, સત્ કોને કહે છે તે સાંભળો. જે ત્રિકાલ અબાધ રહે તેજ સત્ છે. જે નામ રૂપવાળી વસ્તુ છે તે અનિત્ય અને અસત્ છે. દરેક પદાર્થ અસ્તિ, ભાતિ, પ્રિય, નામ, અને રૂપ એમ પાંચ વિભાગવાળો હોય છે. તેમાં અસ્તિ, ભાતિ અને પ્રિય એ ત્રણ બ્રહ્મરૂપ હોવાથી સત્ છે, તથા નામ અને રૂપ જગત્ રૂપે હોવાથી મિથ્યા છે. ઘડો છે. ઘડો ભાસે છે. અને ઘડો પ્રિય છે. ઘડો નાશ પામવાથી

ઘડાનું રૂપ તથા નામ બન્ને ઉડી જાય છે પરંતુ ઠીકરાં છે ઠીકરાં ભાસે છે અને ઠીકરાં પ્રિય છે એમ અસ્તિ, ભાતિ, અને પ્રિય તો કાયમ રહે છે. ઠીકરાનો નાશ થવાથી ઠીકરાંનું રૂપ અને નામ બન્ને ઉડી જાય છે. પરંતુ ભુકો છે. ભુકો ભાસે છે અને ભુકો પ્રિય છે એમ અસ્તિ, ભાતિ અને પ્રિય તો સ્થિર રહે છે. હે ભાઇ ! પથ્થરનું પુષ્પ પથ્થર રૂપે સત્ નથી. તેમજ મોગરાનું પુષ્પ મોગરા રૂપે સત્ નથી. સત્ અધિષ્ઠાનમાં અધ્યસ્ત છેજ નહિ. કલ્પિત વસ્તુ અધિષ્ઠાનને દૂષિત કરવા સમર્થ નથી. જેમ રજ્જુમાં કલ્પાયેલો સર્પ રજ્જુને દૂષિત કરતો નથી, તેમ બ્રહ્મમાં કલ્પાયેલું જગત્ બ્રહ્મને દૂષિત કરતું નથી. રજ્જુમાં પ્રાપ્ત થયેલી સર્પની દૃષ્ટિ ઉડાવ્યાથી જેમ રજ્જુજ રહે છે તેમ જગત્ દૃષ્ટિ ઉડાવી દીધાથી બ્રહ્મજ રહે છે. આ સઘળું જગત્ બ્રહ્મથી ભિન્ન વસ્તુ નથી. જેમ મૂલ સ્વરૂપનો ત્યાગ કર્યા વિના રજ્જુ સર્પરૂપે ભાસે છે, તેમ મૂલ સ્વરૂપનો ત્યાગ કર્યા વિના બ્રહ્મ જગત્‌રૂપે ભાસે છે, જેમ રજ્જુમાં સર્પની કલ્પના કરનાર અજ્ઞાની કહેવાય છે, તેમ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, બ્રહ્મમાં જગત્‌ની કલ્પના કરનાર અજ્ઞાની કહેવાય છે. યદિ કહો કે અમે તો દ્વૈત વાદી છીએ અમે તમારો સિદ્ધાંત માન્ય કરતા નથી તો તમને કહેવામાં આવે છે કે તમારા દ્વૈતવાદનું નિર્મૂલ ખંડન "શ્રી શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત" એ નામના પુસ્તકમાં થોડાજ વખતમાં કરવામાં આવશે. હાલ તો સંક્ષિપ્તમાંજ ઉંચુ રહસ્ય સમજાવ્યું છે. યદિ એમ કહો કે મૂર્ત્તિપૂજાનું ઉંચું રહસ્ય તમે સમજાવ્યું તે સમજનારા તો ઘણાજ થોડા છે, તો તમને કહેવામાં આવે છે કે એમાં સમજનારની ભૂલ છે. મૂર્ત્તિપૂજાનો

દોષ નથી. શું આર્યસમાજના બધા મેમ્બરો વેદ ભણેલા હોય છે? યદિ વેદનું રહસ્ય બધા ન સમજે તેથી શું તેઓ વેદને માન નહિ આપે? શું વારવાર તેઓ વેદમાંથી બનાવો. વેદજ સત્ પુસ્તક છે વગેરે કહેતા નથી? તમે કહ્યું કેઃ–"પાષાણની ગાય દૂધ આપી શકે છે? પાષાણનો ઉંદર દોડી શકે છે? પાષાણનો હાથી ઝાડો ઉખેડી શકે છે? પાષાણનો સિંહ છલંગ મારી શકે છે? પાષાણ શું કાંઈ વસ્તુ આપવાને સમર્થ છે?

હે ભાઈ! પાષાણની ગાયમાં તમે જે ખરી ગાય માની છે તે વ્યાપક નથી અને તેથી તે દૂધ આપવા અસમર્થ છે, પરંતુ પાષાણમાં પરમાત્મા વ્યાપક છે, અને તે મહા શક્તિમાન્ પ્રભુ ભક્તના મનોરથ પરિપૂર્ણ કરવા સમર્થ છે. પાષાણ કંઇ આપે છે એમ અમારૂં કહેવું છેજ નહીં. એવી રીતે પાષાણન ઉંદરમાં તમે માનેલો સાચો ઉંદર, પાષાણના હાથીમાં તમે માનેલો સાચે હાથી, તથા પાષાણના સિંહમાં તમે માનેલો સાચો સિંહ, વ્યાપક નથી અને તેથી તે કાંઇ ક્રિયા કરવા સમર્થ નથી, પરતુ પરમાત્મા સર્વ વસ્તુમાં ઓતપ્રોત રહેલો છે અને તેથી તે મહા સમર્થ પ્રભુ અમારી શુદ્ધ ભક્તિથી પ્રસન્ન થયા વિના રહેતો નથી તમને પૂછવામાં આવે છે કે "જીવ મૂર્ત્ત છે કે અમૂર્ત્ત? યદિ કહો કે જીવ મૂર્ત્ત છે તો પછી તેનો કોઇ કાલે નાશ થયા વિના રહેશે નહિ, કારણ કે પદાર્થ વિદ્યાથી સિદ્ધ થઈ ચૂકયું છે કે જે જે પદાર્થ મૂર્ત્ત હોય છે તે તે નાશવંત હોય છે યદિ કહો કે જીવ અમૂર્ત્ત છે તો તમને પૂછવામાં આવે છે કે શરીર એ જીવની મૂર્ત્તિ છે કે નહિ? યદિ ના કહો તો શરીર એ કોની મૂર્ત્તિ છે

તે બતાવો. શું અમૂર્ત્ત જીવની હજારો મૂર્ત્તિ બની ગઇ નથી ? શું તેથી અમૂર્ત્તની જરા પણ હાનિ થઇ છે ? મૂર્ત્ત શરીરનું દર્શન અદર્શન થાય તેથી શું અમૂર્ત્ત જીવની હાનિ નાય છે ? કદી નહીં. એવીજ રીતે ઇશ્વરના માયિક શરીરનું દર્શન અદર્શન થાય પરંતુ જે શુદ્ધ બ્રહ્મ ચેતન છે તેની કદિ પણ હાનિ થતી નથી. યદિ કહો કે જીવ એક દેશી છે અને તેથી તેની મૂર્ત્તિ બની શકે છે તો તમને પૂછવામાં આવે છે કે જીવ સાકાર છે કે નિરાકાર ? યદિ સાકાર કહો તો તેનો નાશ થઇ જશે. યદિ કહો કે નિરાકાર છે તો પછી નિરાકાર એક દેશી હોય છે એમ કહેવું એ શું પદાર્થ વિદ્યાથી વિરૂદ્ધ નથી ? યદિ કહો કે તમે પ્રથમ ઇશ્વરને સાકાર કહી ગયા છો તેનો નાશ થઈ જશે. તો તમને કહેવામાં આવે છે કે ઇશ્વરના માયિક શરીરનું ભલે અદર્શન થાય, પરંતુ તેથી શુદ્ધ ચેતનની ક્ષતિ થતી નથી. ઇશ્વરનો આકાર સૂક્ષ્મતમ છે તે આ સ્થૂળ ઇંદ્રિયોથી જણાતો નથી. ઇશ્વરનું શરીર પંચમહાભૂતથી બનેલું નથી પરંતુ શુદ્ધ માયામય છે તેથી તેનું દર્શન અદર્શન થઈ શકે છે. સૂક્ષ્મ અગ્નિ સ્થૂલતા ધારણ કર્યા વિના કાંઇ પણ ક્રિયા કરી શકતો નથી, તેમ ઇશ્વર સ્થૂલતા ધારણ કર્યા વિના કાંઇ કરી શકતો નથી. યદિ કહો કે સાક્ષ્ય હોય ત્યાંજ સાક્ષી હોય છે, દૃશ્ય હોય ત્યાંજ દૃષ્ટા હોય છે, વ્યાપ્ય હોય ત્યાંજ વ્યાપક હોય છે, પરંતુ તમે જગતને છેકજ ઉડાવી દીધું છે તો પછી આટલું બધું મૂર્ત્તિપૂજા વિષે બોલવાનું કારણ શું ? તો તમને કહેવામાં આવે છે કે વસ્ત્ર એ સૂત્રથી કાંઈ ભિન્ન વસ્તુ નથી, વસ્ત્રમાં સૂત્ર ઓતપ્રોત રહેલું છે, પરંતુ જ્યાં સૂધી સૂત્ર દૃષ્ટિ થઈ નથી ત્યાં સૂધી વસ્ત્રનું વિવેચન કરવામાં આવે છે, તેમ જ્યાં સૂધી બ્રહ્મ

દષ્ટિ થઇ નથી, ત્યાં સૂધી વ્યવહાર છે. જેમ સ્વપ્નમાંથી જાગેલો મનુષ્ય સ્વપ્નના પદાર્થને મિથ્યા માને છે તેમ અવિદ્યામાંથી જાગેલો પુરુષ નામ રૂપવાળા પદાર્થને મિથ્યા માને છે. જ્યાં સૂધી સ્વપ્ન છે ત્યાં સૂધી સ્વપ્નનો બધો વ્યવહાર છે, તેમ જ્યાં સૂધી તત્ત્વજ્ઞાન દઢ થયું નથી ત્યાં સૂધીજ બધો વ્યવહાર છે. તમે કહ્યું કે "અરેરે ! તમે તે કેવા ભોળા છો કે ચેતનને સ્થલે જડને પૂજવા બેસી ગયા." હે મિત્ર ! તમે બોલો તેનો પ્રથમ વિચાર કરો. સ્વામી દયાનંદે કુશ અસ્ત્રા વગેરે જડ વસ્તુની પૂજા કરાવી છે તે શું તમે જાણતા નથી ? અરેરે ! તમે તે કેવા ભોળા છો કે તમે સ્વામી દયાનંદની મિથ્યા આજ્ઞાને માન આપી ચેતનને બદલે કુશ વગેરેની પૂજા કરો છો ! શિવ ! શિવ ! આ તો ઉલટું તમારા ઉપર આવી પડયું. સનાતન ધર્મી ચેતનનીજ પૂજા કરનારા છે, જડની પૂજા તો તમેજ કરો છો. હે પથ્થર ! તું જડ છે માટે હું તારી પૂજા કરૂં છું એમ તો કોઇ કહેતું નથી. ઇશ્વર સ્થૂલ ચક્ષુથી દેખી શકાતો નથી તેથી સર્વ વસ્તુમાં તેનું વ્યાપકત્વ સ્વીકારી મૂર્ત્તિદ્વારા તેની પૂજા કરે છે. ભાઇ જરા વિચાર કરો. તમે મંદિરમાં જાઓ છો ત્યારે શું તમે પાષાણુજ જુઓ છો ? આ રામચંદ્રની મૂર્ત્તિ છે, આ શ્રી કૃષ્ણની મૂર્ત્તિ છે, આ ગણેશની મૂર્ત્તિ છે, આ મહાદેવની મૂર્ત્તિ છે, આ અંબિકાની મૂર્ત્તિ છે, એવું સ્મરણ તમને થતું નથી ? યદિ કહો કે અમે તો પાષાણુજ જોઇએ છીએ, તો એ તમારૂં કહેવું ઉચિત નથી. પાષાણુને હાથપગ હોતા નથી પણ મૂર્ત્તિને તો હાથપગ હોય છે તેથી પાષાણુજ જુઓ છો એમ કહેવાય નહિ.

યદિ કહો કે એ તો કારીગરે પાષાણુમાંથી હાથ પગ બનાવ્યા છે,

તો પણ તમે ફાવી શકો એમ નથી. પાષાણમાં હાથ પગ ના હોત તો કયાંથી બનત ? અભાવથી ભાવની ઉત્પત્તિ થાય છે? શું પાણીમાંથી માખણ નિકળે છે ? સદ્‌ગુરૂ પાસે અભ્યાસ કર્યા વિના મિથ્યા નિંદા કરો છો એ કેવલ હાસ્યજનક છે. તમે કહ્યું કેઃ— "ઇશ્વરને સ્થલે પાષાણ પૂજો છો ત્યારે કોઇ સભ્ય પુરુષને કોઇ ચોર કહે તો હરકત નહીં કેની ?" અરે ભાઇ ! તમારા આવા વિચારથી તમારી બુદ્ધિપર મને શોક થાય છે. ઇશ્વરને સ્થલે કોઇ પાષાણને પૂજતું નથી. તમે તો ઇશ્વરને એક દેશી બનવી દીધો છે. સનાતન ધર્મી તો એ મહાપ્રભુને સર્વ વ્યાપક માને છે અને તેથી સર્વ વસ્તુમાં તેનું અસ્તિત્વ સ્વીકારે છે. સભ્ય પુરુષને ચોર કહે તે કેવલનિંદાને પાત્ર છે. અમે ઇશ્વરને ચોર કહેતા નથી. અમે તો મંદિરમાં જઇ તેની અનંત શક્તિઓનું સ્મરણ કરીએ છીએ. તેની લીલા મનમાં લાવી આશ્ચર્યના મહાસાગરમાં ડૂબી હે મહા પ્રભુ ! તારી શક્તિ અપાર છે તારો પાર પામવા ઋષિમુનિ તેમજ ઇંદ્રાદિ દેવતા પણ સમર્થ નથી તો પછી અમારૂં શું ગજુ ? એમ કહી એ મહા ન્યાયી પરમાત્માનો મહાન્ ઉપકાર માનીએ છીએ. તમારી સ્થલ બુદ્ધિમાં સૂક્ષ્મ રહસ્ય કયાંથી ઉતરે ? ઝવેરી હોય તેજ હીરાની પરીક્ષા કરી શકે. તમે કહ્યું કેઃ— "જે પથ્થરની તમે મૂર્તિ બનાવો છે તે પથ્થરની ઘંટી, રમકડાં ઓટલા વગેરે હજારો પદાર્થો બને છે. શું ઇશ્વર પથ્થર જેવો છે કે તમે કેવલ હસી કાઢવા યોગ્ય રીતિથી તેનું પૂજન કરો છો ?"

અરે ભાઇ ! મારે તમને શું કહેવું ? આવી આવી નકામી દલીલ લાવવાથી શું તમે ફાવી જશો ? જરા તો વિચારો. પથ્થરની

ઘંટી રમકડાં વગેરે પદાર્થો બને છે, પરંતુ તમે જે શરીરની પૂજા કરો છો તેની રચના કેવી છે તે વિચારો. શું તમે જે જે ઉત્તમ ખોરાક ખાઓ છો તે પેટમાં જઇને નરક મૂત્ર વગેરેને પ્રાપ્ત થતો નથી? અરે! તમે તો નરકને મૂત્રનેજ માન આપનારા ઠર્યા. પથ્થરની મૂર્તિદ્વારાએ ઇશ્વરનું સ્મરણ કરવામાં ઘણુંજ રહસ્ય રહેલું છે. સાંભળો. ઈશ્વર કામ ક્રોધ ને લોભથી રહિત છે, તેમ પથ્થર પણ કામ, ક્રોધ ને લોભથી રહિત છે. ઇશ્વરમાં ગર્વ નથી તેમ પથ્થરમાં પણ ગર્વ નથી. ઇશ્વર દુર્ગંધ રહિત છે તેમ પથ્થર પણ દુર્ગંધ રહિત છે. તથા જેમ ઈશ્વર ઈર્ષ્યા, અસૂયા વગેરેથી રહિત છે તેમ પથ્થર પણ ઈર્ષ્યા, અસૂયા વગેરેથી રહિત છે. કેમ વળી કાંઈ દલીલ ઉભી કરશો કે? ભલે કરો તમે જે જે દલીલ લાવશો તે તે દલીલોનું નિર્મૂલ ખંડન કરવામાં આવશે. ઇશ્વરને કોઇ પથ્થર કહેતું નથી. તેનું ચેતનત્વ સર્વ સ્વીકારે છે. તમારે તો ગમે તેમ કરી મિથ્યા નિંદા કરવી છે તો ભલે કરો. તમારા મનના તમે ધણી છો. એથી અમારી કાંઈ પણ ક્ષતિ નથી. સૂર્ય સામે ધૂળ ફેંકવાથી શું તે ઢંકાઇ જાય છે? કદી નહીં. તમે કહ્યું કે:—"યદિ એમ કહો કે ઈશ્વર સર્વવ્યાપક છે તો પછી પથ્થરમાં છે અને અને તેથી અમે તેની પૂજા કરીએ છીએ, પરંતુ તમારી આ યુક્તિ ચાલી શકે એમ નથી. એમ તો ઈશ્વર સૂર્યમાં, ચન્દ્રમાં, તારામાં, નક્ષત્રમાં, પર્વતમાં, ગુફામાં, નદીમાં. નાળામાં, વનમાં, ઉપવનમાં સાગરમાં, તથા સર્વ સ્થળે વ્યાપક છે તો પછી પથ્થરને શા માટે ઇશ્વર માની બેઠા છો?"

હે ભાઈ! જરા સમજો. તમને પૂછવામાં આવે છે કે

સત્યાર્થ પ્રકાશ પણ સ્વામી દયાનંદનો બનાવેલો છે, તેમ ફોટો પણ સ્વામી દયાનંદનો છે, છતાં તમે ફોટાને હાર કેમ પહેરાવો છો? ફોટા ઉપર તમને વિશેષ ભાવ કેમ ઉત્પન્ન થાય છે? તમે ગુરુપણું આખા શરીરમાં માન્યું છે છતાં ગળામાં હાર કેમ પહેરાવો છો? ચંદન કપાળે કેમ ચોપડો છો? હારને પગમાં કેમ પહેરાવતા નથી? ચંદનને ગાલે કેમ ચોપડતા નથી? યદિ કહો કે હારની યોગ્યતા ગળામાં તથા ચંદનની યોગ્યતા કપાળમાં છે તો પછી ઇશ્વરનું સ્મરણ કરવાની વિશેષ યોગ્યતા તેની મૂર્તિમાંજ છે. ઇશ્વરની મૂર્ત્તિ જોઈ જેવો પ્રેમ ઉત્પન્ન થાય છે, તેવો બીજાથી થતો નથી. હે ભાઈ! તમે હવાની શુદ્ધિ માટે યજ્ઞ કરો છો તો બાજર આગળ હવન કરવા કેમ બેસતા નથી? મેદાનમાં કેમ બેસો છો? હે મિત્ર! સનાતન ધર્મી તો ઇશ્વરનું અસ્તિત્વ સર્વ વસ્તુમાં સ્વીકારે છે અને તેથી ઝાડ પહાડ વગેરેઓની પણ પૂજા કરે છે, પરંતુ તમે નિરાકારનો મિથ્યા ડંકો વગાડી તે મહા સમર્થ પ્રભુને સર્વ વસ્તુમાંથી કાઢી નાખી એક દેશી બનાવી દીધો છે. ધન્ય બુદ્ધિ! તમે કહ્યું કે:—જરા તો બુદ્ધિનો ઉપયોગ કરો.

વેદ, ઉપનિષદ્, મનુસ્મૃતિ, દર્શનશાસ્ત્ર વગેરેમાં જ્ઞાનનો ભંડાર છે તેનો જરાપણ વિચાર ના કરી, પુષ્પ સમુદાયનો ત્યાગ કરી ઉંટ કંટકને ગ્રહણ કરે તેમ તમે સત્ વસ્તુનો ત્યાગ કરી અસત્ વસ્તુ ગ્રહણ કરો છો." હે મિત્ર! તમને શું કહું? કમળા વાળો શ્વેત શંખને પીળો દેખે છે, પીત્ત રોગવાળાને શર્કરા પણ કટુ લાગે છે. વેદ, સ્મૃતિ, દર્શનશાસ્ત્ર વગેરેનું રહસ્ય સનાતન ધર્મના પંડિતો જેવું સમજે છે તેવું તમે કદી સમજતા નથી,

કારણકે સત્ વસ્તુની પ્રાપ્તિ સંસ્કારી જીજ્ઞાસુનેજ થઈ શકે છે. તમે વેદનું નામ લઇ ભોળા લોકને છેતરો છો. તમારા મતમાં વેદ શબ્દાત્મક છે કે જ્ઞાનાત્મક ? યદિ કહો કે શબ્દાત્મક છે તો નિરાકાર, નિર્વિકાર, નિષ્ક્રિય બ્રહ્મથી શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તમે ઇશ્વરને સાકાર તો માનતા નથી. યદિ કહો કે વેદ જ્ઞાનાત્મક છે તો પછી શું દર્શનશાસ્ત્ર, સ્મૃતિ, ઇતિહાસ, વગેરેમાં જ્ઞાન નથી? ત્યારે શું એ બધાં પુસ્તકોને વેદ માનશો ? યદિ કહો કે જે પુરુષ પ્રણીત નથી તેને અમે વેદ કહીએ છીએ તો શું સ્ત્રી પ્રણીત જે ગ્રંથ હોય તેને તમે વેદ કહો છો ? તમારી બધી પોલ ખુલી ગઈ. હવે ભોળા લોકને ભમાવી તમે વિશેષ ફાવી શકો એમ નથી. અસત્ વસ્તુને તો તમેજ ગ્રહણ કરો છો. પ્રાચીન મર્યાદાનું ઉલ્લંઘન કરી મૂર્ત્તિપૂજાનો તિરસ્કાર કર્યો. મૃતક શ્રાદ્ધને ઉડાવી દઇ જીવતાનું શ્રાદ્ધ કરાવી દીધું. પતિવ્રતા ધર્મને ધક્કો મારી સ્ત્રીને અગિયાર પતિ કરવાની આજ્ઞા આપી દીધી. અવતારનો ધિક્કાર કરી ઇશ્વરને અસમર્થ બનાવી દીધો. તીર્થનો તિરસ્કાર કરી અધર્મને માર્ગે લોકોને ઉતારી દીધા. વર્ણાશ્રમ ધર્મને ધોકો લગાવી ભંગી ચમાર વગેરેને શર્મા વર્મા બનાવી દીધા. ઇંદ્રાદિ દેવતાનો અસ્વીકાર કરી વિદ્વાનોને દેવતા બનાવી દીધા. આચમનથી કફની શુદ્ધિ થાય છે એવું લખી ભોળા લોકોને ભ્રમમાં નાખી દીધા. મનુસ્મૃતિના નામથી મિથ્યા શ્લોક રચી કાઢી સંન્યાસીને રત્ન આપવાની આજ્ઞા લખી મારી. **रथेन वायुवेगेनजगाम गोकुलंप्रति** એ વાક્ય ભાગવતના નામથી લખી વેદવ્યાસને મૂર્ખ બનાવ્યા. બીજી બધી સ્મૃતિઓને તિલાંજલિ

આપી મનુસ્મૃતિનો સ્વીકાર કર્યો તેમાં પણ ઘણા શ્લોકો ક્ષેપક છે એમ બતાવી નાસ્તિકતાનો ડંકો પૂરેપૂરો વગાડયો. મહાભારતનો અમુક ભાગ માન્યો. બાકી બધો ક્ષેપક છે એમ બતાવ્યું. રામાયણની પણ એજ અવસ્થા થઇ. પુરાણોપર મોટો પ્રહાર કર્યો તથા પેટભરીને તેનો તિરસ્કાર કર્યો. મહિધર વગેરનાં ભાષ્યને હસી કાઢી નવીન ભાષ્ય રચી વેદના સાચા અર્થો બદલી નાખ્યા. મુક્તિમાંથી જીવને પાછો બોલાવ્યો. શું શું ગણાવું ? હે ભાઈ ! કહો હવે સતનો ત્યાગ કોણે કર્યો છે? હે બંધુ ! જ્યાં સુધી તમે દુરાગ્રહનો ત્યાગ કરશો નહિ. ત્યાં સુધી સત્ વસ્તુ કદી પણ જાણી શકવાના નથી.

તમે સનાતન ધર્મીને ઉંટની ઉપમા આપી તો ભલે, જે સત્ હોય તે હંમેશાં સત્ રહે છે. શું સુવર્ણ કદી કથિર થાય છે? તમે કહ્યુ કેઃ—“સભામાં વેદવ્યાખ્યાતાને બેસાડો અને એક મૂર્તિપૂજકને બેસાડો પછી જુઓ કે કોની પ્રશંસા થાય છે ?”

હે ભાઇ ! શું તમે જાણતા નથી કે ખંડવામાં વેદવ્યાખ્યાતા પંડિત ભીમસેનજી તથા આર્યસમાજી પંડિત બાળકૃષ્ણશર્માનો શાસ્ત્રાર્થ થયો હતો તેમાં બાળકૃષ્ણ ગભરાઈ ગયા હતા. જરા ખંડવા શાસ્ત્રાર્થનું નિષ્પક્ષપાતથી અવલોકન કરો. પંડિત ભીમસેનજીએ પૂછ્યું કેઃ—

स्वामी दयानंदने भी पीठकी हड्डीमें परमेश्वरका ध्यान उपासना लिखी है। सो क्या पाषाणकी मूर्त्तिद्वारा होनेवाली उपासनासे हड्डीद्वारा उपासना मानना निन्दित वा घृणित नहीं है। આના ઉત્તરમાં પંડિત બાલકૃષ્ણજી કહે છે કે:—मनको स्थिर करनेको स्वामीजीने लिखा है। हड्डीके पूजनके लिये नहीं यदि आप भी एसा मानते है तो फिर मूर्त्तिको नैवेद्य क्यों दिखाया जाता है। આના ઉત્તરમાં પંડિત ભીમસેનજી કહે છે કે मनको स्थिर करनके लिये हड्डीके तुल्य प्रतिमा तुमने भी मानलीतो प्रतिमाद्वारा इश्वरका ध्यान सिद्ध हुआ और ध्यान भी पूजनका एक अङ्ग है इससे मूर्तिपूजाको आ. उपदेशकने मान लिया. इस कारण यहां भी समाजी पक्षका पराजय हो गया.

કહો હવે મૂર્ત્તિપૂજક જીત્યા કે મૂર્ત્તિનિંદક? કલકત્તામાં વેદવ્યાખ્યાતા થઈ ભીમસેનજી પોતાની કીર્ત્તિનો ડંકો વગાડી રહ્યા છે તે શું તમે જાણતા નથી? વેદવ્યાખ્યાતા થવાને સનાતન ધર્મીજ યોગ્ય છે. હે ભાઈ! વેદના પ્રાચીન ભાષ્યને હસી કાઢી દયાનંદજીએ નવીન ભાષ્ય લખી વિદ્વાનોમાં વેદની હાંસી કરાવી છે. એક જૈન પંડિતે આર્ય મતલીલા નામનું પુસ્તક લખી સ્વામી દયાનંદના ભાષ્યનું પુષ્કળ હાસ્ય લખ્યું છે. તે શું તમે જાણો છો? યજુર્વેદ ભાષ્ય અધ્યાય-૫ મંત્ર-૬માં સ્વામીજી નીચે પ્રમાણે કહે છે हे जगदीश्वर मैं और आप पढने पढाने हारे दोनों

प्रीतिके साथ बर्त्तनकर विद्वान धार्मिक हों, कि जिससे दोनोंकी विद्यावृद्धि सदा होवे.

શું ઈશ્વર વિદ્વાન તથા ધાર્મિક નથી શું ઈશ્વરને પણ વિદ્વાન ધાર્મિક થવાની ઇચ્છા છે? ધન્ય બુદ્ધિ! અધ્યાય-૫ મંત્ર ૩૨ના પદાર્થમાં સ્વાજી કહે છે કેઃ—

हे जगदीश्वर जिस कारण आप सुख दुःख सहन करने और करानेवाले हैं—

શું ઈશ્વર પણ સુખ દુઃખ સહન કરે છે? જ્યારે ઇશ્વર પણ સુખ દુઃખ સહન કરે છે તો પછી મનુષ્ય અને ઇશ્વરમાં ફેર શો? અધ્યાય ૧૩ મંત્ર ૪૯ નો ભાવાર્થ—

जो जङ्गलमें रहनेवाले नीलगाय आदि प्रजाकी हानि करें वो मारनेके योग्य है ।

ધન્ય! ભાષ્ય તે આનું નામ? આતે હિંસા કે કાંઈ બીજું? અધ્યાય ૨૧ મંત્ર ૪૩ના પદાર્થમાં સ્વામીજી કહે છે કેઃ— **बकरा आदि पशुओंके बीचसे लेने योग्य पदार्थका चिकना भाग अर्थात् घी दूध आदि** કહો બકરાનામાં ઘી દૂધ સાંભળ્યા છે? શું આવા હસવા જેવા ભાષ્યથી કોઈ સમજુ પુરુષ તમારામાં વેદવ્યાખ્યાતા થઈ શકે છે એમ કહેશો? તમે કહ્યું કેઃ—"ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિય નિગ્રહ, ધી, વિદ્યા અને સત્ય એ દશ ધર્મનાં લક્ષણો મનુ મહારાજે ગણાવ્યાં છે એમાં મૂર્તિ પૂજાનું નામ પણ નથી."

હે ભાઇ ! બતાવો એમાં મૂર્ત્તિપૂજાનું ખંડન ક્યાં છે ? મનુએ ધર્મનાં દશ સાધારણ લક્ષણો ગણાવ્યાં છે. કાંઇ મૂર્ત્તિપૂજાની નિંદા કરી નથી મનુ મહારાજ મૂર્ત્તિપૂજાદિ માટે શું કહે છે તે તમને પાછળ કહ્યું છે તેથી પુનઃ કહેવાની આવશ્યકતા નથી. જે નેત્રનો વિષય નહિ તેને તમે શી રીતે જોઇ શકશો ? જે મનનો વિષય નહિ તેને તમે મનમાં શી રીતે લાવી શકશો ? જે વાણીનો વિષય નથી તેને વાણીદ્વારા કેવી રીતે વર્ણવી શકશો ? ઇશ્વર નિરાકાર છે એટલું કહેવાથી શું તમે ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે એમ કોઇ કહેશે ? યદિ કહો કે ઇશ્વર ન્યાયી છે. જે જ્ઞાનનાં લક્ષણો જાણે છે તેના પરજ પ્રસન્ન થાય છે. મૂર્ત્તિપૂજકો પર નહિ તો તમારૂં એ કહેવું ટકી શકે એમ નથી. ગીતાના પાંચમા અધ્યાયમાં શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે કેઃ-

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गविहस्तिनि ।

शुनिचैवश्वपाकेच पंडिताः समदर्शिनः ॥

જ્ઞાનીઓ વિદ્યાની તથા વિનયની સંપત્તિવાળા બ્રાહ્મણમાં ગાયમાં, હાથીમાં, કુતરામાં, અને ચાંડાલમાં સમદર્શી હોય છે. કહો એવું સમદર્શીપણું આર્ય સમાજમાં કેટલાને પ્રાપ્ત થયું છે ? શું મૂર્ત્તિપૂજક અન્યાયથી પરમાત્મોની ભક્તિ કરે છે ? જ્ઞાનની મોટી મોટી વાતો કરવાથી કાંઈ જ્ઞાની થવાતું નથી. મુંડકમાં કહ્યું છે કેઃ-

नायमात्मा प्रवचनेनलभ्यो न मेधया न बहुनाश्रुतेन ।

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुतेतनूंस्वाम् ॥

ભાવાર્થ એવો છે કે આત્મા બહુ ભણવાથી બહુ ભણાવવાથી

પ્રાપ્ત થવા યોગ્ય નથી. બુદ્ધિથી પામવા યોગ્ય નથી બહુ સાંભળવાથી પણ પામવા યોગ્ય નથી જે જે આ પામવાની ઈચ્છા કરે છે તેનાથી એ પામવા યોગ્ય થાય છે તેને એ આત્માનિજ તનૂ પ્રકાશિત કરે છે. પરમાત્મા ન્યાયી છે તેટલા માટે દંભીથી તે સદા દૂર રહે છે. પરમાત્મા સર્વજ્ઞ હોવાથી દંભી તથા ભક્તને સારી રીતે ઓળખે છે. તેનાથી એક પણ કાર્ય અજાણ્યું નથી. એ મહાપ્રભુને છેતરવાને કોઈ પણ સમર્થ નથી. તમે કહ્યું કે:—"પ્રાચીન મહર્ષિઓએ તો જ્ઞાનનો સરળ માર્ગ બતાવ્યો હતો પરંતુ તેને બદલે સ્વાર્થી બ્રાહ્મણોએ પેટ ભરવાને માટે મૂર્ત્તિપૂજા શોધી કાઢી છે." હે ભાઇ! બ્રાહ્મણોની મિથ્યા નિંદા શા માટે કરો છો? સમુદ્રનું પાન કરનારા પણ બ્રાહ્મણ હતા. નવી સૃષ્ટી ઉત્પન્ન કરનાર પણ બ્રાહ્મણ હતા. દેવતાઓને ધ્રુજાવી નાખનાર પણ બ્રાહ્મણ હતા. સ્વાર્થી બ્રાહ્મણે એ મૂર્ત્તિપૂજા કાઢી નથી. જ્યારે વેદમાં પણ મૂર્ત્તિપૂજા જોવામાં આવે છે ત્યારે એ સ્વાર્થી બ્રાહ્મણોએ શોધી કાઢી છે એમ કહેવું એ શું મોટું સાહસ નથી? પ્રાચીન મહર્ષિઓ જે માર્ગ બતાવી ગયા છે, તેજ માર્ગે સનાતની ધર્મી ભાઇઓ ચાલે છે. પરંતુ તમેજ તેનું ઉલ્લંઘન કર્યું છે. પ્રાચીન મહર્ષિઓના ગ્રંથોમાં પણ ક્ષેપકનો ડંકો વગાડનાર તમેજ છો. તમને ઋષિ મુનિઓપર પણ પૂર્ણ વિશ્વાસ નથી. જેટલું ફાવતું આવે છે તેટલું ગ્રહણ કરી બાકીનું છોડી દો છો, એ શું તમારો મોટો પક્ષપાત નથી? તમે કહ્યું કે:—હે ભારત્ત વર્ષ! તારી શી અધોગતિ! અરેરે! જરા જુઓ તો ખરા કે મંદિરોમાં કેટલો અનાચાર થાય છે? શું ધર્મનું આવું નીચ સ્વરૂપ છે?"

હે મિત્ર ! ભારતવર્ષની અધોગતિ મૂર્ત્તિપૂજાથી થઇ નથી. પરંતુ કુસંપથી થઇ છે. મૂર્ત્તિપૂજાએ સનાતનધર્મનું ગૌરવ સારી રીતે જાળવી રાખ્યું છે, અને રાખશે. મંદિરોમાં જઇ કોઈ અનાચાર કરે તો તે મહાપાપી થાય છે. એ વ્યક્તિનો દોષ છે કાંઇ મૂર્ત્તિપૂજાનો દોષ નથી. હજારો શ્રદ્ધાળુ મનુષ્યો મંદિરમાં જઈ દર્શન કરી કૃતાર્થ થાય છે, પરંતુ જેને દોષ જોવાની ટેવ પડી હોય છે તે ગુણને ક્યારે ગ્રહણ કરે છે ? સનાતનધર્મી તરફથી ધર્મને નીચ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. તમેજ ધર્મને ધૂળધાણી કરવા તત્પર થયા છો તમે કહ્યું કેઃ—"મૂર્ત્તિપૂજા કરનારા તો એમજ સમજતા હતા કે અમે જે માર્ગ કાઢયો છે તેમાં બધા ફસાઇ પડશે. પરંતુ અમારા સ્વામી દયાનંદજીએ જન્મ ધારણ કરી ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવ્યું. મૂર્ત્તિપૂજા વૈદિક તથા યુક્તિ સિદ્ધ નથી એ સત્યાર્થ પ્રકાશ લખી સિદ્ધ કરી બતાવ્યું." તે સિવાય સ્વામી દયાનંદની તમે ઘણી પ્રશંસા કરી છે.

તેના ઉત્તરમાં કહેવાનું કે તમે સ્વામી દયાનંદને ભલે મહર્ષિ કહો. એમાં કાંઇ અમારી ક્ષતિ નથી. પરંતુ નીચેની વાતપર જરા ધ્યાન આપશો.

તમને પૂછવામાં આવે છે કે સ્વામી દયાનંદ સત્યવાદી હતા કે અસત્યવાદી ? યદિ કહો કે સત્યવાદી હતા તે નીચેની વાત જે પુસ્તકના નામથી સ્વામી દયાનંદે લખી છે તે પુસ્તકમાંથી સિદ્ધ કરો.

(૧) **रथेजवायुवेगेन जगाम गोकुलंप्रति** એ શ્લોક ભાગવતના નામથી લખી કાઢી સંન્યાસીને ન છાજે એવા શબ્દોમાં હાસ્ય કર્યું છે. શું ભાગવતમાંથી આ શ્લોક બતાવી આપશો ?

(૨) શિવ પુરાણના નામથી ગૌની સાક્ષી વૃક્ષનું ઉતરવું ભસ્મને ગોળો એ બધી વાતો લખી છે તે શિવ પુરાણમાંથી બતાવો.

(૩) હિરણ્યાક્ષ ચટાઈની માફક પૃથ્વીને લપેટી ગયો એ વાત ભાગવતમાંથી બતાવો.

(૪) **विविधानिचरत्नानि** એ શ્લોક મનુસ્મૃતિમાંથી બતાવો.

(૫) અજામિલને ઘેર નારદ આવ્યા એ વાત ભાગવતમાંથી બતાવો.

(૬) **ततो मनुष्या अजायन्त** એ મંત્ર યજુર્વેદમાંથી બતાવો.

छादयत्यर्कमिंदुर्विधुंभूमिभाः એ વચન સિદ્ધાંત શિરોમણિના નામથી સ્વામી દયાનંદે લખ્યું તો સિદ્ધાંત શિરોમણિમાંથી બતાવો.

(૮) પૃથ્વીનું માપ ભાગવતના નામથી સ્વામીજીએ લખ્યું છે એ વાત ભાગવતમાંથી બતાવો.

(૯) હિરણ્યકશિપુએ લોહસ્તંભ તપાવ્યો. પ્રલ્હાદને પકડવાનું કહ્યું. નારાયણે કીડી ચલાવી પ્રલ્હાદનું ભય દૂર થયું એ વાત ભાગવતમાંથી બતાવો.

(૧૦) પૂતનાના શરીરનું વર્ણન દયાનંદે કર્યું છે તે વાત ભાગવતમાં નથી. હોય તો ભાગવતમાંથી બતાવો.

સ્વામી દયાનંદે અનેક લીલા દર્શાવી છે.

(૧) સ્વામીજી કહે છે કેઃ—**जिसको पढने पढानेसे कुछ न आवे वह निर्बुद्धि होनेसे शूद्र कहता है। उसका पढना पढाना व्यर्थ है।**

પ્રથમ સ્વામીજી લખે છે કે:—जो कुलीन शुभ लक्षण युक्त शूद्र हो तो उसको मंत्र संहिता छोडकर सर्व शास्त्र पढावे હવે વિચાર કરો જેને કંઈ ભણવાથી તથા ભણાવવાથી આવડતું નથી તે શૂદ્ર કહેવાય છે તો પછી તે શાસ્ત્ર કેવી રીતે જાણી શકશે?

(૨) પ્રથમ સત્યાર્થ પ્રકાશમાં માંસ ખાવાની આજ્ઞા આપી તેથી આર્યસમાજમાં એક માંસ પાર્ટી બની છે બીજી ઘાસપાર્ટી બની છે તથા ત્રીજી અર્ધી બની છે. પરસ્પર વિરૂદ્ધતાને લીધેજ આમ થયેલું છે.

(૩) સ્વામીજીએ નિયોગની આજ્ઞા આપી પતિવ્રતા ધર્મનું સત્યાનાશ વાળ્યું છે. ગર્ભવતી સ્ત્રીને પણ નિયોગની આજ્ઞા આપવી એ શું સંન્યાસીનું લક્ષણ છે?

(૪ સત્યાર્થ પ્રકાશમાં હવનની પેટભરી નિંદા કરી સંસ્કાર વિધિમાં લખી માર્યો છે.

(૫) ઋગ્વેદ ભાષ્યભૂમિકા પૃષ્ઠ-૫માં ઈશ્વરને ત્રિકાલદર્શી લખ્યો છે અને સત્યાર્થ પ્રકાશમાં લખ્યુ છે કે ઈશ્વરને ત્રિકાલદર્શી કહેવો એ મૂર્ખતાંનું કામ છે.

(૬) વેદને માની પુરાણોને ઉડાવ્યા પછી પુનઃ પુરાણોની સહાયતા લઈ રામ, બીમ, કૃષ્ણ વગેરેને માન્યા છે.

(૭) જ્યોતિષના ફળને ધિક્કારી કાઢી પછી સંસ્કાર વિધિમાં લખ્યું છે કે ઉત્તરાયણ સૂર્ય શુકલપક્ષમાં વિવાહ શુભ છે.

(૮) કર્મથી વર્ણવ્યવસ્થા માની નામકરણ સંસ્કારમા જન્મથી માની બેઠા છે.

(૯) સત્યાર્થ પ્રકાશમાં મૂર્તિપૂજાની નિંદા કરી સંસ્કાર વિધિમાં કુશ વગેરેની પૂજા બતાવી છે.

(૧૦) સત્યાર્થ પ્રકાશમાં સાકાર ઈશ્વરનું ખંડન કરી આર્યાભિવિનયમાં આઠ સ્થળે સાકાર ઇશ્વર માની લીધો છે.

હે ભાઈ! દયાનંદજીની બીજી અનેક લીલા છે. આપની ઇચ્છા હશે તો સઘળી પોલ ખોલવામાં આવશે. આટલું આટલું અસત્ય લખાણ લખ્યા છતાં તમારે દયાનંદજીને ભારતના પ્રતાપી સૂર્ય કહેવા હોય તો ભલે કહો. તમારો હાથ કોણ પકડે છે? અમે તો જે સત્ય લાગ્યું તે દર્શાવ્યું માનવું ન માનવું એ તમારી ઇચ્છા ઉપર આધાર રાખે છે. આપે કહ્યું કે:—"કોઈ હવાનો ફોટો લઈ શકે છે? યદિ હા કહો તો બતવો કે હવા કેવી છે?"

હે ભાઇ! હવાને તમે જો નિરાકર માનતા હો તો તમારી મોટી ભૂલ છે.તમે પદાર્થ વિદ્યાનો અભ્યાસ કર્યો નથી. હવાની પણ ઉત્પત્તિ છે. ઉત્પત્તિવાળા પદાર્થને નિરાકાર કહેવો એ પદાર્થ વિદ્યાથી વિરૂદ્ધ છે. જ્યાં સૂધી વસ્તુ સૂક્ષ્મરૂપમાં હોય છે ત્યાં સુધી તેને કોઇ પણ જોઇ શકતું નથી, પરંતુ જ્યારે તે સ્થૂલ આકારમાં આવે છે ત્યારેજ તેની સિદ્ધિ થાય છે હવાને નિરાકાર માનતા હો તો બતાવો. ઇશ્વર સાકાર છે કે નિરાકાર? યદિ કહો કે ઇશ્વર સાકાર છે તો તમારા સિદ્ધાંતને હાનિ આવશે. યદિ નિરાકાર કહો તો બતાવો કે નિરાકાર હવાને નિરાકાર ઇશ્વરમાં શો ભેદ છે?

નિરાકારમાં ભેદ સિદ્ધ કરવા તમારી પાસે શી યુક્તિ છે? યદિ કહો કે ઇશ્વર ચેતન છે અને હવા જડ છે તો તમને પૂછવામાં આવે છે કે એક નિરાકાર ચેતન અને એક નિરાકાર જડ

કેમ? હવા એ અતિ સૂક્ષ્મ આકારવાળી હોવાથી તેનો ફોટો લઈ શકાતો નથી, પરંતુ જે જે સ્થૂળ પદાર્થોપર તેની અસર થાય છે તેનો ફોટો લઈ શકાય છે. જો સ્થૂળ પદાર્થ ના હોત તો હવા શી રીતે સિદ્ધ થાત? ઈશ્વરના સૂક્ષ્મસ્વરૂપનો ફોટો કોઇથી લઈ ના શકાય, પરંતુ જ્યારે તે રામ કૃષ્ણાદિ અવતાર ધારણ કરે છે ત્યારે તેનો ફોટો લઇ શકાય છે. યદિ ઇશ્વરને આકાર ના હોય, તો તે સાકાર જગત્ રચી શકે નહિ. નિરાકારમાં આકારનો અભાવ માનશો તો અભાવથી ભાવની ઉત્પત્તિ થશે નહિ. સૂક્ષ્મ વસ્તુને જાણવાને અતિ સૂક્ષ્મ બુદ્ધિની આવશ્યકતા છે. જ્યારે વિષયમાંથી તમારૂં મન ખસી જશે ત્યારે સૂક્ષ્મ વસ્તુને હસ્તામલકવત્ જોઇ શકશો. તમે કહ્યું કેઃ-" શું કોઇ મનનો ફોટો લઈ શકે છે?"

હે ભાઇ! મન પણ સાકાર છે. પરંતુ તે પણ સૂક્ષ્મ છે. મનને નિરાકાર માનશો તો તેમાં ઇશ્વર વ્યાપક રહેશે નહિ. સૂક્ષ્મ મનનો ફોટો લઇ ના શકાય, પરંતુ એ મનમાં જે જે વિચાર ઉત્પન્ન થાય છે તેની અસર સ્થૂલ શરીરપર થયા વિના રહેતી નથી. કોઇ માણસ વિચારમાં હોય તે પ્રસંગે આપણે તેને જોઇ જાણી શકીએ છીએ કે આજે આ કાંઈ વિચારમાં પડી ગયો છે. તે વખતે જો કોઇ તેનો ફોટો લે તો તે લઇ શકાય છે. સ્થૂલની સાથે સૂક્ષ્મ વસ્તુ પણ આવી જાય છે. चन्द्रमा मनसो जातः ચંદ્રમા પણ મનની મૂર્ત્તિ છે, અને તે સાકાર છે.

તમે કહ્યું કેઃ—"ભૂખ તૃષા ઇત્યાદિની છબી કોઇ પાડી શકે છે?" હે ભાઈ! ભૂખ તૃષા જ્યારે મનુષ્યના શરીરપર અસર

કરે છે ત્યારે તેની મુદ્રા ઉપરથી આપણે જાણી શકીએ છીએ. જો તમે ભૂખ્યા અથવા જેને તૃષા લાગી છે એવા મનુષ્યનો ફોટો લેશો તો લેવાશે. ભૂખ અને તૃષા નિરાકાર નથી, પણ સૂક્ષ્મ છે તેથી તમે તેને જોઇ શકતા નથી. સ્થૂળદ્વારાએજ તેની સિદ્ધિ થાય છે. સ્થૂલ શરીરમાં ભૂખ તૃષા ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિવાળો પદાર્થ નિરાકાર કહી શકાય નહિ. સ્થૂલ વસ્તુના આધાર વિના તમે સૂક્ષ્મ વસ્તુની સિદ્ધિ કરી શકશો નહિ જે વસ્તુ સૂક્ષ્મ આકારવાળી હોય તેને નિરાકાર કહેવી એ કેવળ અવિદ્યાનું પરિણામ છે આપે કહ્યું કે:–"જેવી રીતે કોઈ મોટો સાગર કળશમાં બંધ થઈ શકે નહિ, તેવીજ રીતે સર્વ વ્યાપકને એક સ્થલે રોકી શકાય નહિ. અને રોકી શકાય તો સર્વ વ્યાપક કેવી રીતે કહેવાય? પરમાત્મા સર્વવ્યાપક છે માટે મૂર્ત્તિમાન હોઇ શકે નહિ."

હે ભાઈ! તમે પરમાત્માને માટે સમુદ્રનું દૃષ્ટાંત આપ્યું તે યોગ્ય નથી. સમુદ્ર એ પરિછિન્ન વસ્તુ છે ને પરમાત્મા અપરિછિન્ન છે. સમુદ્ર કળશમાં રહી ના શકે કેમકે તે વ્યાપક નથી. આકાશ સર્વવ્યાપક છે તેથી નાની મોટી સર્વ વસ્તુમાં રહેલું છે. નાની વસ્તુમાં રહ્યાથી નાનું થઈ જતું નથી, અને મોટી વસ્તુમાં રહ્યાથી મોટું થઇ જતું નથી. પરમાત્મા અણુથીઅણુ ને મહાનથી મહાન્ છે. શ્રુતિ પણ કહે છે કે:– **अणोरणीयान् महतोमहीयान्** જે વ્યાપક વસ્તુ છે તે કદી બંધાઇ જતી નથી. વ્યાપક અગ્નિની હજારો મૂર્ત્તિ તમારા જોવામાં આવતી નથી? તમને પૂછવામાં આવે છે કે સ્વામી દયાનંદ શરીરે મજબુત અને ઘણા ઉંચા હતા

તેને નાનાસરખા ફોટામાં કેમ સમાવી દીધા છે? આવડા મોટા દયાનંદ ફોટામાં કેવી રીતે સમાયા? હવે સમુદ્રના દૃષ્ટાંતથી મૂર્તિ પૂજા સિદ્ધ કરવામાં આવે છે. જેવી રીતે સમુદ્રમાં એક સ્થલે સ્નાન કરવાથી આખા સમુદ્ર સ્નાનનું ફલ મળે છે, તેવી રીતે મૂર્ત્તિપૂજા કરવાથી વિરાટ પુરુષની પૂજાનું ફલ મળે છે. આપે કહ્યું કેઃ—દરેક શરીરને માટે આવશ્યક છે કે તે લંબાઇ પહોળાઈ અને ઉંચાઇ રાખતું હોય અને તેને દેશકાળની જરૂર છે એ કારણથી કોઈ શરીર અનાદિ અને નાશ રહિત નથી. પરમાત્મા અનાદિ અને અવિનાશી છે. તથા દેશકાળથી અલગ છે માટે તેને કદાપિ શરીર હોઈ શકે નહિ." હે મિત્ર! તમને હવે પૂછવામાં આવે છે કે જીવ અનાદિ તથા અવિનાશી છે કે નહિ? યદિ ના કહો તો તમારા સિદ્ધાંતની હાનિ થશે. ગીતામાં કહ્યું છે કેઃ—

नजायतेम्रियतेवाकदाचिन्नायं
भूत्वा भवितावानभूयः
अजोनित्यः शाश्वतोऽयंपुराणो
नहन्यतेहन्यमानेशरीरे

કહો હવે અનાદિ અને અવિનાશી જીવ શરીરને કેવી રીતે ધારણ કરી શકે છે? શરીર ધારણ કરવાથી જીવ વિનાશી થઈ જાય છે? યદિ કહો કે જીવ પરિચ્છિન્ન છે તો તમારું કહેવું ટકી શકે એમ નથી, કારણ કે જે વસ્તુ પરિચ્છિન્ન હોય છે તે નાશવંત હોય છે. જીવને પરિચ્છિન્ન માનશો તો કોઇ કાલે નાશ થઇ જશે. જીવને નિરાકાર માની પરિચ્છિન્ન માનવો એ અવિદ્યાનું જ પરિણામ

છે. પરિચ્છિન્ન પદાર્થ અનાદિ તથા અવિનાશી હોઈ શકે નહિ. કહો ભાઈ! હવે તમારી યુક્તિ જડ મૂળથી ઉખડી ગઇ કે નહિ? ઈશ્વરનું શરીર દિવ્ય હોવાથી દેશકાળના સપાટામાં આવતું નથી.

આપે કહ્યું કેઃ-" મૂર્ત્તિ પ્રતિબિંબકે છાયા વિના હોઈ શકે નહિ. જેનું શરીર નહિ તેની મૂર્ત્તિ કદાપિ માની શકાય નહિ. નિરાકાર પરમાત્માની મૂર્ત્તિ કોઇ પણ બનાવી શકે નહિ. હે બંધુ! ઇશ્વરને દિવ્ય શરીર અવશ્ય છે. શરીર વિના સાકાર જગત્ કદાપિ બનાવી શકે નહિ. સ્વામી દયાનંદે પણ કહ્યું છે કેઃ- **छुरा ईश्वरकी दाढ है** કહો દયાનંદે પણ ઇશ્વરને સાકાર માન્યા કે નહિ? બૃહદારણ્યકમાં કહ્યું છે કેઃ-

यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरोयं पृथिवी न वेद यस्य पृथिवीशरीरम् यः पृथिवीमन्तरोयमयति

જુઓ! ઉપનિષદ્ ઇશ્વરનું શરીર માને છે. છતાં ઇશ્વરને શરીર નથી એમ કહેવું એ શું ઉચિત છે? શુદ્ધ બ્રહ્મ ચેતનજ નિરાકર છે અને તે સૃષ્ટિકર્તા નથી, કારણ કે તે નિષ્ક્રિય છે. યદિ ઇશ્વરનું શરીર ન માનોતો બતાવો કે નિરાકાર ઇશ્વરમાં સંકલ્પ કેવા રીતે થાય છે? આપે કહ્યું કેઃ-શ્રી કૃષ્ણની, શ્રી રામની, શ્રી હનુમાનની, શ્રી શિવ વગેરેની મૂર્ત્તિ મંદિરમાં દેખાય છે, પરંતુ પરમાત્માની મૂર્ત્તિ કોઇ પણ મંદિરમાં જોવામાં આવતી નથી, આથી સિદ્ધ છે કે પરમાત્માની મૂર્ત્તિ કોઇ બનાવી શકતું નથી." હે ભાઇ! શ્રી કૃષ્ણ સાક્ષાત્ ઇશ્વરજ છે. શું આપે ગીતા વાંચી નથી? સ્વમુખે કહ્યું છે કેઃ—

अजोपि सन्नव्ययात्मा भूतानामीश्वरोपिसन्
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्म मायया

હું અજન્મા છતાં અવિનાશી છતાં સર્વ પ્રાણી અને પદાર્થોનો ઇશ્વર છતાં પણ પોતાની માયાથી જન્મ ધરૂં છું, અને જન્મધરૂં છું તો પણ પોતાની પરબ્રહ્માત્મક સ્થિતિને નહી ચૂકતાંજ ધરૂં છું. ભક્તના અનુગ્રહને માટે ઇશ્વર અવતાર ધારણ કરે છે. જેમ અગ્નિ જ્યારે સ્થૂલ થાય છે ત્યારેજ તેની શક્તિ જણાય છે, તેમ પરમાત્મા અવતાર ધારણ કરે છે ત્યારેજ તેની સત્તા જણાય છે.

જો અગ્નિ સ્થૂળ થયો નહોત તો તેની આટલી બધી સત્તા કોઇ જાણી શકત? પરમાત્માએ અવતાર ધારણકરી વૈદિક ધર્મની મહત્તા દર્શાવી ના હોતતો તેની અનંત શક્તિ કોઇ જાણી શકત? એનું વધારે વિવેચન 'અવતાર' નામના પુસ્તકમાં કરવામાં આવશે. શ્રી કૃષ્ણ વગેરે ઇશ્વરજ છે. ભિન્ન નથી. માટે મંદિરમાં જે મૂર્ત્તિ રાખવામાં આવેછે તે યથાર્થ છે. આખું જગતજ પરમાત્માની મૂર્ત્તિ છે તો પછી પરમાત્મની મૂર્ત્તિ કોઇ બનાવી શકતું નથી એમ કહેવું શું હાસ્ય જનક નથી? આપે કહ્યુ કેઃ—"ઉપર લખેલા મહાત્માઓને બધા જાણે છે કે તેઓ અનિત્ય શરીરનો ત્યાગ કરી ચાલ્યા ગયા. તેમના ગુણો સંભારવાથી કાંઇક લાભની પ્રાપ્તિ થાય છે, પરંતુ અનિત્ય શરીરની પ્રતિમા પાસે ધૂપ, દીપ, નૈવેદ્ય ધરાવવા અને મસ્તકને નીચું કરવાથી કદી પણ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એ ખાત્રીથી માનજો." હે બંધુ! જે વાત તમારી બુદ્ધિમાં ઉતરતી નથી તેને તમે અસત્ય કહોછો એ તમારી મોટી ભૂલ છે. વસ્તુનું

રહસ્ય ન સમજાયતો જીજ્ઞાસુ ભાવથી કોઈ મહાત્માને પૂછી જુઓ. સદ્બોધ આપી તે તમારા અનેક સંશયોને છેદી નાખશે. ઇશ્વરનું શરીર દિવ્ય હોવાથી તેનો કદિ પણ નાશ થતો નથી. માત્ર દર્શન અદર્શન થાય છે. પંચ મહાભૂતથી જે શરીરની ઉત્પત્તિ થાય છે તેજ અનિત્ય છે. ઇશ્વરનું શરીર પંચ મહાભૂતોથી ઉત્પન્ન થયું નથી, માટે તે અનિત્ય નથી. જ્યારે જ્યારે ધર્મનો ઉચ્છેદ થાય છે, સાધુ પુરુષો પીડાય છે, નાસ્તિકોનું જોર વધી પડે છે, દુષ્ટ પુરુષ રંકને કષ્ટ આપે છે, તથા અધર્મ ભૂમંડલમાં પથરાઇ જાય છે, ત્યારે ત્યારે પરમાત્મા પ્રકટ થઇ વૈદિક ધર્મની સ્થાપના કરી દુષ્ટોનો નાશ કરે છે. કમલને જલનો લેપ થતો નથી, તેમ પરમાત્માને પાપનો સ્પર્શ થતો નથી. શાસ્ત્ર મનુષ્યને માટે છે ઇશ્વરને માટે નથી. બ્રહ્મ સૂત્રમાં કહ્યું છે કેઃ—

अत्ताचराचरग्रहणात् ઇશ્વિરના ગુણો સંભારવાથી કાંઇક નહિ પરંતુ અત્યુત્તમ લાભની પ્રાપ્તિ થાય છે. જેમ ભમરીનું ધ્યાન કરતો કીડો ભમરીપણું પામે છે, તેમ પરમાત્માનું ધ્યાન કરતો મનુષ્ય પરમાત્મા પદને પ્રાપ્ત થાય છે. અનિત્ય શરીરની પ્રતિમા નથી પરંતુ ઇશ્વિરના દિવ્ય શરીરની પ્રતિમા છે. ધૂપ દીપ નૈવેદ્ય ધરવાથી ઇશ્વિરનો પૂર્ણ સત્કાર થાય છે. પ્રેમનું પૂર્ણ સ્વરૂપ દર્શાવી આપવામાં આવે છે. મસ્તક નીચું કરવાથી અભિમાનનો નાશ થાય છે. ઇશ્વરને અર્પણ થઇ જવાય છે. ભલે તમે નિરાકારનું નામ લઈ અહંકાર રાખી સદ્ધર્મની નિંદા કરવામાં પ્રવૃત્તિ રાખો એમાં અમારી કાંઇ ક્ષતિ નથી. सत्यमेवजयतेनानृत- મસ્તક નીચું ન-

આવી ઇશ્વરની શુદ્ધ ભાવથી ભક્તિ કરવાથી તે મહાન્ દયાળુ પરમાત્માનો અનુગ્રહ થાય છે, અને તેથી ભક્તને શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. સૂર્યનો પ્રકાશ જ્યાં પડે ત્યાં અંધકાર કેવી રીતે રહી શકે ? આપે કહ્યું કે:–" આજ સુધી પરમાત્માને કોઇએ ચર્મચક્ષુથી જોયા નથી. જેને જોયા નથી તેની મૂર્ત્તિ બનાવવી એ કેટલું બધું હાસ્યજનક છે?" હે બંધુ ! ઇશ્વરનુ શરીર હજારો ઋષિમુનિઓએ જોયું છે. પોતાના સત્ય અનુભવ પ્રમાણે તેઓએ ઇતિહાસ પુરાણોમાં વર્ણન આપ્યું છે. જરા શ્રદ્ધાથી જુઓ. શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું હતું, અને તેથી પોતે મહાવીર છતાં ત્રાસ પામી ગયો હતો. શ્રદ્ધા વડે ઇશ્વરની ભક્તિ કરશો તો તમે પણ જોઇ શકશો. જેવી રીતે પુરાણમાં ઇશ્વરનું વર્ણન આપ્યું છે તેવી રીતે ઇશ્વરની મૂર્ત્તિ બને છે. આપે કહ્યું કે:–" જે વસ્તુ શરીરધારી છે તે વારંવાર ઘટતી વધતી રહે છે. પરમાત્મા નિરંતર એકરસ અને અચલ છે તસ્માત્ પરમાત્માની મૂર્ત્તિ હોઇ શકે નહિ."

હે બંધુ ! જે શરીર જન્ય છે તેજ વધે ઘટે છે. ઇશ્વરનું શરીર જન્ય નથી તસ્માત્ તે વધતું ઘટતું નથી. નિરંતર એકરસને અચલ પરમાત્માથી સાકાર જગત્‌ની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે તમેજ કહો. યદિ એકરસને અચલ પરમાત્માથી જગત્‌ની ઉત્પત્તિ માનો છો તો પછી મૂર્ત્તિનો શા માટે નિષેધ કરો છો ? એકરસ અગ્નિની જેવી રીતે હજારો પ્રતિમા થાય છે તેવી રીતે એકરસ પરમાત્માની હજારો પ્રતિમા બને છે. सहस्रस्य प्रतिमासि આપે

કહ્યું કેઃ-શરીર રોગ, વિપત્તિ, સુખ, દુઃખ વગેરેથી ઘેરાય છે વળી તે શુષ્ક થાય છે, પુષ્ટ થાય છે, તથા વિકારોથી પકડાય છે. ઇશ્વર નિર્વિકાર છે માટે તે શરીર ધારી નથી."

હે ભાઇ ! જે શરીરની ઉત્પત્તિ પંચમહાભૂતથી થઈ હોય છે તેજ રોગ વગેરેથી ઘેરાય છે. પરમાત્માના શરીરની ઉત્પતિ પંચ મહાભૂતથી થયેલી નથી, તસ્માત્ તે રોગ વગેરેથી ઘેરાતું નથી. વધવું, ઘટવું, પંચ મહાભૂતથી ઉત્પન્ન થયેલા શરીરને છે. ઇશ્વરનું શરીર ઉત્પત્તિવાળું નથી, તેથી તે વધતું ઘટતું નથી. ઇશ્વરને દિવ્ય શરીર અવશ્ય છે. નિરાકારથી આકારની ઉત્પત્તિ થઇ શકે નહિ. નિરાકારમાં સંકલ્પજ ના ઉઠે તો પછી જગત્ કયાંથી રચાય ? આપે કહ્યું કેઃ-" મૂર્ત્તિપૂજા પ્રથમ સીઢી છે, પરંતુ એ માનવું ભૂલ ભરેલું છે મૂર્ત્તિપૂજા પ્રથમ સીઢી નથી, પરંતુ એક મોટો ખાડો છે. વેદાધ્યયનજ પ્રથમ સીઢી છે, પરંતુ મૂત્તિપૂજા નથી. " હે ભાઇ ! તમને શું કહેવું ? મૂર્ત્તિપૂજા પ્રથમ સીઢી નહિ પરંતુ પરમાત્માને જાણવાનું મૂખ્ય સાધન છે. સ્વામી દયાનંદને ફોટો જોઇ તમને દયાનંદ સાંભરી આવે છે તેમ ઈશ્વરની મૂર્ત્તિ જોઈ ઇશ્વરના ગુણો સ્મૃતિમાં આવે છે. જે શુદ્ધ ભાવથી ઇશ્વરની ભક્તિ કરે છે તેજ વેદ વેદાંગનો જ્ઞાતા થાય છે, ખરૂં રહસ્ય તેજ સમજી શકે છે. મૂર્ત્તિપૂજા કરવાથી અવશ્ય મોટા લાભની પ્રાપ્તિ થાય છે. યદિ કહો કે દયાનદની છબી તો સત્ય છે પરંતુ ઇશ્વરની છબી કોણે લીધી ? કોઈ મૂર્ત્તિ વાંકી, કોઈ ચીબી; કોઇ ભયંકર હોય છે. શું ઇશ્વર એવો છે તો તમને કહેવામાં

આવે છે કે रूपंरूपं प्रतिरूपोबभूव એ શ્રુતિનો વિચાર કરો. જીવાત્મા ચેતનરૂપે નિરાકાર હોવા છતાં તેની કાણી આંધળી, ચીબી, લૂલી, લંગડી વગેરે હજારો મૂર્ત્તિ બની ગઇ છે. તેથી શું જીવાત્મા કાણો, આંધળો, ચીબો, લૂલો, કે લંગડો છે ? કદી નહિ. પરમાત્માની અનેક પ્રકારની મૂર્ત્તિ બન્યા છતાં તેના સત્ય સ્વરૂપને કદી હાનિ પહોંચતી નથી.

આપે કહ્યું કે:-"કોઈ ભાઇ એમ કહે છે મૂર્ત્તિ પૂજા કરવાથી મન સ્થિર થાય છે પરંતુ અમે તો સેંકડોવાર કરી જોયું અમારૂં મન તો કાંઈ સ્થિર થયું. નહિ મનતો નિરાકારમાંજ સ્થિર રહે છે." હે ભાઇ ! સ્વામી દયાનંદે પીઠની હાડકીમાં મન સ્થિર કરવાનું લખ્યું છે તેની તમને કેમ વિસ્મૃત થઇ ગઇ? પીઠની હડકીમાં મન સ્થિર થાય છે, અને ઇશ્વરની મૂર્ત્તિમાં મન સ્થિર થતું નથી એ કહેવું કેટલું હાસ્ય જનક છે ? તમારા મનમાં તો પથ્થરજ રમી રહ્યો છે તેથી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ? દોષ દૃષ્ટિને ધક્કો મારશો તો તમારૂં મન સ્થિર થયા વિના રહેશે નહિ. નિરાકારમાં મન કદી પણ સ્થિર રહેતું નથી. કારણકે મન સાકાર છે. સાકારને નિરાકારનો કદી પણ સંયોગ સંબંધ થતો નથી. શ્રુતિમાં કહ્યું છે કે:-પરમાત્માને પ્રાપ્ત થયા વિના મન સાથે વાણી પાછી હઠે છે. જેનો આકાર નહિ તેનામાં મન કેવી રીતે જઈ શકશે ?

આપે કહ્યું કે:-"મૂર્ત્તિ પૂજા કરવાથી મનુષ્ય કેવલ આળસુ બની જાય છે. કર્તવ્યથી ભ્રષ્ટ થઈ જાય છે." હે ભાઈ! આળસુ તો તમેજ બની જાઓ છો, કારણકે માત્ર નિરાકાર નિરાકાર કહીને

તમે સંતોષ માનો છો. સનાતન ધર્મીતો પૂજામાં પોતાનો ઘણો સમય રોકે છે. ઇશ્વરાધીન થઈ જાય છે. કર્તવ્યથી તો તમેજ ભ્રષ્ટ થઇ ગયા છો, કારણકે તમે શ્રાદ્ધ, તીર્થ, મૂર્ત્તિ પૂજા, શુદ્ધિ, ઈત્યાદિને માનતા નથી. માત્ર નિરાકારનો ડંકો વગાડી અરણ્ય રૂદન જેવી ક્રિયા કરો છો. સત્‌ને બાજુએ મૂકો છો. આપે કહ્યું કેઃ—"હે ભાઈ! તમે મૂર્ત્તિને પૂજો છો તેના કરતાં તેના ઘડનારને પૂજતા હોત તો વધારે સારૂં થાત, કારણકે કારીગરે મૂર્ત્તિ ના ઘડી હોત તો તમે કોને પૂજત ?" હે ભાઇ! તમે સ્વામી દયાનંદના ફોટાને હાર પહેરાવો છો તેના કરતાં ફોટો પાડનારને હાર પહેરાવો તો કેવું સારૂં ? જો ફોટો પાડનારાએ દયાનન્દનો ફોટો ના પાડયો હોત તો તમે હાર કોને પહેરાવત ?? શું દલીલ લાવો છો! પથ્થરમાં મૂર્ત્તિનો ભાવ હતો. કારીગર માત્ર તેને ઉત્તમ રૂપમાં લાવ્યો છે. પ્રથમ કહ્યું છે કે અભાવથી ભાવની ઉત્પત્તિ કદી નથી. આપે કહ્યું કેઃ—"તમારી મૂર્ત્તિ આગળ ધરેલો પ્રસાદ એમનો એમ પડી રહે છે તમારી મૂર્ત્તિ કાંઇ ખાતીપીતી નથી. તે શું તમે જોતા નથી ?" હે મિત્ર! મધુમક્ષિકા જેમ પુષ્પનો સાર લઈ જાય છે પરંતુ પુષ્પની હાનિ કરતી નથી તેમ દેવતા માત્ર ધરેલા પદાર્થનો સાર લઇ જાય છે. દેવતાઓને ક્ષુધા પિપાસા હોતી નથી. અમે અમારી દરેક વસ્તુ ઇશ્વરની ગણીએ છીએ. તમે ઇશ્વરને અર્પણ કર્યા વિના ખાવા બેસી જાઓ છો, પરંતુ સનાતનધર્મી તો પ્રથમ ઇશ્વરને અર્પણ કરી પછી ખાવા બેસે છે. અહો! આવા શુદ્ધ ભાવને હસી કાઢતાં તમને કેમ સંકોચ આવતો નથી !—આપે કહ્યું કેઃ—"જડ

મૂર્ત્તિ પછાડી આટલો બધો ખર્ચ કરો છો તેના કરતાં કોઇ આંધળા, લુલા, લંગડા, બહેરાને દાન આપતા હો તો તમારો કેવો મોટો ઉદય થાય !" હે બંધુ ! સનાતન ધર્મીને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા હોય છે. તેઓજ આંધળા લુલા લંગડા બહેરા વગેરેને સારી રીતે ધન આપે છે. મંદિરો પાછળ ખર્ચ કરે છે, તે અંતઃકરણના શુદ્ધ ભાવથી કરે છે. જેવું બી તેવું ઝાડ, તેમ જેવું કર્મ તેવું ફલ. સારે માર્ગે પૈસાનો ઉપયોગ કરવો એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. શરીર અનિત્ય છે તથા લક્ષ્મી વીજળીના જેવી ચંચલ છે. જેઓ લક્ષ્મીનાપર પ્રેમ રાખે છે તેઓને પૂર્ણાનંદનો કદી પણ અનુભવ થતો નથી. આપે કહ્યું કેઃ-જડની પૂજા કરવાથી તમને વસ્તુની કિંમત રહી નથી." હે ભાઇ ! તમારૂં આ કહેવું ઉચિત નથી. જડની પૂજા કોઇ પણ કરતું નથી એ તમને અનેકવાર કહેવામાં આવ્યું છે. ચેતનની પૂજા જડવસ્તુ દ્વારાએજ થઇ શકે છે. જેમ તમે જીવ ચેતનની પૂજા શરીરદ્વારા માનો છો તેમ સનાતન ધર્મી મૂર્ત્તિદ્વારા ઇશ્વરની પૂજા માને છે. વસ્તુની કિંમત તમને રહી નથી, કારણકે તમે ઋષિ મુનિઓના ગ્રંથોને પણ હસી કાઢો છો. જેટલું અનુકૂળ આવે એટલું ગ્રહણ કરી બાકીનું ક્ષેપક કહી મિથ્યા આગ્રહ કરો છો એ શું ઉચિત છે ? પરમ પદની પ્રાપ્તિ શ્રદ્ધા વિના કદી પણ થતી નથી. એ ખાત્રીથી માનજે· संशयात्मा विनश्यति

આપે કહ્યું કેઃ-"મૂર્ત્તિ પૂજા કરવાથી મનુષ્યને કશો લાભ થતો નથી." હે ભાઈ ! મૂર્ત્તિ પૂજા કરવાથી અનેક લાભની પ્રાપ્તિ થાય છે. મૂર્ત્તિ પૂજા કરવાથી પરમાત્માની પ્રસન્નતા થાય છે, અને તેથી આ લોક તથા પરલોકમાં મોટું કલ્યાણ થાય છે. આપે કહ્યું

કેઃ-"મૂર્ત્તિને ચોર ચોરી જાય છે. કોઇ મૂર્ત્તિને તોડી નાખે છે તો પણ મૂર્ત્તિ કાંઇ કરી શકતી નથી. શું આટલું બધું વિવેચન કર્યા છતાં પણ તમે મૂર્ત્તિનો ત્યાગ નહિ કરશો?" હે ભાઇ! વેદના પુસ્તકને કોઇ ચોરી જાય અથવા ફાડી નાખે તેથી શું વેદમાં રહેલું જ્ઞાન નાશ પામે છે? મૂર્ત્તિને ચોરવાથી ઇશ્વર કદીપણ ચોરાતો નથી. મૂર્ત્તિને તોડવાથી ઇશ્વર કદી પણ તોડી શકાતો નથી ઇશ્વરને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિબાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, તથા વાયુશુષ્ક કરી શકતો નથી. ઇશ્વર તો કર્મ પ્રમાણેજ ફલ આપે છે. એનામાં વિષમતા તથા નિર્દયતા નથી. તમે જે વિવેચન કર્યું છે તે સમજ્યા વગરજ કર્યું છે. તેથી એનું નિર્મૂલ ખંડન કરવામાં આવ્યું છે. યાદ રાખજો કે તમે જે જે યુક્તિ લાવશો તે તે યુક્તિને જડ મૂલથી ઉખેડી નાખવામાં આવશે. આપે કહ્યું કેઃ-"ઇશ્વર સર્વવ્યાપક છે તો મૂર્ત્તિમાં છે એમ કહો તો સાંભળો. ફૂલવાડીમાં છે તો પછી ફૂલ શા માટે ચઢાવો છો? ચંદનમાં વ્યાપક છે તો ચંદન ઘસીને શા માટે ચોપડો છો? હાથમાં વ્યાપક છે તો પછી મૂર્ત્તિ આગળ હાથ શા માટે જોડો છો? મસ્તકમાં વ્યાપક છે તો પછી મૂર્ત્તિ આગળ મસ્તક શું કામ નમાવો છો?"

હે ભાઇ! આવી દલીલ લાવવાથી તમને કશા પણ લાભની પ્રાપ્તિ થવાની નથી. જેવી રીતે સનાતનધર્મી ઇશ્વરને વ્યાપક માને છે તેવી રીતે આર્યસમાજ પણ માને છે. હવે જ્યારે તમે પણ ઇશ્વરને વ્યાપક માનો છો તો પછી જાજરૂમાં શા માટે જાઓ છો?

જાજરૂમાં પણ ઇશ્વર વ્યાપક છે. દાળભાત રોટલી શાકમાં ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે ખાઓ છો? મોરીમાં પણ ઇશ્વર વ્યાપક છે તો પછી સાફ જગા આગળ હવન કરવા શા માટે બેસી જાઓ છો? કેશમાં ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે કાપો છો? પૃથ્વીમાં પણ ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે ચાલો છો? સ્તુતિમાં પણ ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે સ્તુતિ કરો છો? કસ્તુરીમાં ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે તેનાથી હવન કરો છો? સ્ત્રીમાં ઇશ્વર વ્યાપક છે તો પછી શા માટે પરણો છો? મનમાં ઇશ્વર વ્યાપક છે તો પછી સંકલ્પમાં કેમ ખેંચી લાવો છો? હાથમાં વ્યાપક છે તો પછી હાથ શા માટે જોડો છો? મસ્તકમાં વ્યાપક છે તો પછી મસ્તક શા માટે નમાવો છો? બુદ્ધિમાં વ્યાપક છે તો પછી નિશ્ચય શામાટે કરો છો? ચિત્તમાં વ્યાપક છે તો પછી ચિંતન શામાટે કરો છો? અહંકારમાં વ્યાપક છે તો પછી અહંકાર શું કરવા કરો છો? હે ભાઇ! પરમાત્મા નિર્લેપ છે. કાંઇ પુષ્પ વગેરે વસ્તુ તે નથી. ઘડો એ કાંઈ આકાશ નથી તેમ પરમાત્મા એ પુષ્પ વગેરે વસ્તુ નથી. જે કાંઇ વસ્તુ આપણા જોવામાં આવે છે તે પરમાત્માનેજ અર્પણ કરવી એ આપણું કર્તવ્ય છે. પદાર્થમાં મારાપણાનું જ્ઞાન થવું એ કેવળ અવિદ્યા છે જ્યાં સૂધી અહંતા મમતાનો નાશ થતો નથી ત્યાં સૂધી શાશ્વત સુખની પ્રાપ્તિ કદાપિ પણ થતી નથી. આપે કહ્યું કેઃ—"માતા પિતાના શરીરમાં દેવ ભાવના કરવી છોડી દઈ મૂર્ત્તિમાં દેવભાવના કરો છો એ કેવળ તમારૂં અજ્ઞાન છે?" હે ભાઈ! પ્રથમ તો તમે દેવતાઓનો તિરસ્કાર કરતા હતા અને હવે દેવતાઓને કેમ

માની લો છો ? તમારા મતમાં તો કોઇ પરોક્ષ દેવતા છેજ નહિ. માતા પિતામાં દેવ ભાવના કરવાનું કહો છો તો દેવ કોણ તે તમે બતાવો. હવે તમારૂં અજ્ઞાન જુઓ. જે શરીરમાં તમે દેવ ભાવના કરાવો છો તે શરીરની રચના શાથી થઈ છે તેનો કોઈ વખત વિચાર કર્યો છે ? આવા ગંદા શરીરમાં દેવ ભાવના કરાવો છો તેના કરતાં જે પાષાણમાં દુર્ગંધનું એક પરમાણુ પણ નથી, તે પાષાણુમાં સનાતન ધર્મી ઇશ્વર ભાવના કરે છે તેમાં તમને કેમ અકળામણ થાય છે ? શું તમે શરીરનેજ આત્મા માનો છો ? જો તેમ હોય તો તમે પૂરેપૂરા ચાર્વાક થયા છો. ચાર્વાકની પેઠે તમે પણ શ્રાદ્ધ, તીર્થ, મૂર્ત્તિ પૂજા વગેરે માનતા નથી. વાહ ! વાહ ! શી શ્રદ્ધા છે ? આપે કહ્યું કે:-"રામાયણમાં પણ રામે કોઇ દિવસ મૂર્ત્તિ પૂજા કરી હોય એમ આવતું નથી." આ તમારૂં કહેવું કેટલું ભૂલભરેલું છે ? તમને પાછળ વાલ્મીકિ રામાયણનો શ્લોક કહ્યો છે તે યાદ કરો. રામેસેતુબંધ રામેશ્વરની પૂજા કરી છે. શું આવી રીતે મિથ્યા બોલવું એનેજ તમે પરમધર્મ માનો છો ? આપે કહ્યું કે:-"મૂર્ત્તિ પૂજાથી જ્ઞાન થઇ જતું હોત તો પછી વેદાદિ શાસ્ત્રની શી જરૂર હતી ?" હે ભાઇ ! મૂર્ત્તિ પૂજાથી વૃત્તિ ઘણી નિર્મલ થાય છે ઇશ્વરનો અનુગ્રહ થાય છે અને તેથી વેદાદિમાં રહેલું જ્ઞાન સારી રીતે પ્રાપ્ત થાય છે. વેદાદિને માત્ર ગોખી કાઢવાથી સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, પરંતુ શુદ્ધ વર્તનથી થાયછે. મંદિરમાં જવાથી ઇશ્વરની અદ્ભુતશક્તિનું સ્મરણ થાય છે. મૂર્ત્તિના દર્શન કરવાથી ચિત્ત ઇશ્વરમાં લીન થઇ જાય છે. અને તેથી ઉપાધિનો નાશ થાય છે. ઉપાધિનો નાશ થવાથી કેવળ ચૈતન્ય

રહે છે. આહા ! જે મૂર્ત્તિ પૂજામાં આવું રહસ્ય રહેલું છે તે મૂર્ત્તિ પૂજાનો તિરસ્કાર કરતાં તમને જરા પણ આંચકો કેમ આવતો નથી? ઇશ્વર નિરાકાર છે નિરાકાર છે એમ માત્ર કહેવાથી શું જ્ઞાનની પ્રાપ્તિ થાય છે? નિરાકારમાં વાણીતો પહોંચતી નથી તો પછી તમારી કરેલી પ્રાર્થના શું અરણ્યરૂદન જેવી નથી? આપે કહ્યું કેઃ-ભાવનાને માટે મેં આગળ કહ્યું છે તેના પર એક દષ્ટાંત આપુ છું તે સાંભળો. કોઈ ભક્ત ગાંધીને ત્યાં શર્કરા લેવા ગયો. ગાંધીએ ભૂલથી ફટકડી આપી. ભક્તે શુદ્ધ ભાવથી લઇને પૂજારીને આપી કહ્યું કેઃ-ઠાકોરજીને ધરાવો. પૂજારીએ પણ શુદ્ધ ભાવથી ધરાવી. પછી લોકોને પ્રસાદ આપ્યો ત્યારે બધાના મોઢાં અમળાઈ ગયા. હવે હું એટલુંજ કહી શકું કે જો ભાવના સત્ય હોત તો ફટકડીની શર્કરા થઇ જાત. કારણકે ભાવના શર્કરાની હતી. ભાવનાથી વસ્તુના ગુણમાં કોઇપણ જાતનો ફેર પડતો નથી."

હે બંધુ ! ફટકડીમાં શર્કરા વ્યાપક નથી. માટે એ ભાવના અસત્ છે પરંતુ મૂર્ત્તિમાં ઇશ્વર વ્યાપક છે માટે એ ભાવના સત્ છે. સૂત્રમાં વસ્ત્રની ભાવના અસત કહેવાય છે, પરંતુ વસ્ત્રમાં સૂત્રની ભાવના એ સત્ કહેવાય છે તમે માતાપિતાદિનાં શરીમાં દેવ-ભાવના કરો છો તે અસત્ ભાવના છે, કારણ કે શરીર એ કાંઈ દેવ નથી. એ કેવળ અવિદ્યાનોજ મહિમા છે. શરીરને મિથ્યા માની એક બ્રહ્મનીજ ભાવના કરવી એ સત્ ભાવના છે. કહો હવે પૂરેપૂરા ઘેરાયા કે નહિ? હવે ક્યાં છટકશો? જો કાંઈ નવી યુક્તિ લાવશો તેના પણ ચૂરેચૂરા કરી નાખવામાં આવશે. આપે કહ્યું કેઃ— **दिव्योह्यमूर्त्तःपुरुषः** બ્રહ્મ નિરાકાર અમૂર્ત્ત છે એમ ઉપનિષદ્ કહે

છે માટે અમૂર્ત્તની મૂર્ત્તિ કેવી ? હે ભાઇ ! ઉપનિષદ્‌ને તમે વેદ માનતા નથી. તમે તો માત્ર સંહિતાને વેદ માનો છો તો પછી ઉપનિષદ્‌નું શરણુ શા માટે લો છો ?

ઉપનિષદ્ બ્રહ્મચેતનને અમૂર્ત્ત કહે છે પરંતુ ઈશ્વર સાકાર છે. જેમ જીવ શરીર સાથે સાકાર છે અને ચેતનરૂપે નિરાકાર છે, તેમ ઈશ્વર માયામય શરીર સાથે સાકાર છે, અને ચેતન સ્વરૂપે નિરાકાર છે જીવને જેવું પાંચ ભૌતિક શરીર છે તેવું ઈશ્વરને નથી. ઈશ્વરનું શરીરજન્ય નથી પણ દિવ્ય છે હવે ઇશ્વર કોને કહે છે તે સાંભળો. ઉપનિષદ્ કહે છે કે **मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्** માયાને પ્રકૃતિ જાણવી અને માયા રૂપ ઉપાધિવાળાને મહેશ્વર જાણવો. હવે જ્યારે ઈશ્વરને માયાની ઉપાધિ છે ત્યારે તે સાકાર છે. ઉપાધિને દૂર કરવાથી કેવળ બ્રહ્મચેતનજ રહે છે. તે અવશ્ય નિરાકારને મન વાણીનો વિષય નથી. વિદ્યારણ્ય સ્વામી કહે છે કે—

प्राज्ञस्तत्राभिमानेन तैजसत्वं प्रपद्यते ।
हिरण्यगर्भतामीशस्तयोर्व्यष्टिसमष्टिता ॥

ભાવાર્થ એવો છે કે લિંગશરીરમાં અભિમાને કરીને પ્રાજ્ઞ તૈજસ પણાને પ્રાપ્ત થાય છે અને ઈશ્વર હિરણ્યગર્ભ પણાને પ્રાપ્ત થાય છે તે બન્નેનું વ્યષ્ટિપણું અને સમષ્ટિપણું છે. મલિન સત્તા પ્રધાનવાળી અવિદ્યાની જેને ઉપાધિ છે તે જીવ કહેવાય છે અને શુદ્ધ સત્વ માયાની ઉપાધિવાળો પરમાત્મા ઇશ્વર કહેવાય છે માયા વિશિષ્ટ ઇશ્વર જગતની ઉત્પત્તિ કરે છે. જીવ અવિદ્યાનેજ વશ છે અને તેથી હું કર્ત્તા છું, હું ભોક્તા છું, સુખી છું, દુઃખી છું, બ્રાહ્મણ છું, વૈશ્ય

છું, ક્ષત્રિય છું, શૂદ્ર છું, વિદ્વાન્ છું, મૂર્ખ છું, ધનવાન છું, નિર્ધન છું, એમ માની હર્ષ શોકને પ્રાપ્ત થાય છે. ઈશ્વર માયાનો નિયંતા છે. તે માયાને વશ થતો નથી. માયાને ઉડાવી દેતાં શુદ્ધ ચેતન રહે છે. જે નિરાકાર તથા નિષ્ક્રિય છે. આપે કહ્યું કે:–

सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम् कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यःसमाभ्यः

પૂર્વ મંત્રમાં જે આત્માનું વર્ણન કર્યું છે તેનાં લક્ષણો કેવાં છે એ આ મંત્ર કહે છે. (શાંકર ભાષ્ય જુઓ) હે ભાઈ! એ મંત્રમાં અકાય કહેવાથી યદિ સર્વ પ્રકારના શરીર ધારણ કરવાનો નિષેધ હોત તો અવ્રણ અને અસ્નાવિર એ બે વિશેષણ વ્યર્થ થઇ જાત. કેમકે જેમ કોઈ કહે કે દેવદત્તને કોઈ પુત્ર નથી અને પછી કહેવામાં આવે કે તે કાળો અથવા ગોરો નથી તો એ કહેવું વ્યર્થ છે, તેમ યદિ ઇશ્વરનું શરીર નથી તો તેમાં નાડી નસ ઈત્યાદિ હોવાનો સંભવ નથી ત્યારે નાડી નસો ઇત્યાદિનો નિષેધ વેદમાં કેમ કર્યો છે? વેદનો અભિપ્રાય એવો છે કે કર્મના સંચયદ્વારા કર્મ ફળ ભોગાર્થે જે મનુષ્યાદિનાં શરીર થાય છે તે શરીરનું નામ કાય છે. કર્મ જન્ય શરીર ઈશ્વરને નથી. **सवै शरीरी प्रथमः** ઈત્યાદિ શ્રુતિઓથી તથા **सोऽभिध्याय शरीरात्स्वात्** ઇત્યાદિ સ્મૃતિ પ્રમાણોથી ઈશ્વર અવશ્ય શરીરને ધારણ કરે છે. હે ભાઇ! મંત્રમાં સ્વયંભૂપદ છે જેનો અર્થ એવો થાય છે કે ઈશ્વર સ્વયં થાય છે. પોતેજ શરીર ધારણ કરે છે. શંકરાચાર્યે

પંચ ભૈતિક શરીરનો નિષેધ કર્યો છે. દિવ્ય શરીરનો નહિ. આપે કહ્યું કેઃ—"યદિ કહો કે ઇશ્વર નિરાકારને સાકાર બન્ને થઈ શકે છે તો તે બની શકે તેમ નથી નિરાકારત્વ અને સાકારત્વ એ બે વિરૂદ્ધ ધર્મો એક વસ્તુમાં કદાપિ રહી શકતા નથી."

હે ભાઇ! ઈશ્વર અવશ્ય સાકાર છે. કેવળ ચેતન નિરાકાર છે એ તમને બહુવાર કહેવામાં આવ્યું છે. જેમ જીવ શરીર રૂપે સાકાર છે અને ચેતન રૂપે નિરાકાર છે. તેમ ઈશ્વર શરીર રૂપે સાકાર છે ને ચેતન રૂપે નિરાકાર છે. એમાં પરસ્પર વિરૂદ્ધતા નથી. શુદ્ધ ચેતન નિષ્ક્રિય હોવાથી સૃષ્ટ રચવાનો તેનામાં સંકલ્પ ઉઠેજ નહિ. એકની એક વાત વારવાર કહેવી ઠીક નથી. તમને બરાબર સમજ પડે તેથી કહેલી વાત ફરી ફરી કહેવા પડે છે. આપે કહ્યું કેઃ— બ્રહ્મ સૂત્રમાં વ્યાસજી કહે છે કેઃ—

न स्थान तोविपरस्योभयालिङ्गं सर्वत्रहि ।

(શાંકર ભાષ્ય) જુઓ. ભાવાર્થ એવો છે કે બ્રહ્મ નિરાકાર ને સાકાર પણ છે એવું પ્રાપ્ત થાય છે. પરંતુ ઉભય પ્રકારની કોઈ વસ્તુ થઇ શકતી નથી તેથી બ્રહ્મ પણ નિરાકાર તથા સાકાર થઈ શકે નહિ.

હે ભાઈ! જે શંકરાચાર્યને તમે માનતા નથી તેનું શરણ શા માટે લો છો? શંકરાચાર્ય તો બ્રહ્મને નિરાકાર ને નિષ્ક્રિય માને છે. જગત્‌ને મિથ્યા માને છે. શું તમારે એ મત માન્ય છે? હોય તો આવો અમારી સાથે તમે પણ શંકરાચાર્યના શિષ્ય થઈ જાઓ. શંકરાચાર્ય તો કહે છે કેઃ—"જેવી રીતે આકાશમાં નીલતા મિથ્યા છે, મરૂ સ્થલમાં પાણી મિથ્યા છે, સ્થાણુમાં પુરુષ મિથ્યા છે તેમ

ચિદાત્મામાં આ જગત્ મિથ્યા કલ્પાયેલું છે." શંકરાચાર્ય બ્રહ્મચેતનનેજ નિરાકાર માને છે. ઇશ્વરને નહિ. શંકરાચાર્યે ભગવદ્ગીતાના ભાષ્યમાં કહ્યું છે કે—" **साकार प्रतिपादक श्रुतिनांन विरोधः** તમારી પેઠે ઇશ્વરને નિરાકાર કહી શંકરાચાર્ય સક્રિય કહેતા નથી. શંકરાચર્યની અપૂર્વ બુદ્ધિનો પાર તમારાથી પામી શકાય એમ નથી. શંકર તે એક શંકરજ છે. જો શંકરાચાર્ય પર તમને ભાવ હોત તો એમના અત્યુત્તમ સિદ્ધાંતનું મિથ્યા ખંડન કરવા શું કામ બેસી જાત ? ફાવતુ ‥વે તે લેવું ને બાકીનું ધિક્કારી કાઢવું એ યુક્તિ તો તમે ઠીક શીખ્યા છો. યાદ રાખજો. સમજુ મનુષ્યો તમારી પ્રપંચી જાળમાં ફસાઈ જાય એમ નથી. આપે કહ્યું કે:— "ઇશ્વિર કેવો છે તે વ્યાસજી નીચે પ્રમાણે કહે છે. **अरूपवदेव हितत्प्रधानत्वात्** શંકરાચાર્ય કહે છે કે:-રૂપાદિ આકાર રહિતજ બ્રહ્મ છે એવો નિશ્ચય છે. તેથી તે રૂપવાળો થઈ શકતો નથી. બ્રહ્મ સ્થૂલ અણુ હ્રસ્વ અને દીર્ઘ નથી. શબ્દ સ્પર્શાદિકનો પણ તે વિષય નથી. તે દિવ્ય અમૂર્તાદિ છે બ્રહ્મ નિરાકારજ છે."

હે મિત્ર! શંકરાચાર્યે ઠીકજ કહ્યું છે. બ્રહ્મ ચેતનજ નિરાકાર છે. જ્યારે તે શબ્દનો વિષય નથી ત્યારે તમે તેની પ્રાર્થના શામાટે કરો છો? શું તમારી વાણી બ્રહ્મમાં પહોંચે છે ? શંકરાચાર્યના ગ્રંથનું રહસ્ય સમજ્યા વિના તેના ગ્રંથોનું શરણુ લેવું એ તમારા પગમાં કુહાડનો પ્રહાર કર્યા બરાબર છે. કારિકાર પણ બ્રહ્મ ચેતનને નિરાકાર તથા નિષ્ક્રિય માને છે. ઇશ્વરને નહિ.

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपंरूपं प्रतिरूपोबभूव ।
एकस्तथासर्वभूतान्तरात्मा रूपंरूपं प्रतिरूपोबहिश्च ॥

જેમ એકજ અગ્નિ લોક પ્રતિ પ્રવેશ પામ્યો છે છતાં રૂપ પ્રતિ પ્રતિરૂપ થાય છે તેમ સર્વ ભૂતોના અંતરાત્મા એક છતાં રૂપ પ્રતિ પ્રતિરૂપ થાય છે તથા બહાર પણ છે. **रूपंरूपं मघवाबोभवीति.**

એ ઋચામાં સ્પષ્ટ છે કે ઇંદ્ર નામ રૂપાત્મક ઇશ્વર સર્વમાં સર્વરૂપ થઈ રહ્યો છે. હે બંધુ ! શંકરાચાર્યે તો મૂર્ત્તિની સ્થાપના કરી છે તો પછી તેના ગ્રંથોનું પ્રમાણ લેવું એ શું હાસ્યજનક નથી ? આપે કહ્યું કેઃ—

अन्धंतमः प्रविशन्तियेऽसंभूति मुपासते

ततोभूयइवतेतमोयऽउसंभूत्यांरताः

જે મનુષ્ય કદી ઉત્પન્ન ન થવાવાળી પ્રકૃતિની ઉપાસના કરે છે તે અંધકાર અર્થાત્ સંસારમાં પડે છે. અને સંભૂતિ એટલે કાર્ય જગત્‌ની ઉપાસના કરે છે તે તેનાથી પણ અધિક અંધકારમાં પડે છે." હે ભાઈ ! પ્રકૃતિ અને તેના કાર્યની કોઇ પૂજા કરતું નથી. કેવલ ઇશ્વરની પૂજા કરવામાં આવે છે એ તમને અનેકવાર કહ્યું છે. એ મંત્રમાં પ્રકૃતિ અને તેનાં કાર્ય જગતને જે સત્ માને છે તેની નિંદા છે. સનાતનધર્મીઓ પ્રકૃતિ અને તેનું કાર્ય જે જગત્ તેને મિથ્યા માને છે. માત્ર બ્રહ્મનેજ સત્ય માને છે. એ દોષ તો તમારાપરજ આવે છે, કારણ કે તમે પ્રકૃતિને અનાદિ અને સત્ કહો છો. પ્રકૃતિ અને તેનું કાર્ય જે જગત્ છે તેને પણ તમે સત્ માનો છો. નામ અને રૂપનો બાધ કરી સનાતનધર્મી એક ચેતનનેજ માને છે. માટે અમારાપર કરેલો આક્ષેપ તમારે ગળે બાઝે છે.

પૂર્વપક્ષ-કૃપાનાથ! ખૂબ ક્રોધી. ઘણા મન્ત્રોના અર્થ સાયણ તથા મહિધર વિરુદ્ધ કરી નાખ્યા. સ્વામી તુલસીરામનો ભાસ્કર પ્રકાશ કિંવા પંડિત બાલકૃષ્ણનો માર્ત્તંડ પ્રકાશ જોવાની તસ્દી લીધી હોત, તો આવી રીતે મૂર્તિપૂજા સિદ્ધ કરવા કદી તત્પર થાત નહિ. તમારા જ્વાલાપ્રસાદે દયાનન્દ તિમિર ભાસ્કર નામનો ગ્રંથ રચ્યો હતો તેનું અમારા મેરઠનિવાસી સ્વામી તુલસીરામે એક ભાસ્કર પ્રકાશ લખી એવું તો નિર્મૂલ ખંડન કર્યું છે કે પંડિતજી ફરી ઉઠવા પામ્યાજ નથી. આજ સૂધી ભાસ્કર પ્રકાશનું ખડન કોઇ કરી શકયું નથી. તમારા જ્વાલા પ્રસાદે મૂર્ત્તિપૂજા માટે જે જે યુક્તિઓ આપી હતી તેને અમારા તુલસીરામે જડમૂલથી ઉખેડી નાખી છે. સાંભળો.

૧. મૂર્ત્તિને જોવાથી કારીગરનું જ્ઞાન થાય છે અને પૃથિવ્યાદિ જોવાથી ઇશ્વરનું જ્ઞાન થાય છે.

૨. પથ્થરમાં પરમેશ્વરનુ વિશેષ ચિન્હ શું છે ?

૩. મહારાણી એક દેશીય છે. ઇશ્વર સર્વ વ્યાપક છે.

૪. જીવ પરિચ્છિન્ન છે અને ઇશ્વર શરીરાદિની બહાર ભીતર સર્વવ્યાપક છે.

૫. ઇશ્વરના અપરિમિત પૃથિવ્યાદિ શરીરની પ્રતિમા બની શકતી નથી.

૬. મૂર્તિનું દર્શન પાપથી બચાવશે તો અદર્શન સમયમાં નિર્ભયતા થશે

૭. ભાવના સર્વત્ર કરો છો તો પુષ્પાદિને તોડીને મૂર્ત્તિ ઉપર કેમ ચઢાવો છો ?

૮. સર્વાંગ અચળ હોવાથી તે રોટલી આદિથી ચલાયમાન થતો નથી. શક્તિ હોય તો ઉત્તર આપો નહિ તો સીધી રીતે મૂર્ત્તિ પૂજા ખોટી છે એમ કહી દો.

ઉત્તરપક્ષ–હે ભાઇ ! તમે સાયણ તથ મહીધરને માનતા નથી છતાં શા માટે શરણે જાઓ છો ? અમે સાયણ તથા મહીધરને માનીએ છીએ. અમારા સાયણ તથા મહીધરે જે અર્થ કર્યા છે તે માન્ય રાખી પ્રમાણ અને યુક્તિપૂર્વક અમે અર્થ કરીએ છીએ. તમારા સ્વામી દયાનંદની પેઠે तरुतारं ઉપ થી તાર વિદ્યા શોધી કાઢતા નથી. તમારૂંજ ક્યાં ઠેકાણું છે ? સાંભળો ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકામાં સ્વામી દયાનંદે અગ્નિષ્વાત્તાનો અર્થ અગ્નિવિદ્યાનો જાણવાવાળો અથવા અગ્નિથી વિશેષ કાર્ય સિદ્ધ કરવાવાળો એન્જીનડ્રાઇવર કર્યો છે. આગરાના શાસ્ત્રાર્થમાં સમાજી ઉપદેશકોએ બળી ગયલા શબનાં પરમાણુ એવો અર્થ કર્યો છે. હવે તમને પૂછવામાં આવે છે કે તમે સ્વામી દયાનંદનો અર્થ સત્ય માનો છો કે સમાજી ઉપદેશકોનો ? યદિ કહો કે અમે સ્વામી દયાનંદનો અર્થ સત્ય માનીએ છીએ તો સમાજી ઉપદેશકોનો અર્થ ખોટો પડે છે. યદિ કહો કે અમે સમાજી ઉપદેશકોનો અર્થ માનીએ છીએ તો સ્વામી દયાનંદનો અર્થ ખોટો પડે છે. કહો હવે ઘેરાયા કે નહિ ? છૂટવાનો માર્ગ છે ? સ્વામી તુલસીરામે ભાસ્કર પ્રકાશમાં યમયમીનો અર્થ દિવસ ને રાત્રી કર્યો છે, અને માર્ત્તંડ પ્રકાશમાં પંડિત બાલકૃષ્ણે એવો અર્થ કર્યો છે કે ઇંદ્રિયોને નિયમમાં રાખવાવાળો યમ અર્થાત્ સંન્યાસી અથવા શરીર રોગાદિના કારણથી સ્ત્રી સંગ વર્જીત પુરુષ સંતાનની ઇચ્છા કરવા-

વાળી પોતાની સ્ત્રીને સંતાનને માટે નિયોગ કરવા કહે છે. જેમકે રાજા પાંડુએ પોતાની સ્ત્રી કુંતીને કહ્યું હતું. હવે તમને પૂછવામાં આવે છે કે તમે તુલસીરામનો અર્થ ખરો માનો છો કે બાલકૃષ્ણનો? યદિ કહો કે અમે તુલસીરામનો અર્થ ખરો માનીએ છીએ તો બાલકૃષ્ણનો અર્થ ખોટો ઠરે છે યદિ કહો કે અમ બાલકૃષ્ણનો અર્થ ખરો માનીએ છીએ તો તુલસી-રામનો અર્થ ખોટો પડે છે. હે ભાઈ! અસત્ ને સત્ કરવા તમે જે મથન કરો છો તે કેવળ હાસ્યજનક છે. આ મંત્રપરનું સાયણાચાર્યનું ભાષ્ય કયાં ગયું? હવે સાયણને કેમ ઉડાવી દો છો? સાયણથી વિરુદ્ધ અર્થ શામાટે કરો છો? યદિ કહો કે અમે સાયણને માનતા નથી તો પછી સાયણ આમ કહે છે ને તેમ કહે છે એમ બોલવાનો તમને અધિકાર શો છે? એમજ કહી દોની કે અમે તો ફાવતું આવે તેટલુંજ લખ્એ છીએ. બાકીનું સૃષ્ટિ વિરૂદ્ધ કહીએ છીએ. વાહ! વાહ! શું ચાલાકી વાપરો છો? યાદ રાખજો કે તમારી એ ચાલાકીમાં સુજ્ઞ પુરુષ કદી પણ ફસાઈ પડશે નહિ. ભાસ્કર પ્રકાશ તથા માર્ત્તંડ પ્રકાશ અમારી પાસે છે. અમે જોયા છે. ભાસ્કર પ્રકાશનું ખંડન થઈ ચૂકયુ છે. "ભાસ્કરાભાસનિવારણુ" વાંચો. બ્રાહ્મણ સર્વસ્વમાં તુલસીરામના અનેક લેખોનું નિર્મૂલ ખંડન કરવામાં આવ્યું છે હાલમાં કાલૂરામજી ભાસ્કર પ્રકાશનું ખંડન લખે છે. માર્ત્તંડ પ્રકાશમાં કશો દમ નથી. માત્ર અર્થને બદલી નાખી ભોળા લોકને ભમાવી નાખવા એજ તમારૂં કર્તવ્ય છે. તુલસીરામે દયાનંદના અર્થને પણ બદલી નાખ્યા છે એજ તમારો પરાજય છે. જ્યાંસૂધી બુદ્ધિ પહોંચે છે ત્યાંસૂધી અર્થને બદલી

નાખો છો, અને જ્યારે બુદ્ધિ કાંઇજ કામ કરતી નથી ત્યારે એ તો ક્ષેપક છે, સૃષ્ટિ વિરૂદ્ધ છે, સાયન્સ વિરુદ્ધછે એમ કહીદો છો. ભલા પરમેશ્વરે પ્રથમ અગ્નિ અંગિરાઆદિ ચાર ઋષિઓને ઉત્પન્ન કર્યા એ સૃષ્ટિ વિરૂદ્ધ નથી ? માબાપના સંયોગ વિના ક્યાંથી ઉત્પન્ન થયા ? નિરાકાર પરમાત્માએ તેઓને વેદ કેવી રીતે આપ્યા ? શું એ બધું સાયન્સ વિરુદ્ધ નથી ?

દયાનન્દ તિમિર ભાસ્કર એક એવો તો ઉત્તમ ગ્રન્થ છે કે તેનું ખંડન કરવા આર્યસમાજનો કોઇ પણ પંડિત સમર્થ નથી. ભાસ્કર પ્રકાશમાં માત્ર અર્થ બદલી નાખી આનું તાત્પર્ય તો આમ છે એમ કહી મિથ્યા ખંડન કરવાનો પ્રયાસ કર્યો છે. તુલસીરામ સ્વામી અનેક સ્થલે ગબડી પડયા છે. મેં કહ્યું કે સૂર્ય તેજસ્વી છે. તમે કહ્યું કે ના તેજસ્વી નથી. એતો તેજ રહિત છે. શું આનું નામ ખંડન છે ? જે વસ્તુ મિથ્યાછે તે સત્ શી રીતે થશે ? ધર્મદિવાકર, ભાસ્કરાભાસનિવારણ વગેરે ગ્રંથોમાં ભાસ્કર પ્રકાશનું ખંડન થઇ ચૂક્યું છે છતાં તમે કહો છો કે આજ સૂધી ભાસ્કર પ્રકાશનું ખંડન કોઈ કરી શકયું નથી તે કેટલું બધું મિથ્યા છે ? પંડિત જ્વાલાપ્રસાદે આપેલી યુક્તિઓ ઘણી ઉત્તમ છે, પરંતુ તુલસીરામ તો તેમાં દોષજ જોવા બેઠા, જેની દૃષ્ટિ દોષથી ભરાઈ ગયેલી છે તે ઉત્તમ વસ્તુને પણ અધમ માને છે. કમલા-વાળો શ્વેત શંખને પણ પીળો દેખે તેથી શું શંખ પીળો થઇ જાય છે ? ફુદડી ફરનાર ઘરને પણ ફરતું દેખે છે તેથી શું ઘર ફરે છે ? તમે કહ્યું કેઃ—"મૂર્ત્તિને જોવાથી કારીગરનું જ્ઞાન થાય છે અને પૃથિવ્યાદિ જોવાથી ઇશ્વરનું જ્ઞાન થાય છે."

હે ભાઈ! આતે તુલસીરામજીનો કેવો પ્રશ્ન? સ્વામી દયાનન્દનો ફોટો જોઈ તમને દયાનન્દનું સ્મરણ થાય છે કે ફોટો પડનારનું? જરા તમારો સત્યનો નિયમ સ્મૃતિમાં લાવી સાચું કહી દો. પૃથિવ્યાદિ જડવસ્તુ દ્વારા ઇશ્વરનું જ્ઞાન થાય છે એ તો તુલસીરામે માની લીધું છે. હવે આપ વિચારો. મૂર્ત્તિ શું પૃથિવીની બહાર છે? શું અત્રે તુલસીરામે મૂર્ત્તિ માની લીધી નથી? તમે કહ્યું કે:–"પથ્થરમાં પરમેશ્વરનું વિશેષ ચિન્હ શું છે?"

હે ભાઈ! એના ઉત્તરમાં કહેવાનું કે તમે ગુરુના કપાળે ચંડન ચોપડો છો તો કપાળમાં ગુરુપણાનું વિશેષ ચિન્હ શું છે? ઇશ્વરની મૂર્ત્તિમાં જેવો પ્રેમ ઉત્પન્ન થાય છે તેવો પ્રેમ અન્ય પદાર્થથી ઉત્પન્ન થતો નથી. સનાતન ધર્મી તો ઝાડ, પહાડ, નદી, સરોવર વગેરેમાં ઇશ્વરની સત્તા માને છે. માત્ર તમેજ ઇશ્વરને એક દેશી બનાવી દીધો છે. ઇશ્વરની દરેક કૃતિને અમે પુજય માનીએ છીએ. તમે ના માનતા હો તો તમારી મરજી. તમારો હાથ કોણ પકડે છે? તમે કહ્યું કે:–"મહારાણી એક દેશીય છે. ઇશ્વર સર્વ વ્યાપક છે." હે ભાઈ! એનો ઉત્તર સાંભળો.

જ્યારે એક દેશીય વસ્તુ ભક્તિથી પ્રસન્ન થાય છે ત્યારે સર્વ વ્યાપક પ્રસન્ન કેમ નહિ થાય? શું તે અમારી પ્રાર્થના સાંભળતો નથી? યદિ ના કહો તો પછી તેને સર્વજ્ઞ કોણ કહેશે? શું તે એમ માને છે કે મારો ભક્ત તો પાષાણની પૂજા કરે છે માટે હું એનાથી દૂર રહું? શું ઇશ્વરમાં રાગ દ્વેષ છે? જો ઇશ્વરમાં રાગ દ્વેષ હોય તો પછી મનુષ્ય ને ઇશ્વરમાં ફેર શો? શું તે અમારા અનન્ય પ્રેમનો બદલો નહિ આપે? મંદિરમાં જનાર મનુષ્ય શું એમ

માને છે કે હું તો પાષાણુની પૂજા કરવા જાઉં છું. ઈશ્વરની પૂજા કરવા જતો નથી તમે કહ્યું કે:–" જીવ પરિચ્છિન્ન છે અને ઈશ્વર શરીરાદિની બહાર ભીતર સર્વવ્યાપક છે "

હે ભાઈ! જીવને પરિચ્છિન્ન માનવો એ કેવળ અવિદ્યાનુજ પરિણામ છે. તમે જીવને પરિચ્છિન્ન માન્યો તો તમને પૂછવામાં આવે છે કે તમારો માનેલો જીવ સાકાર છે કે નિરાકાર ? યદિ કહો કે સાકાર છે તો તેનો કોઇ કાલે નાશ થઇ જશે. કારણુ કે જન્ય વસ્તુ નાશવંતજ હોય છે. યદિ કહો કે અમારો જીવ નિરાકાર છે તો ઇશ્વર નિરાકારને જીવ નિરાકારમાં ભિન્નતા શી છે તે બતાવો. યદિ ભિન્નત્વ સિદ્ધ ના કરી શકો તો જીવ અને ઈશ્વર ભિન્ન છે એમ કેમ કહો છો? યદિ એમ કહો કે અલ્પજ્ઞ તે જીવ અને સર્વજ્ઞતે ઇશ્વર છે તો તમને પૂછવામાં આવે છે કે જીવમાં અલ્પજ્ઞત્વ છે તે સ્વાભાવિક છે કે ઔપાધિક? યદિ કહો કે સ્વાભાવિક છે તો જેવી રીતે અગ્નિમાં રહેલી સ્વાભાવિક ઉષ્ણુતાનો કદી નાશ થતો નથી, તેવી રીતે સ્વાભાવિક અલ્પજ્ઞત્વનો નાશ કદી થશે નહિ. અને તેથી આર્યસમાજમાં કોઈ જીવ મુક્તજ થશે નહિ. યદિ કહો કે જીવમાં જે અલ્પજ્ઞતા છે તે ઔપાધિક છે તો જેવી રીતે ઘટની ઉપાધિનો નાશ થવાથી ઘટાકાશ મહાકાશ છે તેવી રીતે અવિદ્યાનો નાશ થવાથી જીવ તે શિવજ છે. હે સમાજી! તમે જીવને અનાદિ માનો છો, પરંતુ હે ભાઇ! જે વસ્તુ પરિચ્છિન્ન હોય છે તે નાશવંત હોય છે તે કદી અનાદિ હોઈ શકતી નથી. હે ભાઇ! જેવી રીતે સ્થૂલ શરીરની પૂજા કરવાથી જીવ પ્રસન્ન થાય છે, તેવી રીતે મૂર્ત્તિની પૂજા કરવાથી મૂર્ત્તિમાં રહેલો ઈશ્વર પ્રસન્ન

થાય છે. એમાં શું તુલસીરામે રાખ ખંડન કર્યું ? વેદાંતનો સિદ્ધાંત જાણ્યા વિના જીવને પરિચ્છિન્ન લખવો એ કેવળ ભૂલભરેલું છે. તમે કહ્યું કેઃ—" ઈશ્વરના અપરિમિત પૃથિવ્યાદિ શરીરની પ્રાતમા બની શકતી નથી." હે ભાઈ! અત્રે તુલસીરામ પૂરેપૂરા ફસાયા. પૃથિવ્યાદિને ઇશ્વરનું શરીર માની લીધું. સાચી વાત પરમેશ્વરજ લખાવે છે. શું તમે પિતાની પૂજા કરો છો તે આખા શરીરની પૂજા કરો છો? શું મસ્તકપર ફૂલ ચઢાવવાથી પિતાની અથવા ગુરુની પૂજા થઇ એમ તમે નથી માનતા ? જેવી રીતે મસ્તકપર પુષ્પ ચઢાવવાથી આખા શરીરની પૂજા થઈ જાય છે તેવી રીતે મૂર્ત્તિની પૂજા કરવાથી ઈશ્વરના વિરાટ સ્વરૂપની પૂજા થઇ જાય છે.

આપે કહ્યું કેઃ-મૂર્ત્તિનું દર્શન પાપથી બચાવશે તો અદર્શન મમયમાં નિર્ભયતા થશે." હે ભાઇ ! જે ન્યાયને માર્ગે ચાલનાર છે તે ઇશ્વરને સારી રીતે ઓળખે છે. તે કદી પણ ઇશ્વરનો ડર મૂકી પાપકર્મ કરવામાં પ્રવૃત્તિ રાખતો નથી. મૂર્ત્તિના દર્શન સમયે તેમજ અન્ય સમયે ભક્ત ઈશ્વરનીજ ભક્તિમાં લીન રહે છે. એમાં તમે મૂર્ત્તિપૂજાનું ખંડન શું કર્યું ? તમે નિરાકાર ઇશ્વરની સ્તુતિ કરો છો ત્યારે તે પ્રસન્ન થાય છે અને નથી કરતા ત્યારે અપ્રસન્ન રહે છે ? આવી હસવા જેવી દલીલથી તમે મૂર્ત્તિપૂજાનું ખંડન કરવા નિકળ્યા છો કે ? વાહ! વાહ ! ઠીક ચતુરાઇ વાપરી ! શિશિર ઋતુમાં શીતથી કંપતો મનુષ્ય જો અગ્નિ સમીપ જાય છે તો ટાઢ ઉડી જાય છે એમાં અગ્નિમાં કાંઇ રાગદ્વેષ નથી, તેમ શુદ્ધ ભક્તિથી જે ઈશ્વર સમીપ જાય છે તેનાં પાપો દૂર થાય છે એમાં કાંઇ ઇશ્વરમાં રાગદ્વેષ નથી.

યદિ કહો કે ઇશ્વર સમીપ જવાથી પાપો દૂર થતાં નથી. તો એ કહેવું ઉચિત નથી. અગ્નિમાં નાખેલો પદાર્થ ભસ્મીભૂત ના થઇ થઇ જાય તો અગ્નિનું અગ્નિપણું શું રહ્યું? તેમ ઇશ્વર સમીપ જવાથી પાપો રહે તો ઇશ્વરનું ઈશ્વરત્વ શું રહ્યું? તમે કહ્યું કેઃ-"ભાવના સર્વત્ર કરો છો તો પુષ્પને તોડીને મૂર્ત્તિ ઉપર કેમ ચઢાવો છો?" હે ભાઇ! એનો ઉત્તર દેવાઈ ગયો છે. તમે પણ ઇશ્વરને સર્વવ્યાપક માનો છો છતાં અમૂક દિશાએજ બેસીને શા માટે પ્રાર્થના કરો છો? પુષ્પોને તોડી ચઢાવ્યાથી ઈશ્વરનો સત્કાર થાય છે. પુષ્પ કાંઈ ઈશ્વર નથી તેમ મૂર્ત્તિ પણ ઇશ્વર નથી. અમે તો પરમાત્માની પૂજા કરીએ છીએ. વસ્તુની નહિ. એક ઘડાને ફોડવાથી તેમાં રહેલું આકાશ નાશ પામતું નથી, તેમ પુષ્પને તોડવાથી પરમાત્મા નાશ પામતો નથી કારણ કે તે વિભુ છે. દરેક વસ્તુ આપણી નથી, એમ જાણી તેનાપર અભાવ આણી પરમાત્માને અર્પણ કરી દેવી એનું નામજ સાચી ભાવના છે. ભાવવાનું સ્વરૂપ તમને વિસ્તાર પૂર્વક સમજાવ્યું છે. પક્ષપાત મૂકી વિચાર કરશો તો રહસ્ય સમજાઈ જશે. જ્યાં પક્ષપાત હોય છે ત્યાં સત્ય કદી પણ રહી શકતું નથી. તમે કહ્યું કેઃ—"ઇશ્વર સર્વગ અચલ હોવાથી તે રોટલી આદિથી ચલાયમાન થતો નથી." હે ભાઈ! ઠીક કહ્યું. એવી રીતે પાષાણ વગેરેના કટકા થવાથી પરમાત્મા ચલાયમાન થતો નથી કારણ કે તે વ્યાપક અને સૂક્ષ્મથી સૂક્ષ્મ છે. સ્થૂલ વસ્તુના નાશથી સૂક્ષ્મ વસ્તુનો નાશ કદી થતો નથી. જો તમે પદાર્થ વિદ્યાનો વિચાર કર્યો હોત તો આવી નકામી શંકા તમારા મનમાં કદાપિ ઉપસ્થિત થાત નહિ

પૂર્વપક્ષ—હે ભાઇ કૃપા કરી મારા થોડા પ્રશ્નો સાંભળો.

૧—અનંતનો આકાર કેવી રીતે હોઈ શકે ?

૨—અતિ સૂક્ષ્મનો આકાર માની શકાતો નથી.

૩—અજ્ઞાત પદાર્થના આકારની કલ્પના થઈ શકતી નથી.

૪—ઇશ્વરને સાકાર માનશો તો તે સર્વવ્યાપક કેવી રીતે રહી શકશે ?

૫—પરમેશ્વરે સુગન્ધિ યુક્ત પુષ્પાદિ પદાર્થ દુર્ગંધ દૂર કરવાને માટે તથા આરોગ્યતા આપવાને માટે બનાવ્યાં છે. પુષ્પોને તોડી તમે સુગંધિનો નાશ કરી નાખો છો.

૬—અંબાદિની મૂર્ત્તિ જોવાથી શુદ્ધ ભાવ ઉત્પન્ન થતો નથી, પરંતુ વૃત્તિમાં બગાડો થાય છે.

૭—મૂર્ત્તિપૂજાથી મન સ્થિર થતું નથી, પરંતુ યોગ સેવનથી થાય છે

૮—મૂર્ત્તિ પૂજનાર એમજ સમજે છે કે મૂર્ત્તિ એજ ઇશ્વર છે. વેદાદિ શાસ્ત્રમાંથી ઈશ્વરનું સ્વરૂપ જાણી તે કદી કૃતાર્થ થતો નથી

૯—મૂર્ત્તિપૂજા કરવાથી મનુષ્ય પ્રમાદી બની જાય છે. પ્રમાદ એજ મૃત્યુ છે એમ મહર્ષિ વ્યાસ કહે છે.

૧૦—ઉપનિષદ્‌માં જ્ઞાનનો માર્ગ બતાવ્યો છે ત્યાં મૂર્ત્તિપૂજાથી ચિત્ત સ્થિર થાય છે એમ બતાવ્યું નથી.

હે બંધુ ! દશ પ્રશ્નો પૂછ્યા છે તો ઉત્તર સાંભળો.

૧. આકાશ અનંત છે, પરંતુ તેનો સૂક્ષ્મ આકાર અવસ્ય છે. જો આકાશને કેવલ નિરાકાર માનશો તો આકાશમાંથી વાયુ

ઉત્પન્ન થશે નહિ. શ્રુતિમાં આકાશની ઉત્પત્તિ કહી છે. ઉત્પત્તિવાળે પદાર્થ કદીપણ નિરાકાર હોઈ શકે નહિ. વળી સાંભળો. કાલ અનંત તથા અખંડ છે. શું વિદ્વાનોએ કાલને જાણવા માટે માસ, વર્ષ, ઘડી આદિ અનેક વિભાગ પાડી નાખ્યા નથી? શું ઘડીઆલ આદિથી અનંતકાલની ગતિ જણાતી નથી? યદિ જણાય છે તો મૂર્તિથી પરમાત્માનું જ્ઞાન કેમ નહિ થાય?

૨. આકાશ અતિ સૂક્ષ્મ છે. અગ્નિ અતિ સૂક્ષ્મ છે પરંતુ તેનો આકાર અવશ્ય છે. તેમ ઇશ્વનો આકાર અવશ્ય છે. જેમ સૂક્ષ્મ રૂપમાંથી અગ્નિ સ્થૂલ રૂપમાં આવી શકે છે, તેમ પરમાત્મ અતિ સૂક્ષ્મ રૂપમાંથી સ્થૂલ રૂપમાં આવી શકે છે. સ્થૂલ રૂપમ આવ્યા છતાં અગ્નિ વ્યાપક રહે છે, તેમ પરમાત્મા સૂક્ષ્મ રૂપમાંથ સ્થૂલ રૂપમાં આવ્યા છતાં વ્યાપકજ રહે છે.

૩. જે પદાર્થ અજ્ઞાન હોય તે પદાર્થ નિરાકારજ હોય છે એ તમે કયા પ્રમાણથી સિદ્ધ કરો છો? સાકાર જગતને જોઈ સાકાર ઇશ્વરનું અનુમાન થઈ શકે છે.

૪. જેવી રીતે સાકાર આકાશ સર્વમાં વ્યાપક છે, વળી જેવી રીતે સાકાર દૂધમાં સાકાર ઘૃત વ્યાપક છે, સાકાર પાષાણમાં સાકાર અગ્નિ વ્યાપક હોય છે, તેવી રીતે સાકાર પદાર્થોમાં સાકાર ઈશ્વર વ્યાપક છે.

૫ તમારો પાંચમો પ્રશ્ન કેવલ હસવા જેવો છે તોપણ ઉત્તર આપું છું તે સાંભળો. શું પુષ્પને તોડવાથી બાગનો નાશ થાય છે? શું ઇશ્વરે બનાવેલાં પુષ્પો મૂર્ત્તિપર ચઢાવ્યાથી મહાન્ પુણ્ય થતું નથી? હજારો વર્ષથી મૂર્ત્તિ ઉપર પુષ્પ ચઢે છે છતાં તેઓ

ખૂટતાં નથી. પરમેશ્વરે જે વસ્તુ બનાવી છે તેનો ઉપયોગ સમજીને કરવાનો છે. વાડીમાં પુષ્પો મોટી સંખ્યામાં ઉત્પન્ન થાય છે જો તેઓને તોડી સદ્‌ઉપયોગ કરવામાં આવતો નથી. તો અંતે કરમાઈ જાય છે.

૬ અંબાની મૂર્ત્તિ જોવાથી તમને શુદ્ધ ભાવ ઉત્પન્ન થતો ના હોય તો ભલે. જેની વૃત્તિમાં વિકાર છે તે ઉત્તમ વસ્તુને અધમનુંજ રૂપ આપે છે.

૭ મૂર્ત્તિ પૂજાથી મન અવશ્ય સ્થિર થાય છે. પીઠની હાડકીમાં મન સ્થિર થાય અને મૂર્ત્તિ પૂજાથી ના થાય એ શું હસવા જેવું નથી? યોગ સૂત્રમાં કહ્યું છે. **यथाभिमतध्यानाद्वा** કહો હવે મૂર્ત્તિ પૂજાથી મન સ્થિર થાય છે કે નહિ ?

૮ જેને મૂર્તિ પૂજાપર ભાવ હોય છે તે વેદાદિ શાસ્ત્રનું રહસ્ય સારી રીતે જાણી શકે છે, કારણકે ઈશ્વરની ભક્તિથી તેનું મન કોમલ થઈ ગયેલું છે. ભક્તિ વડે ઈશ્વરનું સત્ય સ્વરૂપ જણાય છે **अनिर्वचनीयं प्रेमस्वरूपं.**

૯ મૂર્તિ પૂજા કરવાથી મનુષ્ય પ્રમાદી બનતો નથી. તેને ઇશ્વર પૂજન કરવાનો નિરંતર ઉત્સાહ રહે છે. જેઓ મૂર્ત્તિ પૂજા કરતા નથી, તેઓ વિશેષ પ્રમાદી બની જાય છે માત્ર નિરાકાર નિરાકારનો ડંકો વગાડી કૃતાર્થતા માની લે છે.

૧૦—વેદના ત્રણ કાંડ છે. કર્મ, ઉપાસનાને જ્ઞાન. હે ભાઇ ! મનુષ્ય ત્રણ વસ્તુથી ઘેરાયલો છે. મલ, વિક્ષેપને આવરણ, નિષ્કામ કર્મથી મલનો નાશ થાય છે. ઉપાસનાથી વિક્ષેપનો નાશ

થાય છે, અને જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થાય છે. ઉપનિષદ્‌માં જ્ઞાનજ પ્રતિપાદન કર્યું છે. પરંતુ તેમાં મૂર્ત્તિ પૂજાનો કોઈ સ્થલે નિષેધ કર્યો નથી. વેદના અનેક પ્રમાણ આપ્યાં છે તેનો તમે વિચાર કરો. છેવટે વિનંતિ કરૂં છું કે મેં જે કહ્યું છે તેનો સંપૂર્ણ વિચાર કરજો. આપણે બધા ભાઇઓ છીએ. માટે સંપથી રહીશું તોજ આપણો ઉદય થશે. આટલું આટલું કહ્યા છતાં પણ મૂર્ત્તિ પૂજા પર તમને પ્રેમ ઉત્પન્ન ના થતો હોય તો તમે ના માનો, પરંતુ જેઓ માને છે તેઓની મિથ્યા નિંદા કરવી છોડી દો. પરમાત્મા તમારૂં કલ્યાણ કરે.

છપાવી પ્રસિદ્ધ કરનાર-કવિ જનસુખરામ નરહરરામ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-ખપાટીઆ ચકલા-સુરત.

છાપનાર-મહુભાઈ ભાઈદાસ.
છાપવાનું ઠેકાણું-મુ. અ. નાગરી સુરત "ચંદ્ર" પ્રિન્ટીંગ પ્રેસ
ખપાટીઆ ચકલા—સુરત.